
# યુગ શક્તિ ગાયત્રી

મે ૧૯૯૭





**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


૧. અંતઃકરણના પોકારને સાંભળીએ ૧
૨. પરાવસનું પ્રાયશ્ચિત ૨
૩. પરમાત્મા શાશ્વત કાળ છે ૩
૪. ઈશ્વરની પ્રાર્થના ૫
૫. ગાયત્રી, ગૌ, ગીતા અને ગંગાજી ૭
૬. સ્વાધ્યાય પ્રક્રિયા અંદરના દરવાજા ખોલે છે ૯
૭. યદા યદા હિ ધર્મસ્ય..... ૧૨
૮. ધર્મો રક્ષતિ રક્ષિતઃ (ધર્મનું રક્ષણ કરનારની રક્ષા થાય છે.) ૧૫
૯. હસતું-હસાવતું મસ્તી ભર્યું જીવન જીવો ૧૮
૧૦. હે મા ભક્તિ ! માનવનો ઉદ્ધાર કરો ૨૧
૧૧. જિત દેખું તિત લાલ ૨૫
૧૨. સાંઈ આટલું આપો..... ૨૭
૧૩. સન્માન વૈભવને નહીં, ગુણોને મળે ૨૯
૧૪. રહિમન ધાગા પ્રેમ કા..... ૩૧
૧૫. પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી (ગાયત્રી તપોભૂમિમાં ઓક્ટોબર ૧૯૫૮ની સાધના શિવિરમાં આપેલું પ્રવચન) ૩૪
૧૬. અપનોં સે અપની બાત (સંસ્કાર મહોત્સવો શા માટે ?) ૪૩
૧૭. ...હવે સંઘર્ષની રાહ પર ૪૪
૧૮. આત્મીય અનુરોધ ૪૮


## શ્રધ્ધાંજલિ સમારોહ

આગામી ગાયત્રી જયંતિ પર્વ પર યુગ ઋષિ પરમ પૂજ્ય ગુરુદેવની તપસ્થળી ગાયત્રી તપોભૂમિ, મથુરામાં પ્રખર પ્રજ્ઞા-સજલ શ્રધ્ધાની સ્થાપનાનું કાર્ય પૂર્ણ થતાં શ્રધ્ધાંજલિ સમારોહનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમમાં પધારવા આપ સૌને ભાવભર્યું આમંત્રણ છે.

આ વિશેષ કાર્યક્રમમાં ભાગ લેવા તા. ૧૩-૬-૯૭ ની સાંજ સુધીમાં ગાયત્રી તપોભૂમિ, મથુરા પહોંચી જવું, તા. ૧૪-૧૫ના રોજ વિશેષ પૂજન સાથે આયોજન સંપન્ન થશે. કાર્યક્રમમાં આવતા પૂર્વ સ્વીકૃતિ મંગાવી લેવી જરૂરી છે.




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી

સંસ્થાપક/સંરક્ષક :
વેદમૂર્તિ તપોનિષ્ઠ યુગદૃષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા

સંપાદક :
પં૦ લીલાપત શર્મા

કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા-૨૮૧ ૦૦૩
ટેલિફોન :
(૦૫૬૫)૪૦૪૦૦૦,૪૦૪૦૧૫

વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા
આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા
વિદેશનું લવાજમ
વાર્ષિક : ૧૦ પાઉન્ડ/૧૫ ડોલર/ ૪૦૦ રૂપિયા
આજીવન : ૧૦૦ પાઉન્ડ/ ૧૫૦ ડોલર/ ૪૫૦૦ રૂપિયા
વર્ષ - ૨૭ અંક - ૫
મે - ૧૯૯૭

## અંતઃકરણના પોકારને સાંભળીએ

જ્યારે મનુષ્ય એકાંતમાં હોય છે ત્યારે કોઈ પાપ કરવામાં તેને ભય અને શંકા શાને લીધે થતી હોય છે? તેને વારંવાર એમ કેમ લાગે છે કે કોઈ તેના પાપને જોઈ રહ્યું છે ? તેનું શરીર તે પાપ કર્મ કરવામાં કેમ ઉત્સાહિત રહેતું નથી ? અને તે પછી પણ તે કેમ પોતાને ગુનેગારની જેમ પાપી સમજે છે ? શું કદી કોઈ એ વિચારે છે કે જ્યારે તેના પાપને જોનાર કોઈ હાજર નથી તો ભય કોનો છે ? આમ કરવામાં તેને કોણ નિઃશબ્દ રોકી અને ટોકી રહ્યું છે ? તેના મન, પ્રાણ અને શરીરમાં કાણ ધ્રુજારી પેદા કરી રહ્યું છે ?

નિઃસંદેહ મનુષ્યને તેનું અંતઃકરણ તેને પાપથી દૂર રહેવામાં વિવિધ પ્રકારની ભયજનક શંકાઓ અને કલ્પના કરાવીને પાપ ન કરવાનો સંકેત આપતું રહે છે. જે મનુષ્ય પોતાના આ અંતઃકરણના સંકતોની ઉપેક્ષા કરતો નથી તે પાપ કર્મથી બચી જાય છે અને જે મનુષ્ય તેની અવગણના કરીને તેમ કરે છે, તેનું અંતઃકરણ એકને એક દિવસે સાક્ષી આપીને તેને દંડનો ભાગીદાર બનાવે છે. કોઈનું પાપકર્મ દુનિયાથી છુપાઈ શકતું નથી. તેની પ્રત્યેક ક્રિયા અને વિચાર પાપની પ્રબંળ અને સાચી સાક્ષી પૂરે છે. જ્યારે કોઈ કારણવશ મનુષ્યને પોતાના પાપનો દંડ કોઈ અન્યથી મળતો નથી ત્યારે સમય આવ્યે તેનું અંતઃકરણ તેને સ્વયં શિક્ષા કરે છે. આપણે અંતઃકરણમાં રહેલા પરમાત્માના અવાજને સાંભળીએ અને તેનું અનુકરણ કરીએ એ જ આપણા માટે યોગ્ય લેખાશે. અંતઃકરણના પોકારને સાંભળીએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પરાવસુનું પ્રાયશ્ચિત

"ગુરુદેવ ! મારા અંતઃકરણમાં પાપની ભાવના ન હતી. બીજાની દૃષ્ટિમાં લક્ષા વેશ્યા હશે, પરંતુ મારી દૃષ્ટિમાં તે વિશ્વવ્યાપી અંતઃચેતનાનું જ એક અંગ- એક આત્મા છે. લક્ષાની જીવનચર્યા કેવી છે ? શારીરિક સૌંદર્ય પર આત્માનો પ્રકાશ બુઝાવી દેનારા કીટ-પતંગિયાનું બલિદાન જોવાની જિજ્ઞાસા મને ત્યાં ખેંચી ગઈ. આર્યશ્રેષ્ઠ ! લક્ષાનું સૌંદર્ય અવર્ણનીય છે. તેના પ્રત્યે મને સહેજ પણ આકર્ષણ ન હતું. પ્રમાદને લીધે શરાબપાત્રને મેં જળપાત્ર સમજીને દારૂ પી લીધો. બસ, આટલો જ મારો દોષ છે અને તેનું હું શાસ્ત્ર સંમત પ્રાયશ્ચિત કરવા તૈયાર છું."

પરાવસુનો આ સંવાદ સાંભળીને સમગ્ર ગુરુકુલ સ્તબ્ધ થઈ ગયું. આચાર્ય દેવધર ઊભા થયા અને બોલ્યા, શાસ્ત્રીય મર્યાદા મુજબ વેશ્યાગમન અને મદ્યપાનનું પ્રાયશ્ચિત એ છે કે પીગાળેલું સોનું પીવડાવામાં આવે અને ત્યાર પછી પાપી પરાવસુ વારાણસીની પદયાત્રા કરે અને પવિત્ર ગંગાસ્નાન કરે. આમ થાય ત્યારે જ આ પાપથી મુક્તિ મળી શકે છે.

અનેક પંડિતો તથા આચાર્યોએ પોતપોતાની સંમતિઓ રજૂ કરી. તે બધાનો આશય એવું પ્રાયશ્ચિત કરાવવાનો હતો જે કાં તો પરાવસુના પ્રાણ લઈ લેત કે તેને જીવનપર્યંત અપંગ બનાવી દેત. પરાવસુ ધર્મનિષ્ઠ સ્નાતક હતા. તેઓ ધાર્મિક માન્યતાઓનું રક્ષણ કરવા માટે કહ્યા મુજબનું કરવા તૈયાર પણ હતા, પરંતુ અંધમાન્યતાઓનું અનુસરણ કરવાનો તેમનો સ્વભાવ ન હતો. પરાવસુએ તેજસ્વી વાણીમાં કહ્યું, ભૂલથી પગને પાણીના બદલે અગ્નિમાં પડવાનું કર્મફળ પોતપોતાની રીતે મળી જાય છે. મને પ્રમાદનું ફળ પેટપીડા અને મૂર્છાના રૂપમાં પહેલેથી જ મળી ગયું છે. સામાન્ય ભૂલ માટે પ્રાણ લેવાની પરંપરા ધર્મની પડતીનું કારણ બની શકે છે. આથી વિદ્વાનોએ આ માન્યતાઓ પર પુનઃ વિચાર કરવો જોઈએ. મારી પવિત્રતાની પરીક્ષા લેવામાં આવે તો બેશક હું તેને માટે તૈયાર છું.

પરાવસુના તર્કનો કોઈએ વિરોધ ન કર્યો. મહામાત્ય ભર્તૃયજ્ઞ પણ ત્યાં હાજર હતા. તેમણે ઊભા થઈને કહ્યું, "જો પરાવસુ વાસ્તવમાં હૃદયથી પવિત્ર છે તો એમને આજે સમગ્ર સભામાં પોતાની પવિત્રતા સાબિત કરવી પડશે. લક્ષાને અહીં જ બોલાવવામાં આવે. તેને પ્રિયજનને મળવા જવા માટેના સંપૂર્ણ પોષાક અને આભૂષણોથી શણગારવામાં આવે. તે સમયે પરાવસુ લક્ષાનું સ્તનપાન કરે. જો એમની આત્માની પવિત્રતા લક્ષામાં માતૃભાવના જન્માવે અને તેના મનમાં વાસનાના બદલે વાત્સલ્ય ઊમટી પડે તો એમ માનવામાં આવશે કે પરાવસુ શુદ્ધ છે, નહીંતર એમને શાસ્ત્રીય મર્યાદા મુજબ જ દંડ ભોગવવો પડશે.

પરંતુ આચાર્ય દેવધરે પ્રશ્ન પૂછ્યો કે આ વાતની યથાર્થતા કેવી રીતે સાબિત થશે ? ભર્તૃયજ્ઞે સમાધાન કર્યું, તે સમયે લક્ષાના સ્તનમાં દૂધ ઊભરાશે અને તે દૂધથી અશુદ્ધ થયેલું પરાવસુનું મોં તાત્કાલિક શુદ્ધ થઈ જશે.

નિર્ધારિત વાત મુજબ યોજના થઈ. હવે એકવીસ વર્ષની પ્રશંસાપાત્ર સુંદરી લક્ષા અને ૨૪ વર્ષના પ્રબળ શક્તિશાળી પરાવસુની વિલક્ષણ પરીક્ષા હતી. લક્ષાએ રાજકીય પોષાકમાં સભામંડપમાં પ્રવેશ કર્યો. સમગ્ર વાતાવરણ અડધી રાત્રીની નીરવતા જેવું સ્તબ્ધ થઈ ગયું. પરાવસુએ પરમ કલ્યાણી ભગવતી સરસ્વતીનું આવાહન કર્યું. તેને સંપૂર્ણ જગત કલાની દેવી-જગત્ જનનીના રૂપમાં દેખાવા લાગ્યું. એક નાના બાળકનો ભાવ ધરીને તેઓ આગળ વધ્યા અને ભાવવિભોર થઈને તેમણે લક્ષાના ખોળામાં બેસીને તેનું જમણું સ્તન મોંમાં લઈ લીધું. લક્ષાએ પરાવસુના કોમળ વાળ પર આંગળીઓ ફેરવી અને તેના સ્તનમાંથી દૂધની ધારા ફૂટી પડી. પરાવસુનુ મોં દૂધથી ભરાઈ ગયું. સાધુવાદ (પવિત્રતા)થી સમગ્ર સભા ગૂંજી ઊઠી. પરાવસુની પવિત્રતાનો સ્વીકાર કરવામાં આવ્યો.

પરાવસુ જેવી ચારિત્ર્યનિષ્ઠાની તુલના આજે કોણ કરી શકે છે ?



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પરમાત્મા શાશ્વત કાળ છે

ગીતાના 'વિભૂતિયોગ'માં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, **"અહમેવાક્ષયઃ કાલો"** અર્થાત્ હું શાશ્વત સમય છું. સમયની શાશ્વત ધારામાં સર્વ કંઈ ક્ષીણ થાય છે, પરિવર્તન સિવાય બધું બદલાતું રહે છે. બદલાવા સિવાય સર્વ કંઈ બદલાઈ જાય છે. જે કંઈ આ પળે છે તે બીજી પળે રહેતું નથી. તેથી જ યૂનાની દાર્શનિક હેરાક્લાઈટસે કહ્યું હતું કે એક નદીમાં બે વખત ઉતરવું સંભવ નથી. નદીમાં બે વખત ભલા કેવી રીતે ઉતરીશું ? કારણ કે જ્યારે આપણે બીજી વખત નદીમાં ઉતરવા જઈશું ત્યારે નદી વહી ગઈ હશે. નદીના જે પાણીને આપણે પહેલી વખત સ્પર્શ કર્યો હતો, હવે બીજી વખત તેનો સ્પર્શ કોઈ પણ પ્રકારે શક્ય નથી. નદી વહેતી રહે છે, વહેતાં રહેવું તેનું નામ જ નદી છે. વહેણ સતત છે, પ્રવાહ શાશ્વત છે, પરંતુ પાણી પરિવર્તનશીલ છે.

જીવનની નદી પણ તેવી જ સતત છે. તેમાં પણ કંઈક તે પ્રકારનું વહેણ છે. જિંદગીમાં પણ બીજી વખત તે જગ્યા પર ઊભા રહેવું અસંભવ છે. પહેલી વખત જોયેલી ચીજને બીજી વખત જોવી પંણ સંભવ નથી, પરંતુ આપણે ભ્રમમાં રહીએ છીએ. આપણે વિચારીએ છીએ કે દરરોજ તે જ સૂરજ ઊગે છે, પરંતુ સૂરજમાં તો દરેક પળે પરિવર્તન થતું રહે છે. જેમ દીપકની જ્યોત દરેક પળે બદલાતી રહે છે, તેની જેમ સૂરજની જલતી આગની જ્વાળાઓ પણ દરેક પળે બદલાતી રહે છે. આપણે સાંજે એક દીપક પ્રગટાવીએ છીએ અને સવારે ઓલવતી વેળાએ વિચારીએ છીએ કે તે સાંજવાળો દીપક ઓલવી રહ્યા છીએ, પરંતુ આ તો આપણી ભ્રાંતિ છે. સાંજે જે દીપક પ્રગટાવ્યો હતો, તે તો દરેક પળે ઓલવાતો રહે છે. તેની જ્યોત તો પ્રત્યેક પળે આકાશની અનંતતામાં વિલીન થતી રહી હોય છે. જૂની જ્યોતના સ્થાન પર નવી જ્યોત પ્રતિષ્ઠિત થતી ગઈ છે, પરંતુ આ બધું એટલું જલદી બન્યું છે કે આપણે તેને સમજી શક્યા નહીં.

આપણે રાત્રે સૂતી વેળાએ જ્યાં હતા, તે જ જગ્યા પર ઊઠતાં હોતાં નથી. આપણે કોઈ વખત જવલ્લે વિચાર કર્યો હશે કે માતાના પેટમાં આપણી જે તસ્વીર હતી તેને જો આપણા સમક્ષ મૂકવામાં આવે તો આપણે તેને સંભવ છે કે જોઈને આંખો ફેરવી લઈએ અને વધુમાં વિચારીએ કે તેનો એક દિવસે નાશ જ થવાનો છે. સ્મશાનમાં એક દિવસે તે રાખના ઢગલામાં બદલાઈ જનાર છે. જો આજે તે જ રાખનો ઢગલો આપણી સામે મૂકવામાં આવે, તો પણ કદાચ આપણે એ માનવા તૈયાર થઈશું નહીં કે આ આપણું જ ભવિષ્ય છે. ભલા, ભરોસો પણ કેમ થઈ શકે ? આપણે તો એ જ વિચારીશું, ક્યાં મારા જેવો વિદ્વાન, સંપત્તિવાન, ગુણવાન કે ખ્યાતનામ વ્યક્તિ અને ક્યાં આ રાખનો ઢગલો ?

પરંતુ અસલિયત એ જ છે કે આપણે સમયની શાશ્વત ધારામાં પ્રત્યેક પળે વહી રહ્યા છીએ. આ વહેણમાં પ્રત્યેક ક્ષણ એક ઘટના છે, વસ્તુ નથી. ઘટનાનો મતલબ છે પ્રક્રિયા. આ સંસારમાં પ્રક્રિયા છે. સર્વ કંઈ બનતું રહે છે. પ્રવાહિત હોય છે. આ પ્રવાહની વચ્ચે જો કોઈ ચીજ શાશ્વત છે તો તે છે કાળ. દુનિયાની આ પ્રક્રિયામાં જો કોઈ ચીજ ન બદલાતી હોય તો તે છે સ્વયં પરિવર્તન. સાંભળવાથી ઘણું ઊલટ-સુલટ જણાય છે, પરંતુ જીવનના બધા ગૂઢ સત્યો ઊલટા જ છે. ત્યારે તો જિંદગીની સચ્ચાઈઓને મહાત્મા કબીરે પોતાની અવળ-સવળ વાણીમાં વર્ણવી છે. જો કોઈ ચીજ મરતી ના હોય તો તે સ્વયં મૃત્યુ છે. એ માત્ર ચીજ અક્ષય હોય તો તે સમય છે. કદાચ આ કારણે મોત 'કાળ'



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કહેવાય છે અને અસંભવ 'અકાળ' છે.

સમયને કારણે સર્વ બદલાય છે. જોકે કહેવાય છે એમ કે સમય બદલાનારો છે, પરંતુ વાસ્તવમાં તો પરિસ્થિતિઓ બદલાય છે. એટલા માટે કૃષ્ણએ સમયને અક્ષય અને શાશ્વત કહ્યો. મહાવીરે તો આત્માનું નામ જ સમય રાખ્યું. ભારતીય મનીષીઓએ મૃત્યુ અને કાળને એક એટલા માટે માન્યો, કારણ કે બંને શાશ્વત છે. જરા ધ્યાનથી વિચાર કરીએ તો સમજાઈ જશે કે મૃત્યુ એક શબ્દ માત્ર છે. વાસ્તવમાં આપણે સમય દ્વારા નિરંતર કપાતા રહીએ છીએ, જોકે આપણે કહીએ છીએ એ કે આપણે સમયને કાપીએ છીએ. જ્યારે આપણને સમય પૂરી રીતે કાપી દે છે ત્યારે તે ઘટનાને આપણે મૃત્યુ કહીએ છીએ. આ સિવાય મૃત્યુ બીજું કંઈ નથી. કાળના પ્રવાહમાં આપણે દરરોજ કણેકણ વહી જઈએ છીએ. જે દિવસે સંપૂર્ણ વહી જઈએ છીએ, ત્યારે કહીએ છીએ કે મોત થઈ ગયું.

સમય આપણને બધાને દરેક ક્ષણે વહાવી લઈ જઈ રહ્યો છે. આપણે આગળ વધી રહ્યા છીએ એમ વિચારીને આપણે વહીએ છીએ, પરંતુ આગળ વધ્યા કે નહીં, એની કસોટી પણ સમય છે. સમય જ જીવન મૂલ્યોનું નિર્માણ કરે છે. આ જ મૂલ્યોને પોષતાં રહેવા માટે સમાજ પરંપરાઓ અને રીતરિવાજો નિભાવવામાં આવે છે. કાર્લ મૈનહીમ જેવા વિચારકો પણ આ જ માને છે કે શ્રેષ્ઠ સમાજ તે જ છે જેની પરંપરાઓ સમયને અનુરૂપ છે.

સમયની વેગવાન ધારામાં અટકવાનો કોઈ ઉપાય નથી. આ અનિવાર્ય ઘટનાક્રમ છે. જે કાળપ્રવાહ સાથે લડવાની કોશિશ કરશે, તે નષ્ટ થઈ જશે જ. આ વહેણને અટકાવવાની કોશિશ કરશે તે એથી પણ જલદી નષ્ટ થશે. તો પછી શું કરવું ? સમયની શાશ્વત ધારાની સાથે એક્તા સાધો. શાશ્વત કાલની સાથે એક્તાનો મતલબ છે સ્વયં પરમાત્મા સાથે એક્તા, કારણ કે પરમાત્મા જ તો શાશ્વત કાલ છે - **અહમેવાક્ષયઃ કાલો ।**

આ એક્તાનો વ્યાવહારિક મતલબ છે યુગના પડકારનો સ્વીકાર કરવો. યુગની માંગ માટે કોઈ પૂર્વાગ્રહ કે દુરાગ્રહ સિવાય જોડાઈ જવું. આ વાતને સારી રીતે મન-મગજમાં સ્થાયી કરી લેવી કે સમયનો પોકાર સ્વયં ભગવાનનો પોકાર છે. સમય જે પરિવર્તન લાવી રહેલ છે, તેને અનુરૂપ સ્વયંને તૈયાર કરવો અને અન્યને તૈયાર કરવામાં મદદ કરવી. વધુમાં એ વાત ધ્યાનમાં રાખવી કે એક વખતમાં આપણને ફક્ત એક જ ક્ષણ મળે છે. વીતેલી ક્ષણો કદી પરત આવતી નથી. આપણા પૈકી કોઈ સમયને છેતરવામાં સમર્થ નથી, પછી ભલે તે ગમે તેટલો ધનવાન, વૈજ્ઞાનિક, તપસ્વી કે યોગી કેમ ન હોય ?

જે સમયની સાધના કરી શકે, અર્થાત્ સમયની શાશ્વત ધારા સાથે સ્વયંને એક કરી શકે, તેને સમય પોતાનું શાશ્વત સ્વરૂપ પણ અર્પણ કરે છે. તે જગતના ઘટનાક્રમોમાં પોતાની યોગ્ય અને જરૂરી ભૂમિકાને નિભાવતો રહીને શાશ્વત આનંદમાં ડૂબેલો રહે છે. દુનિયામાં જેટલા પણ શ્રેષ્ઠતમ વ્યક્તિત્વો પેદા થાય છે, તેમણે નિષ્ઠાપૂર્વક સમયની સાધના કરીને જ સિદ્ધિઓ, વિભૂતિઓ પ્રાપ્ત કરી છે, પરમાનંદ અને બ્રહ્માનંદ મેળવ્યો છે.

જો તમારી પાસે જ્ઞાન હોય તો તે જ્યોતિથી ઓલવાયેલા દીપકોને પ્રગટવાનો લાભ મળવા દો, જેથી તમારા જ્ઞાનનો પ્રકાશ વધુને વધુ વ્યાપક બને અને ફેલાતો જાય.

જો તમારું જ્ઞાન ફક્ત પુરાયેલું રહેશે, તો તેની દશા પણ તળાવમાં બંધિયાર પાણી જેવી થઈ જશે. તેમાં સંકુચિતતાનો કાદવ અને સ્વાર્થની લીલ જ વિકસશે.

જ્ઞાનના દીપકનું ગૌરવ પોતાની આસપાસના અંધકારને દૂર કરવામાં રહેલું છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ઈશ્વરની પ્રાર્થના

મનુષ્યના દૈનિક જીવન પરથી જણાય છે કે તે કેટલો દીનહીન, તુચ્છ શક્તિવાળો અને કમજોર પ્રાણી છે. તેને ડગલે ને પગલે પરિસ્થિતિઓના ગુલામ બનવું પડે છે. કોઈક વખત અન્યનો સહયોગ ન મળે તો મોતનો સામનો કરવો પડે છે. આ પ્રકારના વિચારો કરવાથી મનુષ્યની લઘુતાગ્રંથિનો આભાસ થાય છે, પરંતુ તેની પાસે એવી પણ શક્તિ છે કે જેની સહાયથી તે લોક-પરલોકની અનંત સિદ્ધિઓ અને સામર્થ્યોનો માલિક બને છે. આ પરમાત્મા પ્રત્યે અડગ શ્રદ્ધા અને અતૂટ વિશ્વાસપૂર્વકની પ્રાર્થનાની શક્તિ છે. મનુષ્ય પ્રાર્થનાથી પોતાને બદલે છે, શક્તિ પ્રાપ્ત કરે છે અને પોતાના ભાગ્યનું પરિવર્તન કરી લે છે. વિશ્વાસપૂર્વક કરેલી પ્રાર્થના સાંભળીને પરમાત્મા દોડીને આવે છે. ખરેખર તેમની પ્રાર્થનામાં મોટું બળ, અલૌકિક શક્તિ અને અનંત સામર્થ્ય છે.

પ્રાર્થના વિશ્વાસનો પડઘો છે. રથના પૈડામાં જેટલો વધુ ભાર હોય છે તેટલું જ ઊંડુ નિશાન જમીન પર પડે છે. પ્રાર્થનાનો પોકાર લક્ષ્ય સિદ્ધિ તરફ દોડીને મનોવાંછિત સફળતા ખેંચી લાવે છે. વિશ્વાસ જેટલો પ્રબળ હશે તેટલું જ પરિણામ ત્વરિત અને પ્રભાવશાળી હશે.

પ્રાર્થના આત્માની આધ્યામિક ભૂખ છે. શરીરની ભૂખ અનાજથી મટે છે અને એનાથી શરીરને શક્તિ મળે છે. તેની માફક આત્માની વ્યાકુળતાને મટાડવા અને તેમાં બળ રેડવાની સાચી સાધના પરમાત્માનું ધ્યાન-આરાધના જ છે. એનાથી આપણા આત્મામાં પરમાત્માનું સૂક્ષ્મ દિવ્યત્વ પ્રગટવા લાગે છે અને અપૂર્વ શક્તિનો સદુપયોગ આત્મબળયુક્ત વ્યક્તિઓ કરી શકે છે. નિષ્ઠાપૂર્વક કરેલી પ્રાર્થના કરી નિષ્ફળ જતી નથી.

આત્માની શુદ્ધિનું આવાહન પણ પ્રાર્થના છે. એનાથી મનુષ્યના અંતઃકરણમાં દેવત્વનો વિકાસ થાય છે, વિનમ્રતા આવે છે અને સદ્‌ગુણોના પ્રકાશમાં વ્યાકુળ આત્માનો ભય દૂર થઈને સાહસ વધવા લાગે છે. કોઈ અસાધારણ શક્તિ સદૈવ આપણી સાથે રહે છે એવો અનુભવ થવા લાગે છે. જ્યારે આપણે તેમને રક્ષણ કરવાની યાચના કરીએ છીએ અને દુઃખોથી બચાવવા તેમજ અભાવોની પૂર્તિ માટે આપનો વિનય રજૂ કરીએ છીએ ત્યારે તેનો સચોટ પ્રભાવ જોવા મળે છે અને આત્મસંતોષનો ભાવ જન્મે છે.

જ્યાં સુધી મનુષ્ય ક્ષુદ્રતા અને સંકુચિતતામાં ફસાયેલો રહે છે ત્યાં સુધી અસંતોષ અને દુઃખનો ભાવ તેને પરેશાન કરે છે. સર્વ અનર્થોનું મૂળ મતભેદોની નીતિ છે. પ્રાર્થના આ તકલીફોથી બચવાનો રામબાણ ઈલાજ છે. ભગવાનની પ્રાર્થનાથી સર્વ ભેદોને ભૂલી જવાનો મહાવરો મળે છે. સૃષ્ટિના સર્વ જીવો પ્રત્યે જ્યારે મમતા જન્મે છે ત્યારે એનાથી પાપની ભાવનાનો નાશ થાય છે.

જ્યારે મનુષ્ય પોતાનું અસામર્થ્ય સમજી લઈને પોતાના જીવનનો અધિકાર પરમાત્માને સોંપી દે છે ત્યારે સમર્પણનો એ ભાવ પ્રાર્થના બની જાય છે. દુર્ગુણોનું ચિંતન કરવું અને પરમાત્માના ઉપકારોને યાદ રાખવા તે જ મનુષ્યની સાચી પ્રાર્થના છે. મહાત્મા ગાંધી કહેતાં હતા કે હું કોઈ કામ સિવાય પ્રાર્થના કરતો નહીં. મારા શરીર માટે ભોજનની જેટલી જરૂરિયાત છે તેટલી જ આત્મા માટે પ્રાર્થનાની જરૂરિયાત છે.

મનુષ્ય જીવનમાં સારીખોટી બંને પ્રકારની વૃત્તિઓ જોવા મળે છે, આત્માના ઊંડા અંતરાલમાં તો સત્ તત્ત્વ જોવા મળે છે. આ શુભ, શિવ અને પરમ તત્ત્વનો એકાકાર પ્રાર્થનાથી થાય છે, જેનાથી આસુરી વૃત્તિઓનો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લોપ અને દૈવી ગુણોનો આવિર્ભાવ થાય છે. પ્રાર્થનાથી જ અંતરાત્મામાં પ્રવેશ મળે છે અને બુદ્ધિની સૂક્ષ્મ ગ્રહણશીલતા જન્મે છે. આ પરિવર્તનશીલ જગતના સમગ્ર રહસ્યો ખૂલવા લાગે છે અને મોહની માયાજાળ છૂટીને સત્ય પ્રકાશિત થવા લાગે છે.

પ્રાર્થના પ્રયત્ન અને ઈશ્વરતત્ત્વનો સુંદર સમન્વય છે. માનવીય પ્રયત્નો પોતપોતાની રીતે અધુરા છે, કારણ કે પુરુષાર્થની સાથે સંયોગ પણ અપેક્ષિત છે. જો સંયોગની સિદ્ધિ ન થાય તો કામનાઓ અપૂર્ણ જ રહે છે. આ રીતે સંયોગ મળે અને પ્રયત્ન ન કરીએ તો કામ પણ ન થાય. પ્રાર્થનાથી આ બંનેમાં મેળ જન્મે છે. સુખી અને સમૃદ્ધ જીવનનો આ જ આધાર છે કે આપણે ક્રિયાશીલ પણ રહીએ અને દૈવી પ્રાર્થના કરતાં રહીએ. ધનની મહેચ્છા હોય તો વ્યવસાય અને મહેનત કરવી પડે છે, તેની સાથોસાથ તેના માટે અનુકૂળ પરિસ્થિતિઓ પણ જરૂરી છે. જગ્યા મળવી, મૂડી રોકવી, વફાદાર અને ઈમાનદાર નોકરો મળવા કારોબારની સફળતા માટે અનિવાર્ય છે. આ બધી વાતો સંયોગ પર આધારિત છે. પ્રયત્ન અને સંયોગનું જ્યાં મિલન થાય ત્યાં સુખ અને સફળતા પણ હશે.

પ્રાર્થના સંપૂર્ણ નિષ્કામ હોય એ અનિવાર્ય નથી. સકામ પ્રાર્થનાઓ પણ જરૂરી ગણાય છે, પરંતુ સાંસારિક કામનાઓ માટે કરેલી પ્રાર્થનામાં પરમાત્મા સુધી આપણો સંદેશો પહોંચે તેટલી એકાગ્રતા હોતી નથી. આવી પ્રાર્થનાઓ ભોગની જાળમાં ભટકતી રહે છે, પરિણામે સમયનો અપવ્યય અને શક્તિનો દુરુપયોગ જ થાય છે. પરોપકાર, આત્મકલ્યાણ અને જીવન લક્ષ્યની પ્રાપ્તિ માટે જ પ્રાર્થનાનો સદુપયોગ થવો જોઈએ. આવી પ્રાર્થનાઓમાં સજીવતા, ચુંબકત્વ અને પરમાત્માને પ્રાપ્ત કરવાની તીવ્ર વ્યાકુળતા હોય છે અને તેથી તે કદી નિષ્ફળ જતી નથી. સત્ ઉદ્દેશો માટે કરેલો હૃદયનો પોકાર નિરર્થક જતો નથી. પરમાત્મા તેને અવશ્ય પૂરો કરે છે.

આજ સુધી જે શક્તિઓ મળી છે અને જે માનવ જીવનનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે, એમાં પણ પૂર્વ ભાવનાઓની સૌમ્યતા જણાય છે. આપણે તેનો આશ્રય છોડી દીધો હોત તો અન્ય જીવધારીઓની માફક આપણે પણ ક્યાંય ભટકી રહ્યા હોત, પરંતુ આ અભૂતપૂર્વ સંયોગ મળવો નિશ્ચય તેમની કૃપાનું ફળ છે. જ્યારે આ સંયોગ મળ્યો છે ત્યારે તેનો આત્મવિકાસમાં ઉપયોગ કરવો હિતાવહ છે. એના માટે આપણું સંપૂર્ણ જીવન એક પ્રાર્થના છે. આપણે અનન્ય ભાવથી આપણી જાતને તે પરમાત્માને સમર્પિત કરતાં રહીએ અને તેમની દુનિયાને સુંદર અને સરસ બનાવવા માટે પોતાના કર્તવ્યોની નીતિરીતિનું પાલન કરતાં રહીએ.

હૃદયહીન શુષ્ક પ્રાર્થના ન ચાલે. જે પ્રાર્થનામાં માત્ર હોઠ ફફડતા હોય તે પ્રાર્થના નહીં પણ એક છળ છે. પ્રાર્થના તેને કહેવાય જે હૃદયપૂર્વક થતી હોય અને આકાશને પ્રભાવિત કરતી હોય છે અને પરમાત્માના હૃદયમાં હલચલ પેદા કરતી હોય છે. હે ઈશ્વર, હે પરમપિતા. પરમેશ્વર ! સૃષ્ટિના કણેકણમાં તમારી ચેતના છે. આ સૃષ્ટિનું અસ્તિત્વ આપનાથી જ છે. આપ જ પાલનપોષણ કરનારા સર્વ કંઈ છો. અમોને તમારા શરણમાં લઈ લો, અમને આપની શીતળ છાયા અર્પણ કરો. આવી પ્રાર્થના નિષ્કામ, સાચી અને સજીવ જ હોઈ શકે છે. વરસાદ પડતાં વેંત જ જમીન ભીંજાઈ જાય છે. પ્રાર્થનાના પ્રભાવથી પરમાત્માનું અંતઃકરણ પીગળી જાય છે અને સાધકની ઉપાસનાથી વિશેષ પરિણામ પ્રાપ્ત થાય છે. સંત ટેનીસને લખ્યું છે, "દુનિયા જેટલું સમજે છે તેના કરતાં પ્રાર્થનાથી વિશેષ કાર્ય થાય છે." એટલા માટે આપણી પ્રાર્થના ઈશ્વરના શરણમાં જઈને પ્રકાશ મેળવવા માટેની હોવો જોઈએ, જે પ્રકાશથી અંધકારમાં ભટકતાં મનુષ્યોના દુઃખ અને સંતાપ દૂર થઈ શકે.

❖ ❖ ❖



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ગાયત્રી, ગૌ, ગીતા અને ગંગાજી

ભારતીય સંસ્કૃતિમાં ગાયત્રી, ગૌ, ગીતા અને ગંગાજીનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. ચારે માતાના રૂપમાં શ્રદ્ધાની વસ્તુ છે. જે રીતે માતા મનુષ્યને માટે કંઈ ને કંઈ ઉપકાર કરતી રહે છે તે જ રીતે આ ચારે માનવ જાતિનો લાભ કરનારી અને તેને સન્માર્ગ પર સ્થાપિત કરનારી માતાઓ છે. એમના દ્વારા અસંખ્ય ગુણો તથા સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક લાભોનું વિધાન છે. આદર્શ હિન્દૂ આ ચાર માતાઓ દ્વારા પોતાના આત્મા અને શરીરને શુદ્ધ કરે છે. એક એક માતાના ગુણો વિશે અલગ અલગ વિસ્તારથી વિચાર કરવો જોઈએ.

ગાયત્રી ભારતીય સંસ્કૃતિનો સનાતન અને અનાદિ મંત્ર છે. પુરાણોમાં કહેવામાં આવ્યું છે, "સર્જનહાર બ્રહ્માને આકાશવાણી દ્વારા ગાયત્રી મંત્ર પ્રાપ્ત થયો. એની સાધના-તપ કરીને તેમને સૃષ્ટિના નિર્માણની શક્તિ પ્રાપ્ત થઈ હતી. ગાયત્રીના ચાર ચરણોની વ્યાખ્યા સ્વરૂપે જ બ્રહ્માજીએ ચાર મુખેથી વેદોનું વર્ણન કર્યું. ગાયત્રીને વેદમાતા કહેવામાં આવે છે. ચારે વેદ ગાયત્રીની વ્યાખ્યા માત્ર છે."

ગાયત્રીના ૨૪ અક્ષરોમાં વેદ, શાસ્ત્ર, પુરાણ, સ્મૃતિ, ઉપનિષદ્ વગેરેનું શિક્ષણ આપેલું છે, જેનાથી મનુષ્ય વ્યક્તિગત, સામાજિક અને પારમાર્થિક સુખશાંતિ પ્રાપ્ત કરી શકે છે.

ગીતામાં ભગવાન કૃષ્ણએ કહ્યું છે, "ગાયત્રી છંદસામહમ્" અર્થાત્ "ગાયત્રી મંત્રમાં હું સ્વયં છું." ગાયત્રી સર્વશ્રેષ્ઠ ગાયત્રી મંત્ર છે, જેનાથી તેને આયુષ્ય, વિદ્યા, સંતાન પ્રાપ્તિ, ધન અને બ્રહ્મતેજ આપનારો કહેવામાં આવ્યો છે. ગાયત્રીની સાધના દ્વારા આપણા આત્મા પર જામેલો મેલ દૂર થઈ જાય છે અને આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થવા લાગે છે. અનેક રિદ્ધિ-સિદ્ધિઓ પ્રગટ થવા લાગે છે. ગાયત્રી મંત્રની ઉપાસનાની શરૂઆત કરતાં વેંત જ મનુષ્યના આંતરિક ક્ષેત્રમાં આત્મબળ વધે છે, દુર્ભાવ નાશ થઈ જાય છે, સંયમ, નમ્રતા, ઉત્સાહ, સ્ફૂર્તિ, શ્રમશીલતા, મધુરતા, ઈમાનદારી, સત્યનિષ્ઠા, ઉદારતા, પ્રેમ, સંતોષ, શાંતિ, સેવાભાવ અને આત્મીયતા વગેરે ગુણોનું પ્રમાણ ઉત્તરોત્તર વધવા લાગે છે. ગાયત્રીને આપણે ત્યાં ભૂલોકની કામધેનુ કહેવામાં આવી છે, કારણ કે એ આત્માની સંપૂર્ણ ભૂખતરસને શાંત કરે છે. ગાયત્રીને અમૃત કહેવામાં આવી છે, કારણ કે એ જન્મ અને મૃત્યુના ચક્રથી છોડાવીને સાચું અમૃત અપાવનારી શક્તિથી પરિપૂર્ણ કરે છે. ગાયત્રીને પારસમણિ કહેવામાં આવી છે, કારણ કે તેના સ્પર્શથી લોખંડ સમાન ક્લુષિત અંતઃકરણ શુદ્ધ થઈ જાય છે. ગાયત્રી ઉપાસનાથી મોટાભાગે આધ્યાત્મિક ઉન્નતિ થાય છે. ગાયત્રીના આ જ મુખ્ય લાભ છે. આત્મકલ્યાણ અને સુખશાંતિની દિશામાં આગળ વધવામાં ગાયત્રી સહાયક છે.

ગૌમાતા ભારતીય સંસ્કૃતિનું જ્વલંત પ્રતીક છે. પ્રાચીન આર્યોએ ગાયને **"માતેવ રક્ષતિ"** અર્થાત્ આ માતા અમારું રક્ષણ કરે કહેવાયું છે. પુરાણકાળમાં એવી ગાયની કલ્પના કરવામાં આવી છે જે આપણી સર્વ ઇચ્છાઓની પૂર્તિ કરે છે, એને કામધેનુ કહેવાય છે. એ સ્વર્ગમાં રહે છે અને કોઈ કોઈ વખત જનસમાજના કલ્યાણ માટે માનવલોકમાં અવતાર લે છે. આ જ ભાવથી સાક્ષાત્ ઈશ્વરનું જ ગાયના રૂપમાં જન્મ લેવાની કલ્પના કરવામાં આવી છે. યોગેશ્વર કૃષ્ણએ ગાયની સેવા દ્વારા જે માર્ગ બતાવ્યો છે, તેને આપણે આદર્શપૂર્ણ જીવનમાં ગ્રહણ કરી શકીએ. ગૃઢ સૂત્રો મુજબ જ્યારે લગ્ન વગેરે સંસ્કાર થાય છે ત્યારે દક્ષિણાના રૂપમાં ગાયનું દાન થાય છે. અથર્વવેદમાં ગો સૂક્તોમાં ગૌમાતાનું મહત્ત્વ સાબિત કરતાં અનેક ઉપયોગી સિદ્ધાંત વાક્યો કહેવામાં આવ્યા છે. જેનો અહીં ઉલ્લેખ કરવામાં આવે છે -



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**માતા રૂદ્રાણાં દુહિતા વસૂના સ્વસાઽઽદિત્યાનામ મૃતસ્ય નાભિઃ।**
**પ્રનુ વોચં ચિકિતુષે જનાય મા ગામનાગામદિતિં વધિષ્ટ ॥**

અર્થાત્ ગાય રૂદ્રોની માતા, વસુઓની પુત્રી અદિતિ પુત્રોની બહેન અને ઘી રૂપ અમૃતનો ખજાનો છે. પ્રત્યેક વિચારશીલે ગૌવધ ન કરવો જોઈએ. આગળ કહેવામાં આવ્યું છે, "ગાયોએ આપણું કલ્યાણ કર્યું છે. તેઓ અમારી ગૌશાળામાં સુખથી બેસે અને તેને સુંદર શબ્દોથી ગુંજાવી દે. આ વિવિધ રંગોની ગાયો અનેક પ્રકારના વાછરડા-વાછરડીઓને જન્મ આપે અને ઇન્દ્રની પૂજા માટે ઉષાકાળ પહેલાં દૂધ આપનારી બને."

**યૂયં ગાવો મેદયથા કૃષં ચિદ્શ્રીરં ચિત્કૃણુથ સુપ્રતીકમ્ ।**
**ભદ્ર ગ્રહં કૃણુથ ભદ વત્યો વૃહદ્વો વય ઉચ્યતે સભાસુ ॥**

"ગાયો ! તમે નબળા શરીરવાળા વ્યક્તિને હૃષ્ટપુષ્ટ બનાવી દો છો અને નિસ્તેજને દેખાવમાં સુંદર બનાવી દો છો. આટલું જ નહીં તમે આપના મંગળકારી શબ્દોથી અમારા ઘરોને મંગળમય બનાવી દો છો. એનાથી સભાઓમાં તમારા જ યશનું ગાન થાય છે." ગાયના અસંખ્ય લાભ છે. ગૌધનની ઉપયોગિતાને હિન્દુઓએ સમજીને જ તેને આટલું ઊંચુ સ્થાન આપ્યું છે. ભારત જેવા કૃષિપ્રધાન દેશમાટે ગૌપાલન અને ગૌરક્ષણ ધર્મ છે. ગૌધનનું ઊંચુ મહાત્મ્ય છે. ગૌમાતાથી માનવ સમાજને જે અસંખ્ય લાભ છે તેનાથી માનવ જાતિ હંમેશાં ઋણી રહેશે.

ગીતાજી આપણા માટે જ્ઞાન, બુદ્ધિ, કર્મયોગ અને આત્મિક નૈતિક શિક્ષણનો અક્ષય ભંડાર છે. ગીતાનું જ્ઞાન હંમેશાં દરેક ક્ષેત્ર અને જીવનના દરેક ડગલે કામમાં આવનારું સદ્જ્ઞાન છે. ભગવાન શ્રીકૃષ્ણએ પોતાના સ્વમુખે ઉચ્ચારીને આ ઉપદેશમાં તે સમગ્ર જ્ઞાનભંડાર ભરી દીધો છે, જે જીવનની પ્રત્યેક મૂંઝવણને ઉકેલવામાં અને ગાંઠને ખોલી દેવામાં સમર્થ છે. પ્રત્યેક શ્લોકમાં અસંખ્ય યુગોનું જ્ઞાન નવનીત એક જ સ્થાન પર કેન્દ્રિત કરી દીધું છે. તેના પ્રત્યેક શ્લોકમાં તે શક્તિ, તે જ્ઞાન, તે ઉપદેશ, તે નીતિ ધર્મ મળે છે, જેની હરીફાઈ કરે તેવો આજ સુધી બીજો કોઈ ગ્રંથ કોઈ દેશ અને કોઈ ભાષામાં લખાયો નથી.

ગંગાજીનો જન્મ એવાં રાસાયણિક તત્ત્વોથી પરિપૂર્ણ છે, જેનું સેવન અને સ્નાનથી મનુષ્યને અનેક લાભ મળે છે. વૈદિક ગ્રંથોનો મત છે કે અજીર્ણ, જૂનો તાવ, ટી. બી. મરડો, માથાનો દુઃખાવો વગેરે રોગો માટે ગંગાજળ ખૂબ જ લાભદાયક છે. એમાં સ્વાસ્થ્યને સશક્ત બનાવવાની અને રોગના જંતુઓનો નાશ કરવાની શક્તિ છે. રક્તપિત્તના રોગીઓને ગંગા કિનારે રાખવાનો આ જ ઉદ્દેશ છે કે ત્યાંના જળવાયુથી રક્તપિત્તનો રોગ મટી જાય છે. પ્રયોગ કરીને જોવામાં આવ્યું છે કે ગંગાજળથી રૂક્તપિત્ત મટી જાય છે. ત્યાંનું હવાપાણી પણ ઉત્તમ છે. જડીબુટ્ટીઓમાં થઈને બરફનું શુદ્ધ પાણી ગંધક. ચાંદી, સોનું, અબરખ વગેરે ઘણા બધા રાસાયણિક તત્ત્વોને લઈને વહેતું મનુષ્ય માત્ર માટે ગુણકારી છે. શુદ્ધતા અને રાસાયણિક તત્ત્વોને કારણે ગંગાજળ માનવ માત્રના માટે ઉપકારક છે. ગંગાજળની વિશેષતા અને મહાનતાની દૃષ્ટિને ધ્યાનમાં લઈને એને હિન્દૂ ધર્મમાં વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે. હજુ પણ ગંગાજળની બાબતમાં શોધખોળો થઈ રહી છે. વિશ્વને એક દિવસે ગંગાજળની મહિમા સમજાઈ જશે. જે દિવસે તેના રાસાયણિક તત્ત્વોની સમગ્ર જાણકારી થઈ જશે તે દિવસે દુનિયાએ ગંગાની મહિમા આસ્તિક હિન્દૂ લોકોની માફક સ્વીકારવી પડશે.

આ ચર્ચાનું તાત્પર્ય એ છે કે ગાયત્રી, ગીતા, ગૌ અને ગંગાજીના અસંખ્ય લાભોને ધ્યાનમાં લઈને જ તેમને ભારતીય સંસ્કૃતિમાં આટલું માન આપવામાં આવ્યું છે અને તે માન સર્વથા ઉચિત છે, કોઈ અંધશ્રદ્ધા કે રૂઢિ માત્ર નથી.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સ્વાધ્યાય પ્રક્રિયા અંદરના દરવાજા ખોલે છે

ઘણી વખત આપણામાંથી ઘણા લોકો કોઈનું ધારાવાહિક ભાષણ સાંભળીને મંત્રમુગ્ધ થઈ જાય છે અને વક્તાના જ્ઞાન અને પ્રતિભાના ભારોભાર વખાણ કરવા લાગે છે અને કોઈ કોઈ વખત એ પણ માની લે છે કે આ વ્યક્તિની જીભ પર સાક્ષાત્ માતા સરસ્વતી વિરાજમાન છે. એનાં અંતરપડો ખૂલી ગયાં છે, ત્યારે તો જ્ઞાનનો અવિરત સ્રોત મુખમાંથી વહી રહ્યો છે.

સફળ વક્તા કે સમર્થ પ્રાધ્યાપક જે વિષય પર કલાકો સુધી સતત બોલતાં રહે છે તેથી તેમનું તે વિષય પરનું પ્રભુત્વ જાણે જીભના ટેરવા પર વસ્યું હોય તેમ સાબિત થાય છે. તેવા વક્તાના પ્રવચનથી શ્રોતાઓ આશ્ચર્યચકિત થઈ જાય એ વાત પણ સાચી છે. આ અનુભવ વાસ્તવમાં એક ચમત્કાર કે સિદ્ધિ જેવો જણાય છે. જોકે આ સિદ્ધિ કોઈ માંત્રિક રહેતી નથી. આ સમગ્ર ચમત્કાર તેમના તે સ્વાધ્યાયનું પરિણામ હોય છે અને તેનું તેઓ હંમેશાં આચરણ કરતાં હોય છે. તેમના જીવનમાં કદાચિત જ કોઈ એવો અભાગી દિવસ જાય છે, જેમાં તેઓ મનોયોગપૂર્વક કલાક બે કલાક સ્વાધ્યાય ન કરતા હોય. સ્વાધ્યાય તેમના જીવનનું એક અંગ અને દરરોજની અનિવાર્ય જરૂરિયાત બની જાય છે. જે દિવસ તેઓ પોતાની આ આવશ્યક્તા પૂરી પાડતા નથી, તે દિવસે તેઓ પોતાના તન, મન અને આત્મમાં એક ભૂખ અથવા એક ખાલીપાનું કષ્ટ અનુભવ કરતાં હોય છે. તે દિવસને તેઓ જીવનનો એક અભાગી દિવસ સમજે છે અને તે અભાગી દિવસને કદી પણ ફરીથી પોતાના જીવનમાં આવવાનો અવસર આપતા નથી.

સ્વાધ્યાયનું તે અબાધ તપ છે, જેનું ફળ જ્ઞાન અને પ્રખરતાના રૂપમાં વક્તાઓ અને વિદ્વાનોની જીભ પર સરસ્વતીના નિવાસનો વિશ્વાસ પેદા કરાવી દે છે. સરસ્વતીની ઉપાસનામાં ચોવીસ કલાક ડૂબેલા રહીએ, જીવનપર્યંત બ્રાહ્મીમંત્ર અને બ્રાહ્મીવટીનું સેવન કરતાં રહીએ, પરંતુ કોઈ પણ દિવસ સ્વાધ્યાય ન કરીએ તો સરસ્વતીની સિદ્ધિઓ તો દૂર રહે, બલ્કે શીખેલી વિદ્યા પણ ભૂલી જવાય છે. સરસ્વતી સ્વાધ્યાયનું અનુસરણ કરે છે, એ સત્યનું સ્વાગત કરીને જે સાધક તેની ઉપાસના કરતો રહે છે, તે અવશ્ય તેની કૃપાનો ભાગીદાર બની જાય છે.

ન્યાયાલયોમાં નિત્ય જોવા મળે છે કે કોઈ એક વકીલ તો અસ્ખલિત રૂપમાં બોલતો અને નિયમોની વ્યાખ્યા કરતો હોય છે અને કોઈ અટકીને અને ભૂલો કરતો રહીને થોડુંઘણું બોલે છે. તે બંને વકીલોએ એક સરખી જ કાયદાની પરીક્ષા પાસ કરી હોય છે, તેનો સમયગાળો એકસરખો હોય છે, પૈસો અને પરીશ્રમ પણ એકસરખો ખર્ચ્યો હોય છે તેમજ ન્યાયાલયમાં પોતાના પક્ષકારની તરફેણમાં દલીલો કરવાનો અધિકાર પણ એકસરખો મળ્યો હોય છે, તો પછી આ નોંધપાત્ર ભેદ કેમ જોવા મળે છે ? આ ભેદનું અન્ય કોઈ કારણ હોતું નથી, માત્ર એક જ ભેદ હોય છે અને તે છે સ્વાધ્યાય. જે વકીલ અસ્ખલિત રૂપમાં બોલીને ન્યાયાલયનું વાતાવરણ પ્રભાવિત કરીને પોતાના પક્ષનું સમર્થન જીતી લે છે, તે અવશ્ય સ્વાધ્યાયનો વ્રતશીલ હોય છે. એનાથી વિપરીત જે વકીલ વિશ્વાસપૂર્વક દલીલો કરવામાં નબળો જણાય છે તે અવશ્ય સ્વાધ્યાયનું વ્રત નિભાવતો હોતો નથી.

માત્ર વકીલાતના ધંધામાં જ નહીં, બલ્કે અન્ય કોઈ પણ વિષય અથવા ક્ષેત્રમાં અધ્યયનશીલતા અને અધ્યયનહીનતાનું પરિણામ એક જેવું જ હોય છે. એમાં લાંબી અને નવીન અવસ્થા બાધકરૂપ નથી. આ એક વૈજ્ઞાનિક સત્ય છે, જેમાં અપવાદની કોઈ ગુંજાઈશ નથી.

ધાર્મિક અથવા આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ કોઈ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અપવાદ નથી. કોઈ વ્યક્તિ દરરોજ ચાર-ચાર વખત પૂજા કરે, ત્રણ-ત્રણ કલાક આસનમાં બેસીને જપ કરે, અથવા કીર્તનમાં મગ્ન રહે, વ્રત-ઉપવાસ રાખે, દાનદક્ષિણા આપતો રહે, પરંતુ શાસ્ત્રો અથવા સદ્ગ્રંથોનો સ્વાધ્યાય, તેના વિચારોનું ચિંતન-મનન કરે નહીં, એમ વિચારે કે હું જ્યારે આટલો ક્રિયાકાંડ કરું છું તો એના પછી અધ્યયનની કોઈ આવશ્યક્તા જણાતી નથી. આત્મજ્ઞાન અથવા પરમાત્મ અનુભૂતિ કરી લેવા માટે આટલું જ પર્યાપ્ત છે તો અચૂક તે ભ્રમમાં છે. આત્માનું ક્ષેત્ર વૈચારિક ક્ષેત્ર છે, તે સૂક્ષ્મ ભાવનાઓ અને મનન-ચિંતનનું ક્ષેત્ર છે.

અધ્યયનના અભાવમાં આ આત્મજગતની ગતિ મુશ્કેલ છે. આત્માના સ્વરૂપનું જ્ઞાન અથવા પરમાત્માના અસ્તિત્વનો પરિચય પ્રાપ્ત થયા સિવાય તેની સાથે કેવી રીતે સંપર્ક સ્થાપિત કરી શકાય છે ? આ અજ્ઞાત જ્ઞાન તો તે મહાન મનીષીઓનો અનુભવ અને અધ્યયન કરવાથી જ પ્રાપ્ત થવું સંભવ છે, જેઓ અવતારના રૂપમાં સંસારને વેદોનું જ્ઞાન આપવા માટે પરમાત્માનું પ્રતિનિધિત્વ કરતાં રહે છે. આસન, ધ્યાન, પૂજાપાઠ તો મુખ્યરૂપે બુદ્ધિને પરિશુદ્ધ કરવા અને આચરણને ઉજ્જ્વળ બનાવવા માટે, અધ્યાત્મના વૈદિક તત્ત્વને સમજવા અને ગ્રહણ કરવાની ક્ષમતા પ્રાપ્ત કરવા જરૂરી છે. એનાથી વિપરીત જો એક વખત પૂજાપાઠને સ્થગિત પણ રાખવામાં આવે અને એકાગ્રતા તેમજ શ્રદ્ધાપૂર્વક સ્વાધ્યાય અને તેનું ચિંતન-મનન પણ કરવામાં આવે તો તે દિશામાં ઘણી બધી પ્રગતિ થઈ શકે છે. સ્વાધ્યાય સ્વયં જ એક તપ, આસન અને ધ્યાન બરાબર છે. એના નિયમોનું પાલન કરવાથી આપોઆપ અનેક નિયમો અને સંયમોનો અભ્યાસ થઈ જાય છે.

સ્વાધ્યાયમાં મનુષ્યનું અંતઃકરણ નિર્મળ કરી દેવાની અને તેના અંતર પડળો ખોલવાની સહજ ક્ષમતા રહેલી છે. આંતરિક ચેતના વિકસી જવાથી મનુષ્ય સ્વયં જ આત્મા અને પરમાત્મા પ્રત્યે જિજ્ઞાસુ બની જાય છે. તેની ચેતના ઊર્ધ્વગામી બનીને ઉડવા માટે તૈયાર રહે છે. સ્વાધ્યાય દ્વારા જ ઉચ્ચ આધ્યાત્મિક અનુભૂતિઓ થવા લાગે છે. સ્વાધ્યાય નિઃસંદેહ એક એવું અમૃત છે, જે ચિત્તમાં પ્રવેશીને મનુષ્યની પાશવિક પ્રવૃત્તિઓનો નાશ કરી દે છે.

સ્વાધ્યાયની એક સાધારણ અને મનોવૈજ્ઞાનિક ફળશ્રુતિ ચારિત્રિક ઉજ્જ્વળતા છે. સદ્ગ્રંથોમાં સમાયેલ પવિત્ર વિચારોનું સતત વાંચન અને મનન કરવાથી મન પર કલ્યાણકારી સંસ્કારોની સ્થાપના થાય છે, જેથી ચિત્ત આપોઆપ દુષ્કૃત્યો તરફથી પાછું ફરે છે. સ્વાધ્યાયી વ્યક્તિ પર કુસંગની અસર થતી નથી. તેનું પણ એક વૈજ્ઞાનિક કારણ છે. સ્વાધ્યાયમાં જેની રુચિ હોય છે અને જે તેને જીવનનું એક ધ્યેય માને છે, તે આવશ્યક્તાઓ ઘટાડીને પોતાનો સંપૂર્ણ સમય સ્વાધ્યાયમાં ખર્ચે છે. તેની પાસે કોઈ ફાજલ સમય આવારાગર્દી માટે હોતો નથી. ગમે ત્યાં ભટકતાં રહીને તે દૂષિત વાતાવરણમાંથી અનિચ્છનીય તત્ત્વો ગ્રહણ કરતો નથી.

કોઈ પણ પ્રકારની 'રુચિ-સામ્ય-સંપર્ક'વાળી વ્યક્તિ જો સ્વાધ્યાયીના પ્રાસંગિક સંર્પકમાં આવશે તો મોટેભાગે તેની રુચિ જેવી બની જશે. વિરુદ્ધ રુચિવાળી વ્યક્તિ સ્વાધ્યાયી પાસે જવાનું સાહસ જ કરશે નહીં અને સંજોગોવસાત્ જો કોઈ વ્યક્તિ આવી જાય છે તો તેની આસપાસનું વાતાવરણ અનુકૂળ ન જણાતાં લાંબા સમય સુધી રોકાશે નહીં. સ્વાધ્યાયી પાસે સંગતજનક કોઈ દોષ હોવાનો પ્રશ્ન જ ઊઠતો નથી.

સ્વાધ્યાયી પાસે આત્મોન્નતિને લગતી વિપરીત વૃત્તિઓ જેમ કે આળસ, પ્રમાદ અથવા અસંયમ ફરકતી નથી. એનો પણ એક વૈજ્ઞાનિક હેતુ જ છે. કોઈ સુરક્ષા કવચનો પ્રભાવ નથી. જે વ્યક્તિએ નિયમિત જીવનનું ધ્યેય સમજીને વાંચવું હોય છે તે તો પ્રત્યેક સ્થિતિમાં પોતાના સ્વાધ્યાયવ્રતનું પાલન કરશે જ. તે જાણે છે કે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અવ્યવસ્થા અથવા અનિયમિતતા રુચિપૂર્ણ વ્રતમાં બાધક થશે. આથી તે જીવનની એક સુનિશ્ચિત દિનચર્યા બનાવીને ચાલે છે. તેનું સૂવુંઊઠવું, ખાવુંપીવું, હરવુંફરવું અને કારોબારની સાથોસાથ વાંચવા લખવાનો કાર્યક્રમ એક વ્યવસ્થિત રૂપમાં ઘણી સારી રીતે ચાલતો રહે છે. જે જીવનની પ્રત્યેક ક્ષણનો નિયમિત રીતે ઉપયોગી કાર્યોમાં ખર્ચવાનું વ્રત નિભાવે છે તેની એકેએક ક્ષણ તપસ્યાનો જ સમય માનવામાં આવશે. જેણે જીવનમાં વ્યવસ્થા અને નિયમિતતાની ટેવ પાડી લીધી તેના માટે તો આત્મલક્ષ્ય માટેની એક સુંદર નિસરણી બની જાય છે, જેના દ્વારા તે સહજમાં જ ધ્યેય સુધી પહોંચી જશે.

અનુભવી વિદ્વાનોએ સ્વાધ્યાયને મનુષ્યનો માર્ગદર્શક નેતા અને મિત્ર જેવો હિતેચ્છુ ગણાવ્યો છે. તેમનું માનવું છે કે જે વ્યક્તિ સત્પથ દર્શાવનાર પોતાના સાચા મિત્ર સ્વાધ્યાયનો ત્યાગ કરી દે છે, તેનો શરીરની ઇંન્દ્રિયો પર અધિકાર રહેતો નથી. તેનું મન ચંચળ, વિવેક મંદ અને બુદ્ધિ રૂંધાયેલી રહે છે. આ બધા દોષોને લીધે તેને દુઃખોના ભાગીદાર બનવુ પડે છે. આથી બુદ્ધિમાન મનુષ્ય પોતાના સાચા મિત્ર સ્વાધ્યાયનો ત્યાગ કરતો નથી. એટલા માટે જ ગુરુકુળનો અભ્યાસ પૂરો કરીને જતાં શિષ્યોને ગુરુ એ જ અંતિમ ઉપદેશ આપતાં હોય છે - **"સ્વાધ્યાયાત્ મા પ્રમદ્દ"** ।

અર્થાત્ હે પ્રિય શિષ્ય ! તારા ભાવી જીવનમાં સ્વાધ્યાય દ્વારા યોગ્યતા વધારવામાં તું પ્રમાદ કરીશ નહીં.

સ્વાધ્યાય દ્વારા સંચિત કરેલ જ્ઞાનમાં વધારો થતો રહે છે. સ્વાધ્યાયથી વિરક્ત રહેનાર વ્યક્તિની પ્રાપ્ત વિદ્યા લુપ્ત થવાની સાથોસાથ નવીન જ્ઞાનમાં પણ વૃદ્ધિ થતી નથી.

સ્વાધ્યાય જીવન વિકાસની અનિવાર્ય આવશ્યક્તા છે, જેને દરેક વ્યક્તિએ પૂરી કરવી જોઈએ. અનેક લોકો પરિસ્થિતિઓ અને પ્રમાદને લીધે ભણી શકતા નથી. આગળ જતાં તેમને જ્યારે શિક્ષણ અને સ્વાધ્યાયના મહત્ત્વનું જ્ઞાન થાય છે ત્યારે રડીને પસ્તાય છે.

પરંતુ એમાં પસ્તાવાની વાત હોવા છતાં પણ વિશેષ ચિંતાની વાત નથી. આવા જે લોકો સ્વયં વાંચી-લખી શકતા નથી તેઓએ વિદ્વાનોનો સત્સંગ કરીને અને અન્ય દ્વારા સદ્ગ્રંથોનું વાંચન કરાવીને સાંભળવાનો અથવા પ્રવચનનો લાભ ઉઠાવીને પોતાની આ ઊણપ દૂર કરવી જોઈએ. જેમના ઘરમાં ભણેલા પુત્ર-પુત્રી અથવા પૌત્રી-પૌત્રો હોય તેમને પાસે બેસાડીને સાંજે સદ્ગ્રંથોનું વાંચન કરાવવું.

આમ કરવાથી બાળકોને પણ સદ્ગ્રંથોનો અભ્યાસ કરવાનો લાભ થશે જ. **'મન હોય તો માળવે જવાય'** કહેવત અનુસાર જો સ્વાધ્યાયમાં રુચિ હોય અને તેના મહત્ત્વને હૃદયંગમ કરી લેવાય, તો શિક્ષણ અથવા નિરક્ષરતા કોઈ રીતે બાધક બનતું નથી, સ્વાધ્યાયના ધ્યેયને અનેક રીતે પૂરું કરી શકાય છે.

❑ ❑ ❑

અબ્રાહમ લિંકનના એક પરમ મિત્રએ અખબારપત્ર બતાવતાં કહ્યું, "જુઓ, લોકો તમારી કેટલી ટીકા કરે છે, તમે એનો વિરોધ કેમ કરતા નથી ?" લિંકને ખૂબ ધીરજથી સંક્ષિપ્તમાં ઉત્તર આપ્યો, "મિત્ર, વાદવિવાદના ચક્કરમાં પડી રહું તો રાષ્ટ્રસેવા ક્યારે કરીશ ? જો મારા કાર્યોથી જનતાનું ભલું થાય છે તો આલોચકોના મોં સ્વયં બંધ થઈ જશે, પરંતુ જો હું જનતાની સુવિધાઓનું ધ્યાન રાખીશ નહીં તો મને આ ટીકાથી કોઈ બચાવી શકે નહીં."


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યદા યદા હિ ધર્મસ્ય...

ભારતીય સંસ્કૃતિ અવતારવાદમાં વિશ્વાસ ધરાવે છે. જ્યારે પૃથ્વી પર પાપનો ભાર વધી જાય છે ત્યારે ઈશ્વરનો અવતાર થાય છે અને તે પોતાની શક્તિ અને સામર્થ્યથી દુનિયાનો ભાર હળવો કરીને પુણ્યની સ્થાપના કરે છે. યદા યદા હી ધર્મસ્ય, ગ્લાનિર્ભવતિ ભારત । અભ્યુત્થાનં ધર્મસ્ય, તદાત્માનં સૃજામ્યહમ્ । પરિત્રાણાય સાધૂનાં, વિનાશાય ચ દુષ્કૃતામ્ । ધર્મ સંસ્થાપનાર્થાય, સંભવામિ યુગે યુગે ॥ આપણી પૂર્વે અદ્‌ભુત શક્તિયુક્ત અવતારી મહાપુરુષો થયા છે અને તેમણે આશ્ચર્યચકિત કરનારા કાર્યો કર્યાં છે. જો આપણે એ માનીએ કે એક હોર્સ પાવર (કે કલા) આપણામાં છે, તો આપણા અવતારોની કલાઓનું કેટલું સાપેક્ષ મહત્ત્વ આપણી સન્મુખ આવી શકે છે. પરશુરામ ત્રણ કલાના અવતાર હતા, શ્રી રામચંદ્રજી ૧૨ કલા અને શ્રીકૃષ્ણ સોળ કલાના અવતાર માનવામાં આવ્યા છે. રાવણમાં પણ ૧૦ કલાઓ હતી, પરંતુ તેનામાં દસ આસુરી પ્રવૃત્તિઓ પણ વિકસેલી હતી. આથી તેની પ્રવૃત્તિ ઊલટી દિશામાં ચાલતી રહી અને તેનાથી લાભના બદલે નુકસાન જ વધુ થયું.

સગુણ રૂપમાં ઈશ્વરનું સાકાર સ્વરૂપનું નામ જ અવતાર છે. નિર્ગુણ નિરાકારનું ધ્યાન તો સંભવ નથી, પરંતુ સગુણ રૂપમાં આવીને તે આ દુનિયાના કાર્યોમાં ફરીથી ક્રમ અને વ્યવસ્થા ઉત્પન્ન કરે છે. આપણો પ્રત્યેક અવતાર સર્વ વ્યાપક ચેતન સત્તાનું મૂર્ત રૂપ છે. શ્રી સુદર્શનસિંહે લખ્યું છે, “અવતારી શરીર પ્રભુની શાશ્વત રચના છે. તે માયાવી નથી અને ન તો પાંચ ભૌતિક છે. તેમાં સ્થૂળ, સૂક્ષ્મ, કારણ શરીરોનો ભેદ પણ હોતો નથી. જેમ દીપકની જ્યોતિમાં વિશુદ્ધ અગ્નિ છે અને દીપકની જ્યોતની મોટાઈ કેવળ તે અગ્નિના આકારની તટસ્થ ભેટનું કારણ છે, તેની જેમ જ ભગવાનનો શ્રીવિગ્રહ શુદ્ધ સચ્ચિદાનંદ છે. ભક્તનો ભાવ તે આકારને રજૂ કરવાની તટસ્થ ભેટનું કારણ છે. આ આકાર પણ શાશ્વત છે, કારણ કે ભક્તનો ભાવ ભાવસ્તરેથી પ્રગટેલો હોય છે અને ભાવના જેવું કર્મનું કોઈ પરિણામ હોતું નથી. તે સ્વેચ્છામય છે. આની જેમ ભગવાદાવતાર કર્મ પણ આસક્તિની કામના કે વાસના પ્રેરિત હોતું નથી, દિવ્ય લીલારૂપ છે. ભગવાનના અવતારની વેળાએ તેમના શરીરનું બાળપણ, કુમારવસ્થા વગેરે રૂપોમાં પરિવર્તન થતું નથી. તેમનું તો પ્રત્યેક રૂપ શાશ્વત છે, જે પરિવર્તન દેખાય છે, તે રૂપોના આવિર્ભાવ તથા અદૃશ્ય થઈ જવાના કારણે છે.

ભગવાનનો અવતાર નીતિ અને ધર્મની સ્થાપના માટે થતો રહ્યો છે. જ્યારે સમાજમાં પાપો, મિથ્યાચારો, દુષિત વૃત્તિઓ, અન્યાયનું પ્રમાણ વધી જાય છે, ત્યારે કોઈને કોઈ રૂપમાં પાપનું નિવારણ કરવા માટે ભગવાનનું સ્વરૂપ પ્રગટ થાય છે. તે એક અસાધારણ પ્રતિભાશાળી વ્યક્તિના રૂપમાં થાય છે. તે સર્વ શક્તિમાન હોય છે. તે સ્વાર્થની લાલસાના ગર્વને અને પાપના ઢગલાને પોતાના આત્મબળથી દૂર કરી દે છે. દુરાચાર, છળ, કપટ, ભય, અન્યાયના વાતાવરણને દૂર કરીને મનુષ્યના હૃદયમાં વિરાજમાન દેવત્વની સ્થાપના કરે છે.

પિતાએ પોતાના પુત્રને, પરમાત્માએ આત્માને, રાજાએ રાજકુમારને સૃષ્ટિની ન્યાયપૂર્ણ વ્યવસ્થા કરવા મોકલ્યા છે. સત્ય, પ્રેમ, વિવેકને ફેલાવીને સૃષ્ટિની આ વાટિકાને સુરમ્ય બનાવવાની છે. તેને સર્વત્ર પાપ, અન્યાય અને અન્યાચાર ફેલાવવાનો માત્ર અધિકાર આપ્યો નથી. અવ્યવસ્થા અને અન્યાયના સમય માટે શંભુનું ત્રીજું નેત્ર સુરક્ષિત છે. જ્યારે મનુષ્યના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શરીરમાં ગુમડાં થાય છે અને મોટા થવા લાગે છે ત્યારે નિર્દયી ડૉક્ટરની માફક ભગવાન છરી ભોંકીને પરૂને કાઢી નાખવાનું પણ જાણે છે, પછી ભલે રોગી ચીસાચીસ કરતો રહે અને વેદનાથી દુઃખી થઈને હાથપગ પછાડતો રહે. આનું તાત્પર્ય એ છે કે ઈશ્વર વધુ દિવસો સુધી જગતમાં પાપ પ્રવૃત્તિ જોઈ શકતા નથી. વધુમાં આનું કારણ આત્માની અખડંતા છે અને તેથી એક વ્યક્તિના પાપોનું ફળ અન્ય વ્યક્તિઓને પણ ભોગવવું પડે છે. આ રીતે કેટલીક વ્યક્તિઓ દ્વારા ફેલાવેલા પાપોનું ફળ સમગ્ર સૃષ્ટિને પરેશાન કરી દે છે. બાકીના જીવિત પ્રાણીઓ અનીતિના અત્યાચાર અને આપત્તિના રાક્ષસની વિકરાળ દાઢોમાં ફસાઈ જાય છે. ત્યારે જગત પિતા પોતાના સાંત્વનાપૂર્ણ હાથ લંબાવીને કરુણ આંખોથી સંદેશો આપતા કહે છે, "પુત્રો ! આ અત્યાચારીને શિક્ષા કરીને તો હું દૂર કરી દઉં છું, પરંતુ ભવિષ્યમાં કદી આવી ભૂલ ન કરશો. તમને પૃથ્વી પર સત્ય, પ્રેમ અને ન્યાયના સમધુર ફળ ચાખવા માટે મોકલ્યા છે, નહીં કે આ સુરમ્ય વાટિકામાં દુરાચાર, છળ, કપટ, અન્યાયની આગ લગાવો. હવે પાપના ચક્કરમાં પડશો નહીં. શૈતાનના પંજાથી સાવધાન રહેશો. શિક્ષા વેઠીને તમારા પાપથી તમે નિવૃત્ત થઈ ગયા છો. હવે પોતાના કર્તવ્ય ધર્મને સમજો. તમે ભોગવિલાસ કે કામવાસનાના રસના કીડા નથી, પવિત્ર નિષ્કલંક સાત્ત્વિક પ્રવૃત્તિની આત્મા છો. તમે નિર્વિકાર છો. ઇન્દ્રિય વાસના માટે ડગ ન ભરશો. પાછળથી ભૂલોનું પ્રાયશ્ચિત કરો અને નવીન સત્ય યુગનું નિર્માણ કરો.

આ રીતે હિન્દુ અવતારનું કાર્ય પાપીને દંડ આપવાનું છે અને મનુષ્ય દુરાચાર અને છળકપટથી બચતો રહે તે જોવાનું છે. માનવતા શુદ્ધ, પવિત્ર અને વિકારમુક્ત થઈને કર્તવ્ય ધર્મ પર સવાર થતી રહે તે જોવાનું છે. પ્રભુનો ન્યાય, સત્ય, વિવેક અને પ્રેમનું સમતોલન જળવાઈ રહે. અવતાર થયા પછી સતયુગની શરૂઆત થાય છે. નિર્વિકાર આત્માઓનું રાજ્ય છવાઈ જાય છે. દુરાચારનું વાતાવરણ સમાપ્ત થઈ જાય છે અને ઉજ્જવળ ભવિષ્ય દૃષ્ટિગોચર થવા લાગે છે.

કયા શરીરમાં ઈશ્વરીય અંશની વિશિષ્ટ કલાઓ સ્વીકારાશે એ વાતને મહત્ત્વ આપવું ન જોઈએ, કારણ કે એનો સ્વીકાર કરવો જનતાની ઇચ્છા પર નિર્ભર હોય છે.

એક કાળમાં એક ઉચ્ચ ઉદ્દેશની પૂર્તિ માટે કોઈ કોઈ વાર કેટલાક અવતારો એક સાથે પ્રગટ થાય છે. રામચંદ્રજીના યુગમાં શ્રી પરશુરામ અવતાર મોજૂદ હતો. ભરત અને લક્ષ્મણની આત્માઓ પણ તેવી જ ઉચ્ચકોટિની હતી. હનુમાનજીમાં પણ દૈવી કલાઓ વધેલી હતી. શ્રીકૃષ્ણના સમયમાં પાંડવો ઉચ્ચ ઉદ્દેશોની પૂર્તિ માટે એક પ્રકારના અવતારો જ હતા.

મહાત્મા ગૌતમ બુદ્ધ અને મહાવીર પણ પોતપોતાના યુગના દિવ્ય અવતારો જ હતા. આ બધામાં પાપનો વિરોધ અને સત્ય તેમજ ન્યાયની સ્થાપનાના અંશ હતા. આ ચમત્કારી મહાપુરુષોએ પોતાના આત્મબળથી દિવ્ય જીવનની સ્થાપના કરી હતી.

અવતાર મળમૂત્રની પોટલી નથી, બલ્કે એક ઉચ્ચ નૈતિક આધ્યાત્મિક ભાવના વિશેષમાં થાય છે. આ ભાવના અચાનક ખૂબ તીવ્ર ગતિથી જ્યારે વધી જાય છે ત્યારે તેના કર્તાને ચમત્કારી મહાપુરુષ સમજવામાં આવે છે.

વાસ્તવમાં ઈશ્વરીય ઇચ્છાનું તે સમયના વ્યક્તિઓ અનુકરણ માત્ર કરે છે અને મહત્ત્વ પ્રાપ્ત કરે છે. આ એક યુગના અવતારોમાં જે સર્વશ્રેષ્ઠ હોય છે, તેને પ્રધાનતા મળે છે. આમ તો તે બધાં કાર્યો તે એકલાનાં હોતાં નથી. અન્ય આત્માઓની શક્તિ પણ તેટલી જ અને કેટલીક વખત તો તેનાથી પણ વિશેષ જણાય છે, ત્યારે ક્યાંય જઈને તે ઉદ્દેશ પૂર્ણ થાય છે.

રાક્ષસોનો નાશ કરવામાં રામના અન્ય સાથીઓની જે ક્ષમતા હતી તેને ભૂલી શકાય



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નહીં. લંકાનો નાશ કરવામાં શું વાનર સેના તથા અન્ય યોદ્ધાઓએ કંઈ ન કર્યું હતું ? શું શ્રી લક્ષ્મણજીની વીરતા કંઈ ઓછી હતી ? અહિરાવણના ત્યાં કેદ થયેલા રામ લક્ષ્મણને છોડાવનારા મહાબલી હનુમાનને શું કંઈ કમ સમજી શકાય છે ? ગોવર્ધન ઉપાડવામાં ગોવાળિયાઓનો સહયોગ શું ઓછો ગણનાપાત્ર હતો ? મહાભારતના ધર્મયુદ્ધમાં શું એકલા શ્રીકૃષ્ણ જ વિજેતા હતા ?

વાસ્તવિક્તા એ છે કે હિન્દૂ સંસ્કૃતિના દૃષ્ટિકોણથી એક સમયમાં અનેક અવતારો થાય છે અને તે સર્વની સંઘશક્તિથી ભૌતિક પરિવર્તન થાય છે.

સૂક્ષ્મ પરિવર્તનકારિણી આદ્યશક્તિ જે દેવકીના ગર્ભથી કંસને સચેત કરવા માટે પેદા થઈ હતી, તેને કંસે શિલા પર પછાડીને મારી દીધી હતી. તે આદ્યશક્તિ અંતઃકરણની પ્રેરણા છે.

અવતારની પૂર્વે દરેક માનવના હૃદયમાં એક પ્રકારનો સનસનાટીભર્યો એક આધ્યાત્મિક પોકાર ઊઠે છે, તે એ સ્પષ્ટ સંકેત કરે છે કે, "બસ, હવે હદ થઈ ગઈ. રોકાઈ જાઓ, વિચારો અને ભૂલને સુધારી લો. હું ઈશ્વરીય પ્રેરણા લઈને આવી છું, મારું સ્વાગત કરો." પરંતુ ખેદ છે કે હજારો કંસ તે યુગ વાણીને શિલા પર પછાડી પછાડીને મારી નાખે છે. આત્માના તે દિવ્ય પોકારને કચડી નાખે છે અને નિર્દયતાપૂર્વક પોતાના પાછળના પાપ વ્યાપારને ચાલુ રાખે છે.

આ આદ્યશક્તિ અવતારની પૂર્વ સૂચનાની દુંદુભી છે, જે આકાશમાં, અંતર્લોકમાં ઘણા સમય પહેલા સાવધાન થઈ જવા માટે શોરબકોર મચાવે છે. જેઓ આ વાણીને સાંભળવા ઇચ્છતા નથી અને ઈશ્વરીય સંદેશની અવગણના કરે છે, તેઓના આવનારા અવતારની તલવારથી ટુકડે ટુકડા કરી દેવામાં આવે છે.

"જ્યારે કોઈ સ્થૂળ શરીરથી અવતાર પ્રગટ થશે ત્યારે તેની આજ્ઞા માનવા લાગીશું" આની પ્રતીક્ષામાં બેસી રહેનારા તે આંધળા સમાન છે, જે વિચારે છે કે જ્યારે સૂરજ ઊગશે ત્યારે ખાટલો છોડીને બેઠા થઈશું. આંખો સિવાય તેને સૂરજ દેખાતો નથી. તેની આ ઇચ્છા છે કે હંમેશાં ખાટલા પર પડી રહીને મરી જઈએ કે ઊભા થઈ જઈએ.

અવતારને તેના જીવનકાળમાં ઓળખનારા ઘણા જ ઓછા હોય છે. મોટાભાગનાને તો તે વિરોધી જ દેખાય છે, કારણ કે તે તો નવું જીવન અને નવા વિચારોને સ્થાપીને જનતાની જૂની પુરાણી ટેવોને છોડાવવા માટે આવે છે. દુશ્મનોને પ્રકાશથી ચીડ ચઢે છે અને તેને બેફામ ભાંડે રાખે છે. જ્યારે તે ચાલી જાય છે ત્યારે પસ્તાય છે કે, "હાય ! સૂર્ય ભગવાનનો ઉદય થયો હતો, પરંતુ અમે અજ્ઞાનતાને લીધે તેમને ગાળો ભાંડવામાં જ મગ્ન રહ્યા."

અવતારની દિવ્ય કલાઓને ઓળખવી સરળ નથી. એમાં ઘણી સાવધાનીની આવશ્યક્તા છે. અનેક વખત શરીરધારી અવતારોને જોઈને તેમની પાછળ પાછળ ચાલવાની ઇચ્છા રાખનારા મોટેભાગે છેતરાઈ જાય છે. તેમને બીજો કોઈ ઠગ બહેકાવીને લઈ જાય છે. બની શકે કે અવતારના ભ્રમમાં શેતાની પૂજા કરતા રહે, કારણ કે સ્થૂળ આંખોનું જ્ઞાન ઘણું જ અધુરું છે. મુર્ખાઓ માટે મોરમુગુટ પીતાંબર ધારણ કરનારો છોકરો જ સાક્ષાત્ કૃષ્ણ છે, પરંતુ જ્ઞાની પુરુષ ભગવાનના દર્શન જ્ઞાનયુક્ત દિવ્ય દૃષ્ટિ દ્વારા કરે છે.

જે પોતાના મોંથી બૂમો પાડીને કહે છે કે હું અવતાર છું તેનું કહેવું અસત્ય છે. અવતાર સ્વયં પોતાના કાર્ય અને વિચારોથી જ પ્રગટ થઈ જાય છે.

**જૂઠો કાયર છ. કારણ કે સાચું બોલતાં મનુષ્યોથી ડરે છે. જૂઠો નાસ્તિક છે કારણ કે તેને ઈશ્વરનો ન તો વિશ્વાસ છે કે ન તો ભય છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ધર્મો રક્ષતિ રક્ષિતઃ

## (ધર્મનું રક્ષણ કરનારની રક્ષા થાય છે)

ધર્મ શબ્દ 'ધ' ધાતુથી બનેલો છે, જેનો અર્થ છે - બનાવી રાખવું, ધારણ કરવું, શક્તિશાળી થવું. ધર્મ એક એવો માપદંડ છે જે કોઈ પણ વસ્તુની યોગ્ય કિંમતની સમજ આપે છે. મહર્ષિ કણાદે ધર્મની વ્યાખ્યા આપતા કહ્યું છે કે, 'યતોભ્યુદય નિશ્રેયસ સિદ્ધિઃ સ ધર્મઃ ।' જેનાથી અભ્યુદય અર્થાત્ લૌકિક જીવનની સમૃદ્ધિ, વિકાસ અને આત્મકલ્યાણની પ્રાપ્તિ થાય તે જ ધર્મ છે. છાન્દોગ્ય ઉપનિષદમાં ધર્મની ત્રણ શાખોઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. 'ત્ર્યોધર્મસ્કન્ધા', જેમાં ગૃહસ્થ, તપસ્વી, બ્રહ્મચારીના કર્તવ્યોનું વિવેચન કરવામાં આવ્યું છે. ભગવદ્ ગીતા તથા મનુસ્મૃતિ વગેરેમાં ધર્મનો સંબંધ જીવનની વિવિધ સ્થિતિઓમાં પોતપોતાના કર્તવ્યપાલનથી છે. મહાભારતકારે કહ્યું છે,

**ધારણાદ્ધર્મ મિત્યાહુર્ધર્મો ધારયતે પ્રજા ।**<br>
**યત્સ્યાદ્ધારણ સંયુક્તંસ ધર્મ ઈતિ નિશ્ચયઃ ॥**

ધારણ કરવાવાળો હોવાથી તેને ધર્મ કહેવાયો, કારણ કે એ પ્રજાને ધારણ કરે છે. અર્થાત્ તેનું પોષણ કરે છે અને સમર્થ બનાવે છે. જે ધારણ કરવામાં સમર્થ છે તે જ ધર્મ છે.

ટૂંકમાં, ધર્મ તે કર્તવ્ય છે જેના દ્વારા જીવનનો આંતરિક અને બાહ્ય સર્વ પ્રકારનો વિશ્વાસ વધારી શકાય. શાસ્ત્રીય ભાષામાં ધર્મ, અર્થ, કામ, મોક્ષ વગેરે ઉદ્દેશોની પ્રાપ્તિ જે માર્ગ પર ચાલવાથી સફળ થાય તે જ ધર્મ છે. ધર્મ જીવનની સાધનાનું વ્યવસ્થિત વિધાન છે. ધર્મ સર્વ પ્રકારનું ઉન્નત, વિકસિત, કલ્યાણકારી, આનંદયુક્ત જીવન જીવવાનું કર્મશાસ્ત્ર છે. એટલા માટે ડૉ. રાધાકૃષ્ણનના શબ્દોમાં, "ધર્મની શક્તિ જ જીવનની શક્તિ છે. ધર્મની દૃષ્ટિ જ જીવનની દૃષ્ટિ છે." જીવન અને ધર્મની પારસ્પરિક્તા આવશ્યક અને અનિવાર્ય છે. એટલા માટે બાપૂએ કહ્યું હતું, "ધર્મ જિંદગીનો પ્રત્યેક શ્વાસ લેવાનો અમલ કરવાની ચીજ છે, કારણ કે ધર્મના રૂપમાં આપણા દૈનિક જીવનનું તથા સમાજના સંબંધોનું પાલન કરવાના સિદ્ધાંતોનું નિર્માણ થયું છે." સ્વામી રામતીર્થે ધર્મને મનુષ્યના ચારિત્ર્યમાં અડગ બળ આપનારો ગણાવ્યો છે.

નિઃસંદેહ ધર્મ વ્યવસ્થા માનવ જીવનને સર્વ પ્રકારની સમુન્નત અને પ્રકાશવાન બનાવનારી પદ્ધતિ છે. ડૉ. રાધાકૃષ્ણનને કહ્યું છે, "આધ્યાત્મિક અગ્નિની જે જ્વાળા પ્રત્યેક વ્યક્તિની અંદર જલે છે તેને પ્રજ્વલિત કરવામાં ધર્મ સહાય કરે છે." એટલા માટે ધર્મ જ દુનિયામાં સર્વશ્રેષ્ઠ છે.

**"ધર્મો હિ પરમો લોકેધર્મ સત્યં પ્રતિષ્ઠિતમ્ ।"**

ધર્મમાં જ સત્યની પ્રતિષ્ઠા છે. આ રીતે ધર્મ જ મનુષ્યને માનવતા આપનારો છે. શાસ્ત્રકારે લખ્યું છે,

**આહાર નિદ્રા ભય મૈથુનં ચ**<br>
**સામાન્ય મેતત્ પશુભિર્નરાણામ ।**<br>
**ધર્મોહિ તેષામધિકો વિશેષઃ**<br>
**ધર્મેણ હીનાઃ પશુભિસમાનાઃ ॥**

ખાવું, પીવું, ડરવું અને મૈથુનની બાબતમાં પશુ અને મનુષ્ય પરસ્પર સમાન છે. કેવળ ધર્મ જ મનુષ્યોમાં વિશેષ છે. જો તે ન રહે તો પછી મનુષ્ય પશુ સમાન જ છે. ધર્મ જ માનવ જીવનને સંસ્કારિત કરીને શ્રેષ્ઠ બનાવે છે.

આપણા ધર્મમાં અનુષ્ઠાનની પ્રવૃત્તિઓ મનુષ્ય જીવનનું ઘડતર કરે છે. સમાજમાં પ્રત્યેક વ્યક્તિની ઇચ્છાઓ અને આકાંક્ષાઓ જુદી જુદી હોય છે. પરસ્પર વિરોધી આવશ્યક્તાઓ પણ હોય છે, પરંતુ ધર્મ આ બધાનું નિયંત્રણ કરીને તેમને જીવનની સાચી દિશામાં પ્રેરિત કરે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ધર્મના સિદ્ધાંતો જીવનમાં આધ્યાત્મિક સત્યની સ્થાપના કરે છે. ધર્મ દુનિયાથી અલગ કરતો નથી, બલ્કે જીવનના સમગ્ર વ્યવસાયો અને કાર્યક્રમોને આધ્યાત્મિક વિશ્વાસો દ્વારા નિયંત્રિત કરીને આનંદ, વ્યવસાય, કામ વગેરે સર્વની પ્રાપ્તિ આ વિશ્વાસ દ્વારા કરાવે છે. ધર્મ જીવનની શાશ્વતતાનો આધાર માનીને ચાલે છે. જીવનમાં આ લોકના (સાંસારિક) અથવા પારલૌકિક ભેદ કોઈ ભેદ નથી. ધર્મ ભક્તિ અને મુક્તિને અલગ અલગ માનતો નથી, ધર્મ દૈનિક જીવનમાં સામાન્ય વ્યવસાયોને પણ સાચા અર્થોમાં ભગવાનની સેવા બનાવી દે છે. તે કામ, અર્થ અને મોક્ષનો સંગમ પણ છે. ધર્મ સામાન્ય કાર્યોને પણ પોતાની વિશેષતાથી મુનીઓની સાધનાની માફક જ પ્રભાવશાળી બનાવી દે છે.

ધર્મ તપસ્યાને જ ન તો સર્વોપરિ માને છે કે ન તો શારીરિક સુખોને નિરુદ્દેશ છોડવાનું મહત્ત્વ આપે છે. તે જીવનને આનંદમય જોવા ઇચ્છે છે. આનંદ ઇન્દ્રિયજન્ય અને આત્મિક પણ હોય છે. આ પ્રકારનો ધર્મ કોઈ પણ ધર્મની મર્યાદામાં નિંદનીય નથી. આ જ પ્રકારે ધન, સંપત્તિ વગેરે પણ પોતપોતાની રીતે કોઈ પાપ નથી. ધર્મ એના માટે કોઈ બંધન લગાડતો નથી, પરંતુ ધનસંગ્રહ કરવાથી કોઈ બીજાનું અહિત થાય છે તો તે ધર્મની દૃષ્ટિમાં નિંદનીય છે. ધર્મ આ પ્રકારના પ્રયત્નોને ખરાબ ગણાવીને તેના પર બંધન લગાવે છે અને સાચો માર્ગ બતાવે છે. આ જ પ્રકારે ઉત્તમ સંતાનની પ્રાપ્તિ માટે લગ્ન કરવું ધર્મ માન્ય સંસ્કાર છે. કોઈ પણ રૂપમાં ધર્મપરાયણતા, સુખભોગ, સંપત્તિ, લગ્ન વગેરે જ્યારે આત્મકલ્યાણ અને સમાજ હિત માટે કરવામાં આવે છે ત્યારે તે જીવનની પૂર્ણતાના અવરોધકો થતા નથી, પરંતુ જ્યારે એમનો ઉદ્દેશ જીવનની સમૃદ્ધિ અને વિકાસથી વિપરીત જઈને સ્વકેન્દ્રિત થઈ જાય છે ત્યારે એ સારા ગણાતા નથી. ધર્મનું આચારશાસ્ત્ર એવી અનુમતિ આપશે નહીં.

અગાઉના ફકરાઓમાં બતાવવામાં આવ્યું છે કે ધર્મ આધ્યાત્મિક માન્યતા અને વિશ્વાસો દ્વારા સંપૂર્ણ જીવનના આપણા સમગ્ર કામકાજનું નિયંત્રણ કરે છે. મનુષ્યનું આત્મગૌરવ આધ્યાત્મિક માન્યતા છે. પ્રત્યેક પ્રાણી પરમાત્માનો ચૈતન્ય અંશ છે. એટલા માટે ધર્મ કહે છે, "સર્વ પ્રાણીઓના હૃદયમાં પરમાત્મા અંશ રૂપે વિરાજમાન છે." ધર્મશાસ્ત્રના પ્રણેતા ઋષિએ કહ્યું છે -

**ભગવાન વાસુદેવ હિ સર્વ ભૂતેષ્વસ્થિતઃ ।**
**એતજ્જ્ઞાનં હિ સર્વસ્ય મૂલં ધર્મસ્ય શાશ્વતમ્ ॥**

"શાશ્વત ધર્મનું આ જ મૂળ છે કે ભગવાન વાસુદેવ જ સર્વ પ્રાણીઓમાં નિવાસ કરે છે."

**શ્રૂયતાં ધર્મ સર્વસ્વં શ્રુત્વા ચૈવાવધાર્યતામ્ ।**
**આત્મનઃ પ્રતિકૂલાનિ પરષાંન સમાચરેત્ ॥**

"સમજી લો કે ધર્મનો સાર આ જ છે અને પછી એના અનુસાર આચરણ કરો. પોતાને પસંદ ન હોય તેવો વ્યવહાર બીજાની સાથે ન કરો."

મહાભારતમાં કહેવાયું છે -

**સર્વષાં યયઃ સુહૃન્નિત્યં સર્વેષાંચ હિતે રતઃ ।**
**કર્મણા મનસા વાચા સ ધર્મ વેદ જ્ઞાજલે ॥**
**- શાંતિ પર્વ ૨૬૧-૯**

"જેઓ પોતાના મન, વચન, કર્મથી નિરંતર બીજાઓનું કલ્યાણ કરવામાં ડૂબેલાં રહે છે અને જેઓ હંમેશાં બીજાઓના મિત્ર બનીને રહે છે તેવા લોકોને આપણે આપણા જેવા સમજવા જોઈએ. હે જાજલિ ! તે ધર્મને ઠીક ઠીક સમજે છે."

બીજા શબ્દોમાં ધર્મ વ્યક્તિગત જીવનના ઉત્કર્ષની સાથોસાથ સામાજિક જીવનની પણ વિધિવ્યવસ્થાનું આ પ્રકારે નિર્માણ કરે છે કે સર્વને જીવવાનો અને વિકસિત થવાનો સમાન અધિકાર મળે. ધર્મ એક આધારશાસ્ત્ર અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માર્ગદર્શક છે, જેના દ્વારા વ્યક્તિગત અને **સામાજિક જીવનમાં સુખશાંતિ, આનંદ અને** પ્રગતિની સાધના નિર્બાધ રૂપથી કર્યા સિવાય કોઈને નુકસાન પહોંચાડે.

ધર્મ અને માનવ જીવનનો પરસ્પર સંબંધ છે, કારણ કે ધર્મ જ તે ક્રિયા, અનુષ્ઠાન, આચાર, પદ્ધતિનો ભંડાર છે જેના દ્વારા મનુષ્યને મનુષ્ય **બનાવી શકાય છે. એટલા માટે કોઈ પણ** સંજોગોમાં ધર્મને છોડવો જોઈએ નહીં. ધર્મ માટે મરી જવું સારું છે ગીતા કહે છે, **"સ્વધર્મે નિધનં શ્રેય ।"** મહર્ષિ વ્યાસ કહે છે -

**ધર્મ એવ હતો હન્તિ, ધર્મો રક્ષતિ રક્ષિતઃ ।**
**તસ્માદ્ધર્મોન હન્તવ્યો મા નો ધર્મો હતો વધીત્ ।।**

મારેલો ધર્મ જ હંમેશાં મારે છે. આપણાથી રક્ષાયેલ ધર્મ જ આપણું રક્ષણ કરે છે. એટલા માટે ધર્મનો નાશ કરવો જોઈએ નહીં. જેથી તરછોડેલો ધર્મ આપણો વિનાશ ન કરે.

ખરેખર પોતાના ધર્મની ઉપેક્ષા કરવાથી મનુષ્યનો નાશ થઈ જાય છે. મહાત્મા ગાંધીએ કહ્યું છે, "જ્યાં ધર્મ નથી ત્યાં વિદ્યા લક્ષ્મી, સ્વાસ્થ્ય વગેરેનો અભાવ હોય છે. ધર્મ વિનાની સ્થિતિમાં બિલકુલ શૂન્યતા હોય છે.

કબૂતરને માળો બનાવતાં આવડતું ન હતું. આથી જ્યારે પણ કબૂતરી ઈંડા મૂકતી ત્યારે પડીને તૂટી જતાં. એક દિવસે કબૂતરીએ કબૂતરને કહ્યું, ચકલીઓને મળીને માળો બનાવવાની રીત જાણી લેવામાં આવે. થોડી આનાકાની કર્યા પછી કબૂતરે વાત માની લીધી.

કબૂતરી જ્યારે ચકલીની પાસે ગઈ તો તેણે આનંદપૂર્વક માળો બનાવવાની રીત શિખવવાની અનુમતિ આપી દીધી. હજુ ત્યાં પહોંચીને ચકલીએ માળો બનાવવાની શરૂઆત જ કરી હતી ત્યાં જ કબૂતરે કહ્યું આવું તો અમને પણ બનાવતાં આવડે છે. આવો માળો તો અમે પણ બનાવી લઈશું. બીચારી ચકલી પાછી જતી રહી.

કબૂતરે ઘણો જ પ્રયત્ન કર્યો, પરંતુ માળો યોગ્ય ન બન્યો. કબૂતરી બિચારી ફરીથી ચકલીઓની પાસે ગઈ અને બોલી, કૃપા કરીને ફરીથી મદદ કરો. અમારાથી માળો બન્યો નહીં. ચિડાઈને ચકલી ફરીથી આવી અને માળો બનાવતાં શિખવવા લાગી. હજુ તો શરૂઆત જ કરી હતી કે કબૂતર ફરીથી વચમાં આવી ટપકયું અને બોલ્યું, અરે આ તો હું પણ જાણું છું. આમ કરવામાં ભલા શી નવાઈ છે.

ચકલી ફરીથી પાછી જતી રહી. કબૂતર દિવસપર્યંત મથતું રહ્યું, પરંતુ માળો ન બની શક્યો. આ વખતે કબૂતરી ફરીથી ચકલીઓની પાસે ગઈ અને પ્રાર્થના કરવા લાગી, બહેન મદદ કરો, એનાથી માળો બનતો નથી.

પરંતુ આ વખતે ચકલીઓએ મદદ કરવા સાફ ના પાડીને કહ્યું. જે કંઈ જાણતું પણ નથી અને કોઈનું માનતું પણ નથી પરંતુ ઘમંડમાં બધું જાણે છે એવા અભિમાની મૂર્ખને કોઈ કંઈ શિખવી શકતું નથી અને તે કદી કંઈ શીખી શકતું નથી.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# હસતું-હસાવતું મસ્તીભર્યું જીવન જીવો

કોઈ વ્યક્તિના આત્મા પર બિનજરૂરી ભાર લદાયેલ છે કે નહીં એનું માપતોલ તેના ઉદાસી અને અસંતુષ્ટ જીવન અથવા હસતી-કિલ્લોલ કરતી જિંદગી પરથી કરી શકાય છે. ચીડ, અસંતોષ, રોષ, ઉદ્વેગથી બળતાં-શેકાતાં વ્યક્તિને જોઈને તે વિકૃત ચિંતનનો શિકાર બનેલો છે તેમ સહજ જ કહી શકાય છે. એની જીવનનૈયા દૃષ્ટિદોષના ચક્કરમાં ફસાઈને ડૂબવાની તૈયારી કરી રહી છે. જ્યારે પાટા પરથી ઉતરેલું એન્જિન જમીનમાં ફસાઈ જાય છે ત્યારે તે આગળ કે પાછળ હટી શકતું નથી. યંત્રસામગ્રીની દૃષ્ટિએ ગણાતી તેની સમર્થતા ત્યારે નિરર્થક સાબિત થાય છે અને તેને યથા સ્થાન પર ગોઠવવા ક્રેન કે જેકની સહાય જોઈએ છે. રેલગાડી કિંમતી હોય છે. જેકના બદલે એન્જિન વધુ શક્તિશાળી અને મૂલ્યવાન પણ હોય છે, પરંતુ તે મોટપણ પાટા પરથી ઉતરી જતાં વ્યર્થ જણાય છે. મનુષ્યના ચહેરા પર છવાયેલ ચીડ અને મગજમાં ભરાયેલ ઉદ્વેગના પ્રમાણ પરથી તેના ચિંતનની વિકૃતિ માપી અને આંકી શકાય છે.

દુનિયામાં આજ સુધી કોઈનું પણ જીવન મુશ્કેલીઓ વિનાનું અને મનોવાંછિત પ્રિયજનો તેમજ પરિસ્થિતિઓથી ઘેરાયેલું જોવા મળ્યું નથી. ભવિષ્યમાં કોઈ સર્વાંગસંપૂર્ણ સુવિધાયુક્ત મનુષ્ય આ દુનિયામાં જન્મ લઈ શકશે એવી આશા કરી શકાતી નથી. ભગવાનનો અવતાર ગણાતા રામ અને કૃષ્ણ સુધીનાની જે દુર્દશા થઈ તે સામાન્ય મનુષ્ય કરતાં સારી નહીં, બલ્કે ખરાબ જ રહી. બીજા અવતારો, ઋષિઓ, મહાપુરુષો, જ્ઞાની-વિજ્ઞાનીઓ પણ મુશ્કેલીઓથી ઘેરાયેલા અને તકલીફો ઉઠાવતાં રહ્યા છે. મહાપુરુષોની મહાનતા તેમણે આદર્શો અને સુવિધાઓમાંથી કોની પસંદગી કરી અને પોતાની ચારિત્ર્યનિષ્ઠા કેટલી કઠિન કસોટીઓ પર પ્રસન્નતાપૂર્વક રજૂ કરી તેના આધાર પર પારખી શકાય છે.

તવંગર અને ગરીબ, વિદ્વાન અને મૂર્ખ, પુણ્યાત્મા અને પાપી પરિસ્થિતિવશ અનુકૂળતા અને પ્રતિકૂળતાના ઝૂલા પર કુદરતના ક્રમાનુસાર આગળ પાછળ ઝૂલતાં રહે છે. પ્રત્યેક વ્યક્તિના જીવનમાં લાભગેરલાભ, સુખદુઃખ અને યશઅપયશના અવસરો રાત અને દિવસની માફક આવતા-જતા રહે છે. તેને પ્રારબ્ધફળ, વિધિનું વિધાન, કર્મફળ, સમયચક્ર વગેરે નામ પણ આપી શકાય છે. એમાંથી જ્ઞાની કે અજ્ઞાની કોઈ પણ બચી શકતું નથી. અનાચારીઓ દુષ્કર્મોના ફળસ્વરૂપ શિક્ષા ભોગવે છે અને સદાચારી પુણ્ય પરમાર્થ માટે ત્યાગ અને બલિદાન કરતાં રહીને સાદાઈ, સંયમ અને તપશ્ચર્યાજન્ય કઠિન પરિસ્થિતિઓમાં રહીને જીવન વિતાવે છે. કોઈ વ્યક્તિ સગવડ-અગવડની બાહ્ય કસોટીના આધાર પર પોતાને સુખી કરી શકતો નથી, પરંતુ બીજી દૃષ્ટિથી જોતાં સુખસૌભાગ્ય ભોગવનારા આ દુનિયામાં ઓછા લોકો નથી. આ સુખી લોકોમાંથી પ્રત્યેકને વિવેકદૃષ્ટિ પ્રાપ્ત થયેલી હોય છે. તેઓ પોતાના પરિશુદ્ધ દૃષ્ટિકોણને હળવો-ચિંતામુક્ત અને હસતાં-રમતાં સ્વભાવમાં બદલી લે છે અને ખેલાડીની માફક પ્રત્યેક સ્થિતિમાં સમતોલ રાખવાનો પ્રયત્ન કરે છે.

પત્તાબાજી, શેતરંજથી માંડીને હોકી, પોલો કે બીજી વિવિધ રમતોનાં ખેલાડી ઘડીકમાં હારે છે, તો ઘડીકમાં જીતે છે. કદીક હાર તો કદીક જીતની અદલાબદલી થતી હેવાથી કોઈ વાર આનંદ તો કોઈ વાર ચિંતા થાય છે, પરંતુ તેનાથી તેમના ઉત્સાહમાં કોઈ ફરક પડતો નથી. તેઓ હારમાં રડતાં નથી કે જીતમાં ઉછળતાં નથી. મીઠું ખાંડનો સ્વાદ બદલાતો રહે છે, પરંતુ તે એટલો હળવો હોય છે કે માનસિક સ્થિતિ પર કોઈ વિશેષ પ્રભાવ પડતો નથી અને વિનોદનો બેરંગી ક્રમ યથાવત્ ચાલુ રહે છે. જો દરેક કામને અને વાતને આ દૃષ્ટિકોણથી જોવામાં કે સમજવામાં આવે અને પ્રતિકૂળતા-અનુકૂળતાને ખૂબ ગંભીરતાપૂર્વક ન


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લેવામાં આવે તો અસંતોષ અને ઉદ્વેગથી સહજ જ બચી શકાય છે. ઉત્તેજના અને અનર્થોથી બચી શકનારું મગજ રહે છે અને પ્રગતિનો માર્ગ હાથ લાગનાર અને પ્રસ્તુત કઠિનાઈઓથી બચવાનો રસ્તો શોધી શકે છે.

જે રીતે કઠિનાઈને વસ્તુસ્થિતિના બદલે વધુ પડતી ભારે સમજવાથી તેનું દબાણ વધી જાય છે અને બિનજરૂરી પરેશાનીથી માનસિક સ્તર વધુ પડતું ગબડી જાય છે, તે જ રીતે તેને વસ્તુસ્થિતિના બદલે કંઈક હળવી ગણવામાં આવે તો જેટલી ચિંતા થવી જોઈએ તેના કરતાં ઓછી થશે. હળવી મનઃસ્થિતિમાં એક તો ચિંતાને કારણે થનાર નુકસાનથી બચાવ થઈ જાય છે અને શાંતચિત્તથી ઉપયોગી પ્રવૃત્તિઓ હાથ ધરવી સરળ બની જાય છે. નિશ્ચિંતતા અને નિર્ભયતા જેવા ગુણોની એટલા માટે પ્રશંસા કરવામાં આવી છે કે વાસ્તવિક કઠિનાઈ આવતાં તેનો સામનો કરી શકવા યોગ્ય સાહસ અને વિવેક સુરક્ષિત બની રહે છે. હળવી મનઃસ્થિતિવાળી વ્યક્તિ જો સંકટ માથા પર આવી જાય અને તેને ભોગવવું જ પડે તો તેને ધીરજથી સહન કરી લે છે. તે વિચારે છે કે જ્યારે સારા દિવસો ન રહ્યા તો ખરાબ દિવસો પણ વધુ સમય કેમ ટકશે. સમય બદલાશે, સારી સ્થિતિ આવશે અને પછી નવી રીતે પ્રયત્ન કરીને પ્રસ્તુત નુકસાનની ખોટ દૂર કરી લઈશું. સારા ભવિષ્યની આશા કરતાં રહીને કઠિન સમય સરળતાપૂર્વક પસાર થઈ જાય છે. જોકે સારો સમય પણ ખરાબ ભવિષ્યની નિરાશાજનક કલ્પનાઓ કરતાં રહેવાથી ભાર રૂપ બની જાય છે અને સુખદ વર્તમાનના આનંદનો લાભ લઈ શકવો સંભવ રહેતો નથી.

વિપત્તિને ટાળવાનો અથવા હળવી કરવાનો સૌથી સસ્તો અને સૌથી હળવો કીમિયો એ છે કે કઠિનાઈને હળવી માનવામાં આવે અને તેને હલ કરવા પર વિશ્વાસ રાખવામાં આવે. સાચો અને સંપૂર્ણ પ્રયત્ન કરવો આવી જ મનઃસ્થિતિમાં સંભવ બની શકે છે. અધકચરું ચિંતન તો એથી પણ વધુ ઊંડા કાદવમાં ફસાવી દે છે. ઉજ્જવળ ભવિષ્યની આશા છોડી દેવામાં આવે તો પછી ચારેતરફ અંધકાર દેખાઈ આવશે અને હળવી સરખો કઠિનાઈને પણ પાર કરવી પહાડ ઉઠાવવા જેવી ભારે માલૂમ પડશે.

અનુકૂળ પરિસ્થિતિઓ સામે આવતાં જ પ્રસન્નતાનો અનુભવ કરવાની ટેવ રહે તો પછી જીવનમાં આનંદદાયક કેટલીક ક્ષણો પણ કદાચિત જ મળી શકશે. તેનું કારણ એ છે કે થોડો લાભ થતાં જ તેનાથી મોટી આકાંક્ષા જાગી ઉઠશે અને જે પ્રાપ્ત થઈ શક્યું તે અપેક્ષા કરતાં ઓછું અને અસંતોષકારક જણાશે. ઇચ્છાની તુલનામાં જો પ્રાપ્તિ ઓછી હોય તો દુઃખ થશે, પરંતુ જો પ્રાપ્તિ કરતાં ઇચ્છા ઓછી હોય તો સંતોષ અને આનંદ પણ મળશે. ઇચ્છા હોય તેટલી પ્રાપ્તિ થઈ જાય એ કદાચિત્ જ સંભવ થાય છે. પ્રાપ્તિઓ તો સીમિત રહેશે, જોકે ઇચ્છાઓ ક્ષણ પછી પહેલાં કરતાં વધીને અનેકગણી થઈ શકે છે. આથી ઇચ્છા અને પ્રાપ્તિનું સમતોલન કદી થશે નહીં. આવી દશામાં એક સરળ ઉપાય એ છે કે પ્રાપ્તિઓની તુલનામાં ઇચ્છાની સીમા ઘટાડી દેવામાં આવે અને જે મળી શક્યું છે તેમાં પૂરો સંતોષ અને આનંદ અનુભવવામાં આવે. દૃષ્ટિ વિકસાવતા એવા અસંખ્ય વ્યક્તિઓ મળશે જે પોતાની તુલનામાં કેટલીય વિશેષ ગઈગુજરી સ્થિતિમાં રહીને સંતોષનું જીવન જીવી રહ્યા છે. તેમનું અનુકરણ કરીને આપણે પણ આપણી પ્રસન્નતાને સદાય પ્રત્યેક સ્થિતિમાં અક્ષય બનાવીને રહી શકીએ છીએ.

ઉન્નતિ માટે ઉત્સાહપૂર્વક પ્રયાસ કરવો એક વાત છે અને પોતાની જાતને દીન-દરિદ્ર અનુભવવી બીજી વાત છે. ખેલાડી જીતવા માટે, પહેલવાન કુસ્તી લડવા માટે, વિદ્યાર્થી ઊંચો દરજ્જો મેળવવા માટે હરીફાઈમાં ઉતરે છે, પરંતુ તે ન મળે ત્યાં સુધી પોતે પોતાને દીનદુઃખી માનતા નથી. તેમને પ્રાસંગિક સ્થિતિ પર સંતોષ અને ગર્વ પણ થાય છે. છતાં પણ વિશેષ પ્રસન્નતા મેળવવા અને આગળ વધવાનો પ્રયત્ન ચાલુ રાખે છે. આપણા પ્રયત્નો પ્રગતિની દિશામાં ચાલુ રહે, પરંતુ એના માટે વર્તમાન સ્થિતિને અસંતોષજનક માનવી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને ઉદાસ રહેવું આવશ્યક નથી.

હળવી, મસ્તીભરી, આનંદ અને સંતોષકારક જિંદગી જીવવાની યોજના બનાવવી જોઈએ અને આ માર્ગમાં જે કોઈ અવરોધો હોય, તેમને વીણીવીણીને માર્ગ પરથી હટાવવા જોઈએ. વિચાર કરવાથી પોતાને સૌથી મોટી અભાવગ્રસ્ત કઠિનાઈઓથી ઘેરાયેલા, વિરોધી દુર્જનોની વચ્ચે રહેલા અને ભવિષ્યમાં વિપત્તિઓની સંભાવનાઓથી ઘેરાયેલા અનુભવીશું તો જીવ હંમેશાં ઉદાસ અને દુ:ખી રહેશે. ભવિષ્યમાં શું બનવું છે એની કોઈને ખબર નથી, તો પછી વિપત્તિની આશંકાઓ કરવાને બદલે ઉજ્જ્વળ ભવિષ્યની કલ્પના કેમ ન કરીએ અને નિરાશાની જગ્યાએ આશા કેમ ન રાખીએ ? સાથીઓના દોષ જ કેમ જોવામાં આવે ? તેમનામાં જે ગુણો છે તેને કેમ ન સમજીએ ? તેમની ભૂલો પ્રત્યે કેમ વિચાર કરતાં રહીએ ? તેઓ જ સહયોગ અને સદ્‌ભાવ આપી રહ્યા છે. તેમના સુખદ પ્રસંગોને કેમ ન યાદી રાખીએ ? સ્વજનોના દોષદુર્ગુણો જોવા અને સુધારવા યોગ્ય છે, પરંતુ તે કાર્ય ડૉક્ટર અને રોગીની માફક તેમજ વડીલ અને બાળકની ભાવનાપૂર્વક ઉદારતાથી ચિડ કર્યા સિવાય કરી શકાય છે.

જે ઈશ્વરે આપ્યું છે તે પણ ઓછું નથી. પશુપક્ષીઓ, દુ:ખીગરીબો અને બીમાર અપંગોની તુલનામાં હજુ પણ આપણી સ્થિતિ ક્યાંય સારી છે અને એના પર આનંદમોજ મનાવી શકાય છે અને વધુ મેળવવા માટે ઉત્સાહ અને આશાભરી મન:સ્થિતિમાં પ્રયત્ન ચાલુ રાખી શકાય છે. આપણો મોટાભાગનો માનસિક બોજ અવાસ્તવિક અને નિરાધાર હોય છે. ચિંતનની વિકૃતિઓ જ આપણને અશાંત બનાવે છે. સંતાનના અભાવમાં કેટલાય લોકો દુ:ખી રહે છે. જોકે જવાબદારીઓનો બોજ હળવો થવાને કારણે તેમણે સંતાનનો ભાર ઉપાડવામાં બેસુમાર પીડાતા લોકોની તુલનામાં વિશેષ પ્રસન્ન રહેવું જોઈતું હતું. આ રીતે અનેક બિનજરૂરી મહત્ત્વાકાંક્ષાઓ માનવીને દુ:ખી બનાવતી રહે છે. જેમના સિવાય જીવનક્રમનો સામાન્ય નિર્વાહક્રમ અટકતો નથી, એવી બિનજરૂરી મહત્ત્વાકાંક્ષાઓ અને વાસનાઓનો બોજ સરળતાથી હળવો કરી શકાય છે અને સાદગીભર્યા સરળ જીવનનો આનંદ લઈ શકાય છે. વાસ્તવિક કઠિનાઈઓ સામે ટક્કર લેવામાં આવે અને તેમને દૂર કરવા પૂરી તાકાત લગાડવામાં આવે છતાં પણ તે દૂર ન થાય તો ભાગ્યની બલિહારી સમજવામાં આવે. તેને વિશેષ સર્તક્તા અને ક્ષમતા લગાડવાનો તેમજ અનુભવ પ્રાપ્ત થવાનો અવસર પણ માની શકાય છે. તેને દૃઢતા, સાહસિક્તા, સમતોલન વગેરે સદ્‌ગુણોની પરીક્ષાનો અવસર પણ માની શકાય છે. વધુ સંકટગ્રસ્તની તુલનામાં સ્વયંને વિશેષ ભાગ્યશાળી માની શકાય છે. યોગ્ય રીતે વિચાર ન કરી શકવાના કારણે ચીડ થતી હોય છે અને પરિણામે મન:સ્થિતિ બગડે છે. તેને સુધારી લેવાથી મોટાભાગની સમસ્યાઓ દૂર થઈ જાય છે. છતાં પણ કોઈ કઠિનાઈ રહે તો તેને સામાન્ય ઘટનાક્રમ સમજીને હસતાં-રમતાં સહન કરી શકાય છે.

આ રીતના અન્ય અપ્રિય પ્રસંગો પ્રત્યેકનાં જીવનમાં કોઈ પણ સમયે બનતાં હોય છે. જો એમને વીણીવીણીને એકત્ર કરતાં રહીએ અને તેમને જ યાદ કરતાં રહીએ તો સમગ્ર જિંદગી દુ:ખી અને મુશ્કેલ જણાશે. આથી ઊલટું જો સુખદ પ્રસંગોને શોધતાં રહીએ તો તે એટલા બધા જોવા મળશે કે જેમના આધાર પર સુખી જીવન જીવ્યાનો ગર્વ અનુભવી શકાશે. એક યાદ દુ:ખી બનાવે છે, તો બીજી હોઠ પર હાસ્ય ફરકાવી દે છે. એ બેમાંથી જેની પસંદગી કરવી હોય તેનો પ્રસન્નતાપૂર્વક સ્વીકાર કરવો.

હસીખુશીનું હળવું અને મસ્તીભર્યું જીવન શારીરિક, માનસિક, કૌટુંબિક અને આર્થિક સર્વ ક્ષેત્રોને પ્રભાવિત કરે છે અને સુખદ સંભાવનાઓનું નિર્માણ કરવામાં ભારે યોગદાન આપે છે. તેવું જીવન કઠિન નથી, અતિ સરળ છે, પરંતુ તે માટે ચિંતનમાં થોડુંક પરિવર્તન કરવું જરૂરી છે. એમ કરીને ઉદાસ અને દુ:ખી જીવનને હસતું-હસાવતું બનાવવામાં અપેક્ષિત સફળતા મેળવી શકીએ છીએ.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# હે મા ભક્તિ ! માનવનો ઉદ્ધાર કરો

"હે ભગવાન ! આપ તો ઘણા દયાળુ, કૃપાળુ અને સજ્જનોનું રક્ષણ કરવાવાળા છો. આપ પવિત્ર અને કપટરહિત છો. આપ સર્વવ્યાપી સર્વપ્રિય છો. આપ જ પાલક, પોષક સર્વ કંઈ છો. સૃષ્ટિમાં આપના કરતાં વધુ સુંદર કોઈ નથી, આપના કરતાં મોટો કોઈ દાતા નથી. છતાં પણ આપની આ અદ્વિતીય અનુપમ સૃષ્ટિનો એક માનવપ્રાણી આટલો કુટિલ, લુચ્ચો અને કામી કેમ છે ? તે આપનું જ પ્રતિરૂપ છે. છતાં તેનામાં દોષદુર્ગુણ કેમ છે ? મને તો એવું જણાય છે કે આપ મનુષ્યનું સર્જન કરીને છેતરાઈ ગયા છો. આપની સાથે કપટ કરવામાં આવ્યું છે. આપ તેની બુદ્ધિવિવેક કેમ પડાવી લેતાં નથી ? તેનું અસ્તિત્વ કેમ મિટાવી દેતાં નથી ?" સ્વસ્થ સ્ફૂર્તિલો ગૌરવર્ણ યુવક લક્ષ્મીપતિ દયાસાગર ભગવાન વિષ્ણુની પ્રતિમાની સામે ન જાણે કેટલાય સમયથી પોતાની પીડા દર્શાવી રહ્યો હતો, પરંતુ જેમ કોઈ નાના બાળકની બાળક્રીડા પર વડીલો મંદ મંદ હસે છે તેની જેમ પ્રતિમાના મુખમંડળ પર અપૂર્વ તેજ અને મંદ સ્મિતનું હાસ્ય સતત રેલાઈ રહ્યું હતું. તે વેળા અચાનક દેવમંદિરના પુજારીએ તેની આરાધનામાં વિઘ્ન નાખ્યું, "અરે મૂર્તિકાર ! તું હજુ સુધી અહીં જ છો. રાત્રિનો બીજો પ્રહર વીતી ગયો. ત્રીજો પ્રહર શરૂ થઈ ગયો. તેં કંઈ પણ ખાધુંપીધું નથી. છેવટે તું ભગવાન પાસેથી શું ઇચ્છે ?" તે મૂર્તિકાર યુવકે પોતાના ભવ્ય ચહેરા પરથી લાંબા લાંબા વાળની લટો એક હાથ વડે હટાવી અને તે પુજારીને જોઈ રહેતાં કહ્યું, "મહારાજ ! મારે કંઈ ન જોઈએ. મારી તો બસ એક ફરિયાદ છે આ ઈશ્વરને કે જેણે આ દુનિયા બનાવી છે અને તે એ છે કે આ દુનિયા ખરાબ છે. એના લોકો ખરાબ છે." (પુજારી વચમાં બોલી ઊઠયો) એને સમાપ્ત કરી દો. બોલો આ જ તમારી ફરિયાદ છે." "હા, મહારાજ ! (યુવકે હકારમાં માથું હલાવ્યું) "તો પછી સૌથી પહેલાં તમે તમારી આ દેવપ્રતિમાને નષ્ટ કરી દો. (પુજારીએ હળવેથી હસીને કહ્યું) "ત્યાર પછી ભગવાનને સૃષ્ટિનો નાશ કરવાનું કહ્યું." યુવક કંઈ બોલ્યો નહીં. પોતાની વર્ષોની તપસ્યાનું પરિણામ આ દેવપ્રતિમા તેનો પ્રાણ હતી. એના માટે તેણે કેટલાં કષ્ટો વેઠયાં, કેટલીયે તકલીફો ઊઠાવી, કેટલાય દિવસો ભૂખ્યા રહીને પસાર કર્યા, ત્યારે તો આ દેવપ્રતિમાની રચના સંભવ થઈ. એનો તે નાશ કરશે નહીં. એને તો તેણે ફક્ત પોતાના જીવનના કષ્ટો અને તકલીફો સંભળાવવા અને હટાવવા રચના કરી છે. એને તો તે કોઈ કિંમત પર નષ્ટ કરી શકે નહીં. ભલે તેનો પ્રાણ નીકળી જાય, પરંતુ પ્રતિમાને સહેજ પણ નુકસાન થવા દેશે નહીં. પુજારીની વાત સાંભળીને તેનું હૃદય આક્રોશ કરી ઊઠયું, "નહીં પુજારી બાબા નહીં ! આવું તો મારા માટે કદાપિ સંભવ નથી. આ પ્રતિમા નથી, મારી આરાધના છે, મારી પ્રાર્થના છે, મારી તપસ્યા છે. હું તેનો નાશ કેવી રીતે કરી શકું ?" "બસ ! હારી ગયો ? (પુજારીએ જવાબ આપ્યો)" "જરા સરખી આ પ્રતિમા જેને તું તારી આરાધના, પ્રાર્થના, તપસ્યા કહી રહ્યો છે તે તો માત્ર જડ પથ્થરના ટુકડામાંથી બનેલી છે અને તું એને નષ્ટ કરવા માટે કયા આધાર પર કહી રહ્યો છે, બોલ મૂર્તિકાર.

મને ખબર છે કે તારી પાસે આ પ્રશ્નનો કોઈ ઉત્તર નથી, એથી જાઓ અને હજુ વિશેષ પૂર્ણતાને પ્રાપ્ત કરો. હજુ બીજી વધુ આરાધના-ઉપાસના કરો, સ્વયંને અસ્તિત્વહીન કરો, ત્યાર પછી તમે જે ઇચ્છા કરશો તે જ મેળવશો, પરંતુ ધ્યાન રાખજો તમારો વિલય થવો જોઈએ. આ બધું ક્યાં અને કેવી રીતે થશે ?



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એનું સ્વયં ચિંતન કરો." પુજારી થોડે દૂર ગયો અને રાત્રિના ગાઢ અંધકારમાં અદૃશ્ય થઈ ગયો. રાત્રિનો ત્રીજો પ્રહર સમાપ્ત થવા આવ્યો.

મૂર્તિકારની તંદ્રાનો ભંગ થયો, જોયું તો સામે દેવપ્રતિમાની પાસે એક અખંડ દીપક ધીમેધીમે ટમટમી રહ્યો હતો. મૂર્તિકાર ઊઠયો, પોતાની મોટી ચાદર ઠીક કરી અને ચાલી નીકળ્યો. તે ચાલતો અને ચાલતો જ રહ્યો. સવાર થઈ, બપોર વીતી ગઈ, સાંજની વેળા આવી ગઈ. નદીઓ, સરોવરો પાર કર્યા. ગાઢ જંગલો પાછળ રહી ગયા. હવે તે હિમાલયના ઊંચા ઊંચા પહાડોની નીચે આવી ગયો કે જ્યાંથી હિમાલયની શરૂઆત થાય છે.

વિશાળકાય શિલાખંડોનું ગાઢ જંગલ હતું. આ શિલાખંડોના જંગલમાં ફરતાં ફરતાં સાંજ થઈ ગઈ. સૂર્યદેવ ઊંડી ઉદાસીથી ઊંચા ઊંચા શિખરોમાં અદૃશ્ય થઈ ગયા. બાકી હતી આકાશની લાલિમા અને સૂનસૂન કરતી હવાનો શોર. રાત્રિનો અંધકાર વધવા લાગ્યો. તે અંધારામાં ફરતો રહ્યો, કંઈ શોધતો રહ્યો. ધીમેધીમે રાત્રિ પસાર થઈ. સોનેરી પ્રભાત થવાની તૈયારી હતી. તે સોનેરી પ્રભાતની ગણગણાતી ધૂપમાં જે દૃશ્ય તેણે જોયું તો જોતો જ રહી ગયો. પોતાને અદ્‌ભુત સૌંદર્ય અને અલૌકિક શિલાખંડોથી ઘેરાયેલો જોયો. કેટલાક શિલાખંડો તેની લંબાઈ જેટલા હતા, કેટલાક તેનાથી ઊંચા હતા, બિલકુલ માનવાકારની લંબાઈના હતા.

તે શિલાખંડો જોતાં લાગતું હતું કે કોઈ દેવતાએ રોષે ભરાઈને પોતાના વસાવેલા સમગ્ર નગરના લોકોને શાપ દઈને શિલાખંડોમાં ફેરવી દીધા હોય. પ્રત્યેક શિલાખંડ એક મૂંગી વાત કહી રહ્યો હતો. એ વાત સૌંદર્યની, અદ્‌ભુત કલાની, પ્રેમ અને સ્નેહની હતી. જણાતું હતું કે આ શિલાખંડો હમણાં જ બોલી ઊઠશે, સહેજ અડકતાં ન જાણે જાગી જશે. રંગ પણ ખૂબ સુંદર હતો. કેટલાક તો ન જાણે જીવિત મનુષ્યની દેહાકૃતિ સમાન સોનેરી આભાવાળા હતા અને કેટલાક બિલકુલ દૂધિયા હતા. ત્યાર પછી તેની નજર તે ભવ્ય સુનસાન મહેલ પર પડી. તેને જોતાં જણાતું હતું કે હમણાં જ કોઈએ તેની સાફસફાઈ કરી હોય. તેની આસપાસની ફૂલવાડીનું દરેક ફૂલ અલૌકિક મનભરી સુગંધ રેલાવી રહ્યું હતું.

જેવો તે ભવ્ય મહેલના દરવાજા પર પહોંચ્યો તેવો જ સામે કોમળ સોનેરી આભાવાળો એક શિલાખંડ દેખાઈ આવ્યો. તેની ચારેતરફ કરેણ જેવા પુષ્પોની સજાવટ હતી. આવો શિલાખંડ તો તેણે કદી જોયો ન હતો. ધીમેધીમે તે તેની પાસે પહોંચી ગયો અને તેને ત્યાંથી જ એકીટસે જોતો જ રહી ગયો. થોડા સમય તેને એવો આભાસ થયો કે કોઈએ તેને અહીં બળજબરીથી બેસાડી રાખ્યો હોય.

હવે સંપૂર્ણપણે રાત્રિનો ગાઢ અંધકાર છવાઈ ગયો. મૂર્તિકાર ભૂલી ગયો કે તે કોણ છે ? અહીં કેવી રીતે આવ્યો ? તેને કંઈ પણ યાદ રહ્યું નહીં, તે પોતાનામાં ખોવાઈ ગયો. ત્યારબાદ અચાનક તે મૂર્તિકારે પોતાના થેલામાં હાથ નાખ્યો અને તંદ્રામાં જ છીણી હથોડી કાઢીને તે શિલાખંડ પર ચલાવવાની શરૂઆત કરી દીધી. શિલાખંડની કેટલીક મોટી મોટી કરચો છૂટી પડવા લાગી. જેમ કોઈ હીરાના બાહ્ય પડળો દૂર થતાં તેનામાં ચમક આવી જાય છે, તેની જેમ શિલાખંડમાં ફેરફાર થવા લાગ્યો. આમ તે મૂર્તિકારે સાવધાનીથી પાતળી પડળો દૂર કરીને તે શિલાખંડમાં સૂતેલી નારી પ્રતિમાને જગાડી દીધી.

મૂર્તિ જોતાં જણાતું હતું કે વર્ષોથી કોઈ અદ્વિતીય, અનુપમ અને અપ્રતિમ સૌંદર્યની દેવી શાપિત થઈને સૂઈ ગઈ હોય અને તેની સાથે જ ન જાણે સંસારની પ્રેમભરી પવિત્ર હવા સૂઈ ગઈ હોય અને આ મૂર્તિકાર જે સાક્ષાત્ દેવપુરુષ છે જે એને શાપથી મુક્ત કરી રહ્યો છે અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પુનઃ સંસારમાં પ્રેમસ્નેહની પવિત્ર હવા વહેવડાવવાનો પ્રયાસ કરી રહ્યો છે.

વાસ્તવમાં કોઈ હળવેથી કોઈના બંધનો કાપતું હોય તેની જેમ તે મૂર્તિકાર શિલાખંડમાંથી મૂર્તિ પ્રગટાવવા છીણીહથોડી ચલાવી રહ્યો હતો. જો છીણીહથોડી પ્રતિમાને સહેજ પણ આડીઅવળી લાગી જતી તો તેને પોતાના શરીર પર કોઈએ ભારે ઘા કર્યો હોય તેમ જણાતું અને તે ચીસ પાડી ઊઠતો. આમ શિલ્પકામ કરવામાં તે મૂર્તિકારની રાતો વીતી, અઠવાડિયાં વીત્યા અને પછી મહિનાઓ વીતી ગયા. મૂર્તિકાર શિલ્પકામમાં એવો ભાવવિભોર થઈ ગયો, જેમ તેને પરમપદ મળી ગયું હોય અને ઈશ્વરના દર્શન થઈ ગયા હોય. આ રીતે કામ કરતાં અચાનક એક સવારે તેની છીણીહથોડી અટકી ગઈ, ન જાણે કોઈએ તેના હાથ પકડી લીધા હોય, તંદ્રા દૂર થઈ, સામે જોયું તો હર્ષ અને આશ્ચર્યથી આંખો ચમકી પડી. દૃશ્ય અદ્‌ભુત અને અલૌકિક હતું. મંદમંદ વહેતી હવાની લહેરોથી મનભરી સુગંધ ફરકી રહી હતી. તે ઝૂમી પડયો. જે બધા કાલ સુધી શિલાખંડો હતા તે બધા આકર્ષક સુંદર મૂર્તિઓમાં ફેરવાઈ ગયા.

હવે ત્યાં કોઈ શિલાખંડ ન હતો. ચારેતરફ આકર્ષક નયનરમ્ય મૂર્તિઓ જ મૂર્તિઓ હતી. જે કોઈ જોતું તે જોઈ જ રહેતું, આવી સજીવ, સજલ, સૌંદર્યવાન સૂક્ષ્મ અંગઉપાંગોવાળી પ્રતિમાઓ ન જાણે તેણે કદી જોઈ જ ન હોય, પરંતુ સૌથી મોટું આશ્ચર્ય તો એ હતું કે આ બધા શિલાખંડો આટલી સુંદર મૂર્તિઓમાં કેમ કરીને ફેરવાઈ ગયા. એના કરતાં વધુ કૌતુક તો તેને એ વાતનું હતું કે તેણે પોતે સામે બેઠેલી દેવીપ્રતિમા કેવી રીતે સજાવી અને તેના હાથ કેવી રીતે ચાલ્યા. તે દૈવી પ્રતિમામાંથી અલૌકિક સૌંદર્ય પ્રગટ થઈ રહ્યું હતું. તેના હોઠો પર મંદમંદ હાસ્ય ફરકી રહ્યું હતું. તે તેને જોતો જ રહ્યો અને મનમાં વિચારવા લાગ્યો, પરંતુ આ શું ? અચાનક મૂર્તિની બંધ આંખો ખુલવા લાગી. તેના હોઠ સજીવ થઈને ખિલખિલાઈ ગઈ. તેની નિષ્કપટ અને પવિત્ર ખિલખિલાટથી સમગ્ર વાતાવરણ ગૂંજી ઊઠયું. પત્તું પત્તું પુલકિત થઈ ગયું. કણકણ નાચી ઊઠયું. વાતાવરણ દિવ્ય થઈ ગયું. અલૌકિક સંગીતની સ્વર લહેરીઓ વાતાવરણમાં ગૂંજવા લાગી. મૂર્તિકાર સ્તબ્ધ થઈને કૌતુક જોતો રહ્યો. તે હાથ જોડીને મૂર્તિની સામે પ્રણામની મુદ્રામાં માથું નમાવીને ઊભો રહી ગયો. અચાનક મધુર વાણી મૂર્તિના સ્વયં મુખેથી ગૂંજી ઊઠી, "મૂર્તિકાર ! તમોને અભિનંદન છે અને તમારું સ્વાગત છે. બોલો, મૂર્તિકાર, તમે મને શા માટે બોલાવ્યો છે ? તમે મને યુગોની નીંદમાંથી શા માટે ઊઠાડયો છે ? તમારી શી આશા અને અપેક્ષા છે ?"

મૂર્તિકાર પોતાની બનાવેલી મૂર્તિ અને તેના મધુર હાસ્ય પર મુગ્ધ હતો. તેને કંઈ ભય મિશ્રિત અને કંઈ ઈશ્વરની અલૌકિક્તા પર કૌતુક હતું. મૂર્તિકાર પોતાના હાથ વડે બનાવેલી મૂર્તિની સામે યાચક બનીને ઊભો રહી ગયો. તેણે હાથ જોડીને માથું નમાવી દીધું અને ભારે શ્રદ્ધાપૂર્વક ઉત્તર આપ્યો, "દેવી, ક્ષમા માગુ છું. સૌથી પહેલા એ જણાવો કે હું તમને કયું સંબોધન કરીને બોલાવું ?" દેવી મુંઝવણમાં પડી ગઈ. પોતાના જ મુક્તિદાતાની તે કોણ છે ? તે શું કહે કે આમ કહીને સંબોધિત કરો. બીજી જ પળે સજીવ મૂર્તિના ચહેરા પર હળવું હાસ્ય ફરકી ઊઠયું. તે બોલી, "આ જીવ જગતમાં મારાથી મોટું કોઈ નથી. આથી હે મૂર્તિકાર ! તું પણ મને મા સમજ અને મા કહીને બોલાવ."

ઠીક છે મા (મૂર્તિકાર બોલ્યો), હવે હું મારી શી ઇચ્છા છે તે બતાવું છું. હે મા ! ઈશ્વરની બનાવેલી આ સૃષ્ટિમાં સર્વ કંઈ ઈશ્વરનું જ છે. તો પછી આટલા રોગ-શોક કેમ છે ? આટલું



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દુ:ખદારિદ્ર કેમ છે ? એવું કહેવાય છે કે દુ:ખરૂપી અગ્નિથી તપીને એક શ્રેષ્ઠ મનુષ્યનો જન્મ થાય છે. મનુષ્ય ઈશ્વરનું લઘુરૂપ બની જાય છે, પરંતુ દુ:ખો વધે તેમ મનુષ્ય વધુ અધર્મી અને અત્યાચારી થતો જાય છે, તે શ્રેષ્ઠતાને મેળવવાને બદલે નાસ્તિક બનતો જાય છે. આજે મનુષ્ય બધા માનવીય સંબંધો અને ભાઈચારાને ભૂલી રહ્યો છે. એટલા માટે હે મા ! મારી વિનંતી છે કે તમે માનવીને માનવ બનાવી દો. તેને એવી પ્રેરણા આપો કે તે ઈશ્વરનો પુત્ર કહેવડાવવા યોગ્ય બની જાય. હે મા ! માનવનો ઉદ્ધાર કરો. તેના અંતરમાં વસેલી ઘૃણાને દૂર કરીને અલૌકિક ભાવ જગાડી દો. તેને ધર્મનું પ્રતિબિંબ બનાવી દો. આટલા માટે મેં તમને બોલાવ્યા છે. તમને ભગવાનથી અવતરિત થવાનું વરદાન માગ્યું છે અને મા હું ઇચ્છું છું કે તારા યોગ્ય એક મંદિર બનાવીને આ જીવ જગતમાં તારી સ્થાપના કરું. દુનિયાના બધા લોકો તારી પાસે આવીને આ સૃષ્ટિના કલ્યાણની કામના કરે અને તેની સાથે જ તેમના હૃદયમાં ધર્મ અને માનવતા પ્રત્યે સંપૂર્ણ પ્રેમ પ્રગટે, જેનાથી માનવીમાં રહેલા દુ:ખ અને ક્લેશો આપોઆપ દૂર થવા લાગે. બસ, આ જ એક મારી કામનાને પૂરી કરો."

દેવીએ ઘણા પ્રેમથી કહ્યું, "તથાઽસ્તુ ! પરંતુ બેટા ! તું તારા માટે કંઈ માગીશ નહીં ?" "જરૂરથી, મા ! (મૂર્તિકાર બોલ્યો). હું મારા માટે કેવળ એટલું ઇચ્છું છું કે જે લોકો અહીં તારા દર્શન કરવા આવે તેઓ મને ભૂલી જાય. તેઓ એ ભૂલી જાય કે આ મમતામયી, કરુણામયી, પ્રેરણાદાયી માનું અવતરણ કોનાથી થયું છે. તેઓ મને ભૂલી જાય, મારું નામ ન લે. મારું નામ શોધવા ન લાગે. તેઓ તારા દર્શન કરે, તારો સાક્ષાત્ કરે અને તેમના હૃદયમાં એક અલૌકિક આનંદ અને ઉલ્લાસ પ્રગટે. બસ, મા ! મને આ જ વરદાન આપો."

મૂર્તિકારની ઇચ્છા સાંભળીને દેવી ખૂબ જ ધર્મ સંકટમાં પડી ગઈ. તે મૌન થઈ ગઈ. થોડી વાર વિચાર કર્યા પછી બોલી "મૂર્તિકાર ! હું એક દેવી છું તો એક મા પણ છું." તેં તારા માટે વરદાન માગીને જગતના બધા ભક્તોના માર્ગને બદલી દીધો. મને ઘણું મોટું દુ:ખ છે કે મેં તને વચન આપ્યું. તેં મારું અવતરણ કરાવીને સ્વયંને સમાપ્ત કરવાનું વરદાન માગ્યું છે. બેટા ! તું મારી સામે રહીશ, હું સંસારના બધા કષ્ટક્લેશ દૂર કરતી રહીશ, બધા રોગ દૂર કરતી રહીશ. પછી દેવી થોડા સમય માટે મૌન બની ગઈ. કદાચ મૂર્તિકારની બોલવાની પ્રતીક્ષા કરવા લાગી, પરંતુ મૂર્તિકાર પોતાના સંકલ્પ પર અડગ હતો. દેવી બોલી, "ઠીક છે બેટા ! જો તારી આવી જ ઇચ્છા છે તો હું તને વરદાન આપું છું કે તું મારાથી ભિન્ન રહીશ નહીં, તું મારાથી અલગ થઈ શકતો નથી. હું એક શિલાખંડમાં સમાયેલી હતી, તેમાં સુષુપ્ત હતી, તેં મારું અવતરણ કર્યું છે તેથી હવે તારું સ્થાન મારા હૃદયમાં રહેશે. હું તને મારામાં સમાવી લઉં છું. આજથી તું અસ્તિત્વ વગરનો રહીશ. તારું કોઈ રૂપ, કોઈ નામ, કોઈ અંશ મારાથી ભિન્ન રહેશે નહીં. સમગ્ર વિશ્વ જ્યારે મને નમન કરશે તો તારા માટે પણ હશે અને આટલું કહીને દેવીએ તથાઽસ્તુ કહી દીધું. દેવીએ આટલું કહેતાં જ મૂર્તિકારનું સ્વરૂપ નિર્જીવ થઈને એક તરફ ઢળી પડ્યું. વાતાવરણમાં દિવ્ય સ્તુતિ ગૂંજી પડી. ત્યારથી જ એવું કહેવાય છે કે દરેક ભક્ત પોતાના ઇષ્ટની ભક્તિરૂપી એક મૂર્તિ પોતાના અંતરમાં સ્વયં બનાવીને તેને સજલ સ્વરૂપ આપતો રહ્યો છે અને પછી તેમાં વિલીન થઈને સ્વંયને સમાપ્ત કરી પરમ પદને મેળવતો રહ્યો છે. કદાચ એટલા માટે જ કહેવાય છે કે એક સાચા ભક્તનું પોતાનું કંઈ હોતું નથી. સર્વ કંઈ તે પરમપિતા પરમાત્માનું જ હોય છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# જિત દેખૂં તિત લાલ...

કબીરદાસને કોઈએ પૂર્ણતાની વ્યાખ્યા પૂછી. કબીર બોલ્યા -

**લાલી મેરે લાલ કી, જિત દેખૂં તિત લાલ ।**
**લાલી દેખન મૈં ગઈ,મૈં ભી હો ગઈ લાલ ॥**

સંત કવિ તુલસીદાસે પણ સમગ્ર સંસારને સિયારામમય કહ્યો છે. આપણે સ્વયં બ્રહ્મનો એક અંશ અને પૂર્ણ છીએ. તેઓ કહે છે -

**સિયારામમય સબ જગ જાની ।**
**કરહું પ્રણામ જોરિ જુગ પાની ॥**

અગ્નિનું સ્વરૂપ પ્રકાશ છે. તેની ઉપર રાખનું પડ જામી જવાથી તેનું અસલી રૂપ દેખાતું નથી. તે માત્ર રાખનો ઢગલો જણાય છે, પરંતુ જેવું ઉપરનું આવરણ દૂર થાય છે, તેવો જ પ્રકાશપુંજ દેખાવા લાગે છે.

મનુષ્યની ઉપર પણ અહંકાર, કામ, ક્રોધ, મદ, મત્સરનું આવરણ ચઢેલું છે. આ આવરણને લીધે તેનું અસલી સ્વરૂપ પ્રગટ થતું નથી. મનુષ્ય દેવ સ્વરૂપ, આનંદ સ્વરૂપ અજર અને અમર છે. ગીતામાં પણ ભગવાને આત્માને અવિનાશી કહ્યો છે.

પૂર્ણ બ્રહ્મ પરમેશ્વર પોતાની શક્તિઓનો અનંત સ્રોત હંમેશાં વહેવડાવતા રહે છે. માનવીને તેમનું વરદાન અને પ્રેમ હંમેશાં મળતો રહે છે. પૂર્ણ બ્રહ્મ પોતાના પૂર્ણ માનવનું સિંચન કરતાં રહે છે.

મનુષ્ય સિંચન ક્રિયા દ્વારા પોતાના પૂર્ણ પિતાની કૃપા મેળવીને પૂર્ણતાની તરફ આગળ વધે છે. પૂર્ણમાં લીન થઈ જવામાં તેનો ફાયદો છે.

મનુષ્ય પૂર્ણ છે અને પૂર્ણથી ઉત્પન્ન થયો છે. સમગ્ર બ્રહ્માંડ અણુના રૂપમાં ભ્રમણ કરી રહ્યું છે. બ્રહ્મનું લઘુ સ્વરૂપ અણુ સર્વત્ર જોવા મળે છે. અણુઓના મિલનથી પદાર્થનું સ્વરૂપ બને છે. માનવ શરીર પણ અણુઓનું બનેલું છે. બ્રહ્મ અણુરૂપમાં છે અને આપણું શરીર અણુઓનો સમૂહ છે, એટલા માટે આપણે સ્વયં પ્રભુમય બની ગયા.

અધ્યાત્મ આપણને તે મહાનતાની તરફ ચાલવાનો સંકેત કરે છે. જ્યારે આપણા રોમેરોમમાં, નસેનસમાં, આંખ, કાન, મન અને મગજમાં તથા વિચારોમાં, બ્રહ્મ સત્તા જોવા મળે, ત્યારે આપણે અધ્યાત્મવાદી બની શકીએ છીએ. નિરાભિમાની થઈને આપણા કર્તવ્યોનું પાલન કરવાથી આપણામાં અખૂટ શક્તિઓ પ્રગટ થઈ જશે.

આપણા સહજ ધર્મનું પાલન કરવામાં પૂર્ણતાની પ્રાપ્તિ છે. મનુષ્યનો જન્મ થયો તે પહેલા સ્વધર્મની સ્થાપના થઈ ગઈ છે. જન્મની પૂર્વે માતાપિતા તથા સમાજ આપણે માટે તૈયાર રહે છે. આથી માતાપિતા અને સમાજ પ્રત્યે આપણો સ્વધર્મ પહેલાથી તૈયાર છે. એની પ્રત્યે કરેલું કર્મ આપણને બ્રહ્મની નજીક પહોંચાડી દે છે.

અનંત બ્રહ્મથી નીકળેલા માનવીએ પોતાને સીમાબદ્ધ કરી લીધો છે, એથી તે અનંત સુખને મેળવતો નથી. નદીનું પાણી જ્યાં સુધી સમુદ્રમાં મળી જવા માટે ઉતાવળું રહે છે ત્યાં સુધી તેનામાં ગતિ અને તેજ જણાય છે, પરંતુ જ્યારે તે સરોવર કે તળાવનું રૂપ ધારણ કરી લે છે ત્યારે ગતિ અટકી જાય છે અને તેમાં દુર્ગંધ પેદા થાય છે.

મનુષ્યે પોતાને સીમિત બંધનોમાં બાંધી લીધો છે. જાતિ, દેશ, સંપ્રદાયના વાડામાં પૂરાયેલો મનુષ્ય પૂર્ણ બ્રહ્મને મેળવી શકતો નથી. આવા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નિમ્ન વિચારોને કારણે તેને અનેક પ્રકારના દુઃખ વેઠવા પડે છે.

શરીરને મહત્ત્વ ન આપતાં તેમાં બેઠેલા આત્માને ઓળખવો જરૂરી છે. આત્મા અને પરમાત્મામાં કોઈ તફાવત નથી. તે પરમાત્માનો અંશ હોવાથી તેમની માફક શક્તિવાન, તેજવાન અને સત્યવાન છે. આટલા માટે આત્માની અમરતાને આપણે સહજ ઓળખી શકીએ છીએ. માયા, મોહ અને અજ્ઞાનને લીધે આપણે પોતાને ઓળખી શકતા નથી. આથી પૂર્ણતાની પ્રાપ્તિની પૂર્વે આત્મબોધ અને આત્મતત્ત્વની અખંડતાને સમજવી જરૂરી છે.

## માનસિક બ્રહ્મચર્ય

બ્રહ્મચર્ય એ ચિંતનની એક પદ્ધતિ છે. તે એવા વિચારોનું પ્રતીક છે, જે આપના જીવનનું એક અંગ બની ગયું છે. જે સંસ્કાર આપના જન્મજન્માંતરોથી ચાલતા આવે છે, તેનું એક રૂપ આપની કુદૃષ્ટિ અને વિચારોની ઝાંખીના રૂપમાં જોવા મળે છે. કોઈ જમાનામાં આપ ૮૪ લાખ યોનીઓમાં રહ્યા હતા એ વખતે એક કૂતરા સ્વરૂપે પણ હતા કે શું ? હાં ગુરુજી, ચોક્કસ રહ્યા હોઈશું. આગળ-વધતાં વધતાં તો આજે માનવી બન્યા છીએ. જ્યારે આપ કૂતરાની યોનિમાં રહ્યા હતા ત્યારે શું આપની સામે મા-બહેન જેવો કોઈ સંબંધ હતો ? ના, એ યોનિમાં આપણને ન તો આપણી બેટીનો ખ્યાલ હતો, ન તો આપણી બહેનનો ખ્યાલ હતો કે પછી ન તો આપણી માતાનો ખ્યાલ હતો. એમની બિરાદરી એક વિશિષ્ટ પ્રકારની હોય છે. આમ અમુક જાતિ કે સમાજ એવો હોય છે કે આ બાબતો અંગે તેમને માટે કોઈ જ ફેર પડતો હોતો નથી. આપને માટે ફરક પડે છે. કારણ કે આપ માનવી છો, સમાજની મર્યાદાઓની ચાદર આપે ઓઢી લીધી છે. જો આ નકાબ આપની ઉપરથી ઉઠાવી લેવામાં આવે અને આપની મર્યાદાઓ વગરનું સ્વરૂપ જોવામાં આવે તો આપનો પણ એવી બિરાદરીમાં સમાવેશ થઈ જશે કે જેના વિશે હમણાં હું આપને કહી રહ્યો હતો. જો વારંવાર કહેવામાં આવશે તો કદાચ ખોટું લાગશે. પરંતુ આપની છાતી ઉપર હાથ રાખીને જુઓ તો ખરા, કે આવી વાત છે કે નહીં ?

યુવાન સ્ત્રીની બાબતમાં પવિત્ર દૃષ્ટિ રાખીને તેના યૌવન સૌંદર્ય વિશેનો અભ્યાસ કરવો જોઈએ. પરંતુ કેટલાક લોકો બેહુદા હોય છે. નારીને માત્ર બાહ્ય રૂપથી જ જોતા હોય છે. નારીમાં તેમને પોતાની માતા, બહેન અને બેટીનાં દર્શન નથી થઈ શકતાં. તેમને તો બધે જ માત્ર વાસના અને વાસના જ નજરે ચઢતી હોય છે. અમે આપની દૃષ્ટિ બદલવા માગીએ છીએ. કામુકતા-વાસના પ્રધાન ચિંતનના મૂળ ઉખેડી નાખી અને એક નવી દૃષ્ટિ આપવા માટે ઈચ્છીએ છીએ. એને જ કહેવાય છે માનસિક બ્રહ્મચર્ય. આપે તેની મર્યાદાઓનું પાલન કરવું જ જોઈએ.

❑ ❑ ❑



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સાંઈ આટલું આપો....

જિંદગી સરળતાથી જીવવા માટે મળી છે. આજકાલની પરિસ્થિતિઓ સીધી અને સરળ હોય એવું શક્ય નથી. તેમાં દરિયાની લહેરોની જેમ કેટલાય ચઢાવ ઉતાર આવે છે. દુનિયામાં બધું જ સરળ હોતું નથી. ઘણા બધા વાંકાચૂકા અને ખાડાટેકરા સંજોગો જન્મે છે. તેનાથી સર્વથા બચી જવું કોઈના માટે પણ સંભવ થતું નથી. દિવસરાત્રિની માફક અનુકૂલતા-પ્રતિકૂળતાઓ પોતપોતાનો રંગ બતાવતી રહે છે. સંપર્કમાં આવનારી વ્યક્તિઓ કોઈ વાર સીધી ચાલે છે તો કોઈ વાર અવળી ચાલે છે, ક્યારેક નરમ રહે છે તો ક્યારેક ગરમ રહે છે. જિંદગીમાં સફળતા-નિષ્ફળતા, સુયોગ-કુયોગ, નફો-નુકસાન જેવા ન જાણે કેટલાય ચઢાવઉતાર આવતાં જતાં રહે છે. આ સહજ અને સ્વાભાવિક છે. આ દુનિયા આપણા જ માટે બની નથી અને પરિસ્થિતિઓ પર આપણું સંપૂર્ણ નિયંત્રણ છે. બધા જ લોકો આપણી મરજી મુજબ જ વ્યવહાર કરે, એ સંભવ પણ નથી. અહીં બધું જ મીઠું નથી, થોડુંક કડવું પણ છે. આવી દશામાં ઝઝૂમતા, સહન કરતાં અને સામનો કરતાં જ દિવસો વિતાવવા પડે છે. આપણને અનુકૂળ અને ઉપયોગી વાતાવરણ બની રહે એ પણ શક્ય નથી. આવી સ્થિતિમાં એક જ ઉપાય છે કે મનમેળ કરીને જિંદગી ચલાવવાની વ્યવસ્થા કરવામાં આવે. એવો રસ્તો કાઢવામાં આવે કે જેમાં સાપ મરે પણ લાઠી ન તૂટે. કુદરતના ક્રમમાં આવતી પરિસ્થિતિઓનું અસમતોલન પણ સચવાઈ રહે. ચહેરાનું હાસ્ય ગાયબ ન થાય. ધીરજ તૂટે નહીં અને નિરાશા, ચીડ તેમજ વ્યાકુળતાના શિકાર ન બનવું પડે.

હળવી જિંદગી જીવનારા લોકો જ શાંતિથી રહે છે અને ચેન તેમજ સંતોષથી દિવસો વિતાવે છે. જીવનને એક રમત સમાન માનવી જોઈએ અને તેની હારજીતની પરવાર કર્યા સિવાય આનંદપૂર્વક તેમાં કૌશલ્ય દાખવીને ચુસ્તીસ્ફૂર્તિથી રમી લેવી જોઈએ. નાટકના નટ જેવો દૃષ્ટિકોણ પણ યોગ્ય છે. કોઈ વાર રાજા તો કોઈ વાર ભિખારી બનવામાં પાત્રને કોઈ સંકોચ જણાતો નથી કે કોઈ દુવિધા થાય છે. તે પોતાની હેસિયત અને પ્રદર્શનની પોકળ વાસ્તવિક્તાને સમજે છે. એટલા માટે ગાદી ગુમાવતાં કે મુગટ ઉતારતાં ચહેરા પર સહેજ પણ ગ્લાનિ થતી નથી. રાત્રે ચાદરની સોડ તાણીને ગાઢ ઊંઘ લઈ લે છે. તેવી જ મનઃસ્થિતિ આપણી પણ હોવી જોઈએ. દિવસ દરમિયાન શું કર્યું ? શું વિચાર્યું હતું, કેટલું પૂરું થઈ શક્યું, કાલની દિનચર્યામાં શું કરીશું ? આમ સૂઈ જતાં પહેલાં પૂર્વવિચારણા કરવી જોઈએ, પરંતુ બની ગયેલા પ્રસંગો, દિવસ દરમિયાન કોઈએ આપણી સાથે કરેલા દુર્વ્યવહારનો બદલો લેવાનું ચિંતન સૂવાના સમયે મન પર આવવા ન દેવું. મન હળવું રાખવું, કંઈ બન્યું છે એની છાયા માત્ર પણ મગજ પર આવવા ન દેવી એ જ જીવન વિતાવવાની સાચી શૈલી છે. તાણ વગરનું મન તુરત જ નિદ્રા દેવીના શરણે જાય છે. આવી હળવી જિંદગી નિરોગી શરીરની જન્મદાતા છે. એકાંત સેવન, ગુફા પ્રવેશ, ગર્ભકાળની સ્થિતિ જેવી માનસિક્તા જો બનાવી શકાય તો કોઈ કારણ નથી કે ભવિષ્યના સંકટો સામે ટક્કર લેવાનું સામર્થ્ય મનુષ્યમાં વિકસિત ન થઈ શકે. મનને સાધીને અનુકૂળ દિશામાં વળાંક લેવો તે જ સાચા અર્થમાં જિંદગી જીવવા બરાબર છે.

મોટામાં મોટી આશા રાખવામાં આવે, પરંતુ ખરાબમાં ખરાબ સંભાવના માટે તૈયાર રહેવું. કર્તવ્ય કરવાની બાબત મનુષ્યના હાથની વાત છે. જો તેને ઈમાનદારી અને જવાબદારીપૂર્વક નિભાવવામાં આવે તો ગૌરવપ્રદ અનુભવ થઈ શકે છે. સફળતામાં અસફળતાની જવાબદારી પણ પ્રત્યક્ષ રૂપે કર્તાના માથા પર જ આવે છે, એ ન સમજવું કે પરિસ્થિતિઓનો કોઈ પ્રભાવ હોતો જ નથી. કેટલીક વખત જાગૃત અને સુયોગવાળા લોકો પણ ઝપટમાં આવી જાય છે. જોકે આંધળાના હાથમાં ખજાનો આવતો પણ જોવા મળે છે. હાથમાં લીધેલું કામ પૂરી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તત્પરતા અને એકાગ્રતાથી કરવું અને તેને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવીને સંપૂર્ણ જવાબદારીથી પરિપૂર્ણ કરવું. આમ છતાંય ક્યારે સંજોગો બદલાશે, એ વિશે કહી શકાય નહીં. જે આપણા કાબૂની વાત ન હોય તેના માટે શું કરવા માથું કૂટવું અને કૂદકાં મારતાં બાળક જેવું શા માટે વર્તન કરવું ?

આપણાથી મોટા લોકોને જોઈને તેમના જેવા વૈભવની આશા રાખવી અયોગ્ય છે. આ દુનિયામાં એકએકથી ચઢિયાતા લોકો હોય છે. કોની કોની સાથે તુલના કરવી અને કયા કયા મનોરથો કરવા ? જો તુલના કરવી હોય તો આપણાથી નાના સાથે કરવી જોઈએ અને અનુભવવું કે તેમના કરતાં આપણને કેટલું વિશેષ સૌભાગ્ય મળ્યું છે. અપંગો, ગરીબો, અભણ, રોગીઓ, અસહાયોની તુલનામાં જો આપણી સ્થિતિ સારી છે તો તેના પર સંતોષ વ્યક્ત કરવામાં શી તકલીફ છે ? એવા અસંખ્ય લોકો હોય છે કે જેઓ પોતાના હિસ્સામાં આવેલ હોય તેને માટે પણ તરફડતા હોય. જેમને બે ટંકનું ભોજન મળી જાય છે અને પોતાના પગ પર ઊભો રહેવાનો અવસર મળ્યો છે તેમણે સંતોષ માનવો જોઈએ અને ભગવાનનો હજાર વખત આભાર માનીને કૃતજ્ઞતા રજૂ કરવી જોઈએ.

પ્રગતિના માર્ગ પર આગળ વધવામાં ભૌતિક અને આત્મિક ઉન્નતિ કરવાનું સાહસ બતાવવું. એમ થવાથી સાધન સગવડો અપેક્ષા કરતાં વધુ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. યાદ રાખવા યોગ્ય હકીકત એ છે કે વૈભવનો સંગ્રહ ન કરવો અને કુટુંબીજનો માટે પાછળ મૂકી જઈને મરવાની વાત ન વિચારવી. વૈભવનો સદુપયોગ ન કરતા તેને જમા રાખવાથી અનેક પ્રકારના દુર્વ્યસનો અને ઝગડાઓ સર્જાય છે. વારસદારોને મફતનો માલ ભલે મળે, પરંતુ દુષ્પરિણામો જ પેદા કરશે. હરામનો માલ કોઈને પચતો નથી, કાચા પારાની માફક શરીર ચીરીને બહાર નીકળે છે. તેનાથી વારસદારોને બચાવવા તે સારી બાબત છે અને પરિજનોને સ્વાવલંબી અને સુસંસ્કારી બનાવવાનું કર્તવ્યપાલન કરીએ. આમ થશે તો ઉદ્વેગ જન્માવનાર અડધી જંજાળ મટી જશે.

અશુભ ન વિચારો અને દોષો ન જુઓ કે અંધકારમાં ન ભટકો. ઉજ્જ્વળ ભવિષ્યની આશા રાખો. પ્રકાશ તરફ આગળ વધો. પડછાયાની પાછળ ન દોડો. પ્રકાશની દિશામાં ચાલનારાની પાછળ પાછળ પડછાયો જાય છે. જોકે પડછાયાને પકડવા માટે દોડનારાના હાથમાં થાક અને નિરાશા જ આવે છે. મહાનતા પ્રકાશ છે અને અમીરી પડછાયો છે. શ્રેષ્ઠતા, શાલીનતા અને ઉદારતા અપનાવનારા સામાન્ય સ્તરનો નિર્વાહ કરતાં હોવા છતાં પણ ગૌરવપ્રદ બને છે, જોકે સંપત્તિની પાછળ દોડનારાઓ તે સર્વ શ્રેય સૌભાગ્યોથી વંચિત રહે છે, જે તેમના જેવી સ્થિતિ, યોગ્યતાવાળાને સહજ જ મળી શકે છે. વ્યક્તિત્વ ગૌરવશાળી બને તો કુબેરનો ભંડાર પણ મેળવી શકાય છે. ગુણ, કર્મ અને સ્વભાવમાં શ્રેષ્ઠતા મેળવવા માટે કરેલો પુરુષાર્થ તાત્કાલિક ફળ આપે છે, જોકે સોનાની લંકા ઊભી કરવાની ઇચ્છા કરનારા લોકો હેરાનગતિ સિવાય કશું મેળવતા કે આપતા નથી. મહત્ત્વાકાંક્ષાઓ મહામાનવો જેવા સ્તર સુધી પહોંચવા માટે યોગ્ય છે, પરંતુ જ્યારે તે તૃષ્ણા, વાસના અને અહંકારની દૃષ્ટિથી ઇન્દ્રાસન મેળવવા માટે લલચાય છે તો સર્વનાશ નજીક આવતો દેખાય છે. લાલચ માટે આતુર કમાય છે થોડું અને ગુમાવે છે વધુ.

ચાસણીમાં પગ ફેલાવીને બેમોત મરનારી માખીની દુર્ગતિ અનેક લોકોએ જોઈ અને સાંભળી છે. તો પછી કદી શાંત ન થનારી લાલચ અને તૃષ્ણાની આગમાં કેમ કૂદી પડવું ? કિનારા પર બેસીને થોડી થોડી ચાસણી ચાખનારી માખી નફામાં રહે છે, પેટ પણ ભરી લે છે અને જોખમથી પણ બચી જાય છે. હળવી અને સરળ જિંદગી એને જ કહેવાય છે. જો અમીરો જેવી લાલચ પર સવાર ન થઈએ અને સામાન્ય નાગરિકો જેવું જીવન પૂરતું જણાય ત આગળ વધવાના અવસરો પણ મળી શકે છે. ચિંતનની શ્રેષ્ઠતા મેળવવાના પ્રયત્નો કરવામાં જ સમજદારી છે. આ સ્થિતિને પ્રાપ્ત કરવા માટે ભગવાનને પ્રાર્થના કરવી પડે છે -

**સાંઈ ઇતના દીજિએ, જિસમેં કુટુંબ સમાય ।**
**આપ નહીં ભૂખા રહે, સાધુ ન ભૂખા જાય ॥**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સન્માન વૈભવને નહીં, ગુણોને મળે

મનુષ્ય જીવનની સૌથી મોટી સાર્થક્તા સચ્ચાઈ છે. એના સિવાયનું જીવન ચારેતરફ કાંટા અને પથરાથી ભરેલું બની જાય છે. વ્યક્તિગત, સામાજિક અને રાષ્ટ્રીય ક્ષેત્ર પૈકી પ્રત્યેક ક્ષેત્રમાં સચ્ચાઈનું ખૂબ જ મહત્ત્વ છે. વ્યક્તિગત જીવનમાં મિથ્યાચારી કોઈ પ્રકારની આત્મિક ઉન્નતિ કરી શકતો નથી. તે સામાજિક જીવનમાં અવિશ્વાસ અને અસન્માનનો ભાગીદાર બને છે તેમજ રાષ્ટ્રીય જીવનમાં તો તેને એક આપત્તિ જ માનવામાં આવે છે.

વ્યક્તિગત જીવનમાં આહારવિહારનું નિયમન ન કરવાથી ન જાણે કેટલાય પ્રકારના શારીરિક તેમજ માનસિક રોગો થાય છે. તે રોગોની સામે ટક્કર લેવામાં બહુમૂલ્ય માનવજીવન સમાપ્ત થઈ જાય છે. આથી તેને વર્તમાનમાં કોઈ સુખશાંતિ મળતી નથી અને ન તો ભવિષ્યની કોઈ વ્યવસ્થા કરી શકે છે.

માનવજીવનના પરમ લક્ષ્ય સુખશાંતિને મેળવવા માટે જે શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની જરૂરિયાત હોય છે, તે મિથ્યાચારીના જીવનમાં કદી જોવા મળતું નથી. મિથ્યાચારીનો અર્થ જ એ છે કે તે સર્વ કંઈ ન કરવું જે કરવું જોઈએ અને જે ન કરવું જોઈએ તે જ સર્વ કંઈ કરવું.

જોકે આ પ્રકારના ન કરવા યોગ્ય કાર્યો અજ્ઞાનવશ કરવાથી પણ કોઈ પરિણામ રૂપ ખરાબ ફળથી બચી શકતું નથી. વધુમાં જે જાણતો હોવા છતાં પણ ન કરવા યોગ્ય કાર્યો કરે છે, તેની દુર્દશા વિશે કલ્પના કરી શકવી કઠિન છે. ઠગ અને બદમાશ લોકો બહારથી ગમે તેટલા ખુશ કેમ ન દેખાતાં હોય, પરંતુ અંદરથી તો તેઓ ખૂબ જ વ્યગ્ર, દુઃખી તથા દરિદ્ર જ જણાતા હોય છે. તેમના હૃદયમાં દરેક પળે એક બળતરા, એક પશ્ચાતાપ અને આત્મગ્લાનિની વેદના થતી જોવા મળે છે અને આ જ આંતરિક અશાંતિ મનુષ્યના લોક-પરલોકમાં આગ પ્રગટાવતી હોય છે.

મિથ્યાચાર સામાજિક જીવનમાં અવિશ્વાસ અને અસન્માન પેદા કરે છે. આવી વ્યક્તિ બેઈમાન, બદમાશ અને ઠગ સાબિત થાય છે અને લોકો તેની સાથે વ્યવહાર કરતા નથી. કોઈ પોતાનું કામ મિથ્યાચારીને સોંપતું નથી અને તો કોઈ તેનું કામ કરવા તૈયાર થતું નથી. તેના કરેલા કામ અને કહેલા વચનોમાં કોઈ વિશ્વાસ રાખતું નથી. એક વખત પણ જો મિથ્યાચારી કોઈ કામ અથવા કથનમાં સત્યતાનું આચરણ કરે છે, ત્યારે પણ કોઈ તેના પર વિશ્વાસ કરતું નથી અને તેનાથી દૂર રહેવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

મિથ્યાચારી પ્રત્યે લોકો ઘૃણા દર્શાવતાં હોય છે. લોકો તેને મોં પર બેઈમાન, ચોર, ઠગ કહે છે. આથી તે પ્રતિક્રિયા રૂપે ક્રોધ કરે છે અને લડવા તૈયાર થઈ જાય છે, પરંતુ મિથ્યાચારીનું આંતરિક મન આ સત્યને સ્વીકારતું હોય છે.

મિથ્યાચારના દોષને કારણે મનુષ્યમાં કાયરતા તથા પામરતા આવી જાય છે. તે ખુલ્લા મનથી ન તો સમાજમાં વાત કરી શકે છે કે ન તો વિશ્વાસપૂર્વક ખુલ્લા મનથી કામ કરવાનું સાહસ કરી શકે છે. તે દરેક સમયે ચોરની માફક ભયભીત અને દબાયેલો જણાય છે.

સમાજમાં તેની ઇજ્જત બે કોડીની થઈ જાય છે. જ્યાં સુધી તેની લાકડાની હાંલ્લી ચઢતી રહે છે ત્યાં સુધી તો તે પોતાને મોટો બુદ્ધિશાળી સમજીને પ્રસન્ન કરે છે, પરંતુ ભેદ ખુલ્લો પડી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જતાં તેની દયનીયતા બહાર જણાઈ આવે છે અને ત્યાર પછી જીવનપર્યંત પસ્તાવો અને દુઃખ કર્યા સિવાય કોઈ ઉપાય બાકી રહેતો નથી. રાષ્ટ્રીય સ્તરનો મિથ્યાચાર ગુલામી, શોષણ, અત્યાચારનું કારણ બને છે. કોઈ કોઈ વખત આ પ્રકારનો મિથ્યાચાર જોઈ શકાય છે અને શોકપૂર્વક કહી શકાય છે કે ભારતવાસીઓના જીવનમાંથી ઈમાનદારી અને સચ્ચાઈ અને નૈતિક્તા માટે પ્રસિદ્ધ ભારતીય રાષ્ટ્ર આજે મિથ્યાચાર અને અનૈતિક્તા માટે ખરાબ રીતે બદનામ થઈ રહ્યું છે.

આ તે ભારતીય રાષ્ટ્ર છે કે જેના ઘરોમાં તાળા લગાડવામાં ન આવતાં હતાં, ચોકીદારો રાખવામાં ન આવતા હતા, એકબીજાના રક્ષક સ્વયં બની રહેતા હતા. આ રાષ્ટ્રના લોકો ભૂલથી પણ મિથ્યાચાર થઈ જતાં પ્રાણ આપીને પ્રાયશ્ચિત્ત કરતા હતા અને અજાણપણે કરેલા પાપને સ્વયં જાહેર કરી દેતા હતા. તેઓ જ્યાં સુધી તેનું શુદ્ધિકરણ ન કરે ત્યાં સુધી પોતાને સામાજિક જીવનને યોગ્ય સમજતા ન હતા.

આજે વધી ગયેલા આર્થિક ભ્રષ્ટાચારના ગોટાળાના મૂળમાં ધનની અમર્યાદિત લાલસા જ કામ કરી રહી છે. એ સ્પષ્ટ છે કે જીવનની વાસ્તવિક આવશ્યક્તાઓ કોઈને ભ્રષ્ટાચાર માટે લાચાર બનાવતી હોતી નથી, કારણ કે મનુષ્યની અનિવાર્ય આવશ્યક્તાઓ એટલી ઓછી હોય છે કે તેઓ ઈમાનદારીની કમાણીથી સાદાઈયુક્ત કરકસરભર્યું જીવન જીવે તો સહજ જ પૂરી થઈ શકે છે. આજનો સમગ્ર મિથ્યાચાર આવશ્યક્તાઓ અને આડંબરયુક્ત ખોટાખર્ચાની ટેવોને કારણે જ ફેલાયેલો છે. આજે લોકો મોટા પ્રદર્શનવાદી અને દુર્વ્યસની બની ગયા છે. બિનજરૂરી ખોટા ખર્ચાએ તેમની આવશ્યક્તાઓને જમીનથી આસમાન સુધી વધારી દીધી છે. આપણા જીવનમાં આદર્શવાદનું સ્થાન ભોગવાદે લીધું છે. 'સાદું જીવન અને ઉચ્ચ વિચાર'નો સિદ્ધાંત લોકો ભૂલી જઈને હલકા વિચારો અને દેખાવભર્યું જીવન પસંદ કરવા લાગ્યાં છે. લોકો ઓછામાં ઓછો પરિશ્રમ કરીને વધુને વધુ પેદા કરવાની પ્રવૃત્તિ આચરીને ભ્રષ્ટાચારના પાપની તરફ આગળ વધી રહ્યા છે. આ પતનમાં મનુષ્યની માનસિક દુર્બળતા કામ કરી રહી છે. કેટલાક ખર્ચાળ સામાજિક રીતરિવાજો પણ પણ એ માટે જવાબદાર છે. લગ્ન, દહેજ, પ્રીતિભોજન, મૃત્યુભોજન અંગેના સામાજિક કુરિવાજો પણ કોઈ પ્રકારે વધુ પૈસા કમાવવા માટે મજબૂર કરી રહ્યા છે. એની સાથે જ સમાજમાં પૈસા જ આદર, સન્માન અને મોટાઈનો માપદંડ બની રહ્યો છે. જેની પાસે વધુ પૈસા હોય તે માણસ વધુ મોટો અને આદરને પાત્ર ગણાવા લાગ્યો છે. પૈસાને મોટાઈનું ચિહ્ન માનનારા અથવા તેનાથી પ્રભાવિત થઈને કોઈને આદર-સન્માન આપનારા એ કેમ નથી જોતા કે તેણે આટલા પૈસા કયા રસ્તે ભેગા કર્યા છે ? જ્યારે પાપના પૈસા કમાઈને પણ આદર મળી શકે ત્યારે કોઈ પરસેવાની કમાણીમાં કેમ વિશ્વાસ કરશે ?

એ પણ સાચું છે કે પૈસા પણ મોટાઈનું ચિહ્ન માનવામાં આવે છે. તેનું કારણ એ હતું કે પૈસા સરળતાથી ન મળી શકવાને લીધે કઠિન પરિશ્રમ અને પુરુષાર્થ કરવો પડતો હતો. આમ જેની પાસે જેટલા પૈસા રહેતા હતા તેટલો જ તેને પરિશ્રમી, સદ્‌ગુણી અને પુરુષાર્થી માનવામાં આવતો હતો, પરંતુ હવે સ્થિતિ બદલાઈ ગઈ છે. લોકો પરિશ્રમ અને પુરુષાર્થને બદલે ભ્રષ્ટાચાર, બેઈમાની તથા ઠગાઈથી વધુ ધન એકઠું કરવા લાગ્યા છે. એટલા માટે પૈસાને કારણે કોઈને સન્માન આપવાનો મતલબ છે - ભ્રષ્ટાચાર અને બેઈમાનીની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું.

જો સમાજમાંથી બેઈમાની તથા ભ્રષ્ટાચારની પ્રવૃત્તિઓને ઓછી કરવી હોય તો પૈસાને બદલે મનુષ્યના ગુણોને આદર આપવો પડશે. જેમાં લોકોને ભ્રષ્ટાચાર કરવાનો અવસર મળે છે તેવી વસ્તુઓનો યથાસંભવ બહિષ્કાર કરવો પડશે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# રહિમન ધાગા પ્રેમ કા...

આત્મા પ્રેમમય છે. તેને પોતાના વિષયમાં જ સુખ મળે છે. માનછલીને પાણી સિવાય બીજે ક્યાંય આનંદ અને ચેન મળતું નથી. પ્રાણી પ્રેમમાં ડૂબી ન જાય ત્યાં સુધી તેના મનને શાંતિ મળતી નથી. જ્યાં સુધી તરસ બુઝાતી નથી ત્યાં સુધી આમતેમ ભટકે છે અને જ્યારે મીઠું ઠંડુ પાણી પેટ ભરીને પીવા માટે મળે છે ત્યારે ચિત્ત ઠેકાણે આવી જાય છે અને સંતોષ થતાં એક જગ્યા પર બેસી જાય છે. સાપનું પેટ જ્યારે ભરાઈ જાય છે ત્યારે દરમાં પ્રવેશ કરી લે છે, તેને બહાર ફરવાની જરૂરિયાત રહેતી નથી. છીપ સમુદ્રના પાણી ઉપર આમતેમ ફરે છે, પરંતુ જ્યારે સ્વાતિની બૂંદ તેમાં પડે છે ત્યારે મોતી મેળવે છે અને સમુદ્રના તળિયે બેસી જાય છે. આત્મા પ્રેમનો આનંદ લૂંટવા આ પૃથ્વી પર આવ્યો છે. તે પોતાની પ્રિય વસ્તુ શોધવા માટે આમતેમ ભટકતો રહે છે. તેને જે દિવસે ઇચ્છિત વસ્તુઓ મળી જશે, તે દિવસે સંતુષ્ટ થઈને પોતાના પરમધામમાં પરત જશે. ભવ ભ્રમણ અને મુક્તિનો આ જ ધર્મ છે.

આપણી પ્રેમની તરસ ન બુઝાતા વારંવાર જન્મ લેવો પડે છે. મોહ અને મમતાની મૃગતૃષ્ણામાં અને ભવબંધનોમાં ફસાઈને ફરીએ છીએ. આપણને જ્યારે સદ્ગુરુની કૃપાથી એ સમજ આવી જશે કે જીવનનો સાર પ્રેમ છે, ત્યારે આપણે શાશ્વત પ્રેમને આપણા અંતઃકરણમાંથી શોધી કાઢીશું. જે દિવસે અંતઃકરણમાં પ્રેમભક્તિનો અવિરલ સ્રોત ફૂટી નીકળશે, આત્મા પ્રેમગંગામાં સ્નાન કરી લેશે, પ્રેમનો સાગર આપણી ચારેતરફ લહેરાશે, તે દિવસે આત્મા તૃપ્ત થઈ જશે અને તે પોતાના મુક્તિધામમાં પાછો ફરશે.

સાચો પ્રેમી પોતાના સુખોની સહેજ પણ ઇચ્છા રાખતો નથી, બલ્કે જેને પ્રેમ કરે છે તે તેના પર સુખ ન્યૌછાવર કરી દે છે. તે લેવાનું ધ્યાન રાખતો નથી. આપવું એક માત્ર તેનું કર્તવ્ય બની જાય છે. જેના હૃદયમાં પ્રેમની જ્યોતિ પ્રગટશે તે ગોરી ચામડી પર સરકીને પોતાના ચમારપણાનો પરિચય ન આપશે અને ન તો વ્યભિચારની કુદૃષ્ટિ રાખીને પોતાના આત્માને પાપના કીચડમાં ખેંચી જશે. તે કોઈ સ્ત્રીના રંગ, ભભકો, હાવભાવ કે સ્વરકંઠ પર મુગ્ધ થશે નહીં, બલ્કે કોઈ દેવીમાં ઉજ્જવળ કર્તવ્યનું દર્શન કરશે તો તેને નમીને વંદન કરશે. પ્રેમીનું દિલ તો બેકાબૂ થઈ શકે છે, પરંતુ દિમાગ કાબૂમાં રહેશે. તે બીજાઓના સુખ માટે ત્યાગ કરવામાં પોતાને બેકાબૂ બનાવશે પરંતુ કોઈને પતનના માર્ગ પર લઈ જવાતો જાણીને તેનો આત્મા ધ્રુજી ઊઠશે. આ દશામાં તેનું એક કદમ પણ આગળ વધશે નહીં. પોતાના પ્રેમને બદનામી, પતન, દુઃખ, ભ્રમ અને નરકમાં ઘસેડી જનાર વ્યક્તિ કોઈ પણ રીતે પ્રેમી કહી શકાય નહીં, તે તો નરકનો કીડો છે કે જે પોતાની વિષય જ્વાળામાં બાળવા માટે પ્રેમપાત્રને ફસાવીને કાંટામાં ખેંચી જાય છે.

તમે પ્રેમી બનવા ઇચ્છો છો તો પવિત્ર પ્રેમનો મહાવરો પોતાના ઘેરથી શરૂ કરો, પ્રેમની પ્રારંભિક પાઠશાળા પોતાનું ઘર જ બની શકે છે. ઘરના સર્વ સ્ત્રીપુરુષો, પુત્ર-પુત્રીઓને નિઃસ્વાર્થ પ્રેમ કરો. પછી જુઓ કે બદલામાં કેટલો વિશેષ પ્રેમ તમોને મળે છે.

પ્રેમનો અર્થ ત્યાગ અને સેવા સમજવો જોઈએ. તમે ઘરના પ્રત્યેક વ્યક્તિના હિતમાં સ્વાર્થને છોડો અને જે જે વસ્તુની જરૂરિયાત હોય તેને અર્પણ કરો. વૃદ્ધ જ્યારે આપની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શારીરિક સેવા ઇચ્છે છે, બાળક તમારી સાથે હસવા-રમવા ઇચ્છે છે, ભાઈઓને તમારી આર્થિક મદદ જોઈએ છે, સ્ત્રીને તમારા સ્નેહયુક્ત વાતચીતની જરૂરિયાત છે, તો તેમને તેમની જરૂરિયાતની વસ્તુઓ પૂરી પાડો, પરંતુ ધ્યાનમાં રાખશો કે પ્રેમ એ કોઈ વ્યાપાર નથી. એક હાથ વડે આપીને બીજા હાથ વડે માગવાની નીતિ પ્રેમીને શોભા આપી શકે નહીં. વૃદ્ધજનો પાસે તમે એવી આશા ન રાખો કે તેઓ તમારી પ્રશંસા કરે જ. થોડીક કમાણી કરતા હોવાના સંબંધે ભાઈઓ પાસેથી એવી આશા ન રાખો કે તમોને કંઈક વધુ મહત્ત્વ આપે. સ્ત્રી જો તમારી ઇચ્છા મુજબ સેવા સુશ્રૂષા કરવામાં અસમર્થ છે, તો તેના પર ગુસ્સે ન થશો, કારણ કે તમે પ્રેમી બનવા ઇચ્છો છો. પ્રેમી આપીને માગણી કરતો નથી.

દુનિયાના બધાં ઝગડાઓનું મૂળ એ છે કે આપણે ઓછું આપીને વધુ માગીએ છીએ. વાસ્તવમાં વધુ આપીને બદલાની ઇચ્છા ન રાખીએ કે ઘણું ઓછું મેળવવાની આશા રાખીએ. આ નીતિ સ્વીકારતાં જ આપણી આસપાસના બધા ઝગડા દૂર થઈ જાય છે. પ્રેમીનો ત્યાગ વ્યર્થ જતો નથી, બલ્કે હજારગણો થઈને પાછો આવે છે. ઝગડો કરવાથી જે બદલો મળે છે તેના કરતાં અનેકગણો બદલો માગ્યા સિવાય મળે છે. કદાચ કંઈ ઓછું પણ મળે તો પ્રેમથી પેદા થનારા આંતરિક આનંદની તુલનામાં તે ખોટ નહીંવત્ છે. જેમના હૃદયમાં સતત આપતાં રહેવાનો સ્વભાવ ઘર કરી જાય તે કાર્ય શરૂ કરે છે.

ઘરના જે તે લોકોની મનોભૂમિમાં જે કોઈ ખામી જુઓ, તેને દૂર કરવામાં પ્રયત્નશીલ રહો. ત્યાગવૃત્તિથી તેમને પ્રસન્ન રાખવાનો પ્રયત્ન કરો, પરંતુ માળીની જેમ કાતરથી કાપકૂપ કરીને એ વૃક્ષોને સુરમ્ય બનાવવાનો પ્રયત્ન પણ ન છોડો. નહીંતર તેમની કુભાવનાઓને સિંચન મળતું રહેશે અને તેઓ એક દિવસે મોટા વિકૃત અને કાંટાળા વૃક્ષો પણ બની શકે છે. પ્રેમના બે અંગોને પૂરી રીતે હૃદયમાં ઉતારો, ત્યાગ અને સેવા તેમજ દાન અને સુધાર. ખેતીને જેટલી પાણીની જરૂરિયાત છે તેટલી જ નિંદામણની જરૂરિયાત છે. બંને કામ એકબીજાથી કંઈક વિપરીત જણાય છે. સહાયતા અને સુધારનો એકસાથે મેળ બેસતો નથી. આ કાર્ય ઘણું મુશ્કેલ જણાય છે. એટલા માટે તો પ્રેમ કરવો તલવારની ધાર પર ચાલવા બરાબર છે. પ્રેમીએ તલવારની ધાર પર ચાલવું પડે છે.

નટ પોતાના ઘરના આંગણામાં કળા શીખે છે. પોતાના કુટુંબમાં પ્રેમની સાધનાની શરૂઆત કરો. કુટુંબના પ્રિયજનોના અંતઃકરણમાં શિક્ષણ દ્વારા જ્ઞાનની જ્યોતિ પ્રગટાવો, તેમને સત અને અસત્‌નો વિવેક પ્રાપ્ત કરવામાં મદદ કરો, પરંતુ સાવધાન બનો અને આ કાર્ય ગુરુની જેમ શરૂ ન કરો, અને તેમાં અહંકારનો એક કણ પણ ન હોય. સેવાનું દૂધ અહંકારની ખટાશથી ફાટી જશે. અહંકારપૂર્વક ઉપદેશ કરશો તો તિરસ્કાર અને મશ્કરી જ થશે. એટલા માટે જે સુધારો કરવો હોય તે વિનયપૂર્વક તેને સલાહ આપતાં રહીને કહો કે આ કરો. "ધીરેધીરે, વારંવાર અને સદ્‌ભાવનાથી ખાખરા ને ચંદન અને કાગડાને હંસ બનાવી શકાય છે." એટલા માટે રહીમજી કહે છે -

**રહિમન ધાગા પ્રેમકા, મત તોડો ચટકાય ।**
**તોડે સે ફિર ના જુરે, જુરે ગાંઠ પડ જાય ॥**

તમે પ્રેમની મહાન સાધનામાં જોડાઈ જાઓ. ત્યાગ અને સેવાને તમારા સાધનો બનાવો, તેની શરૂઆત પોતાના ઘેરથી કરો. આજથી જ તમારી જૂની દુર્ભાવનાઓ મનના ખૂણેખૂણામાંથી શોધીને નીકાળો અને તેમને વાળીઝૂડીને દૂર ફેંકી દો. પ્રેમની ઉદાર ભાવનાઓથી અંતઃકરણને પરિપૂર્ણ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરી લો અને સગાસંબંધીઓની સાથે ત્યાગ અને સેવાનો વ્યવહાર કરવાની શરૂઆત કરી દો. થોડી જ ક્ષણોમાં તમારામાં એક ચમત્કાર થતો જોવા મળશે. તમારું નાનું સરખું કુટુંબ જે આજે કદાચ કલહ ક્લેશોનું ઘર બનેલું દેખાય છે, ત્યાં સુખશાંતિનું સ્વર્ગ દેખાવા લાગશે. તમારી પ્રેમભાવનાઓ આસપાસના લોકોની સાથે અથડાઈને તમારી પાસે પાછી વળશે અને તેઓ આનંદના ભીના ભીના સુગંધિત ફુવારાથી છંટકાવ કરીને પ્રેમના રંગમાં તરબોળ કરી દેશે. પ્રેમની પાઠશાળાનો આનંદ અનુભવીને જ જોઈ શકાય છે. વિલંબ કરશો નહીં, આજે જ તમે એમાં દાખલ થઈ જાઓ.

રાજા જનકે એક વિશાળ સંમેલનનું આયોજન કર્યું હતું અને તેમાં પ્રખ્યાત વિદ્વાનો ભાગ લઈ રહ્યા હતા. સંમેલનમાં એક એવો વ્યક્તિ પણ આવ્યો હતો કે જેનું શરીર ૮ જગ્યાએથી વળેલું હતું અને સમગ્ર શરીર પર ખૂંધો નીકળેલી હતી. આ અષ્ટાવક્રને મહારાજે સન્માનપૂર્વક આસન પર બેસાડયા. બધા વિદ્વાનો તેમના બેડોળ શરીરને જોઈને હસી પડયા. આથી અષ્ટાવક્રએ કહ્યું, “મહારાજ, હું જાઉં છું.” મહારાજે જવાનું કારણ પૂછતાં તેમણે કહ્યું, “હું તો સમજતો હતો કે અહીં તો બધા ચમાર એકત્ર થયા છે.”

રાજાએ પૂછયું, “કેવી રીતે ?” અષ્ટાવક્રએ કહ્યું, “જે લોકો હાડકાં અને ચામડીની પરખ કરતા હોય તેઓ બીજું શું હોઈ શકે છે ? જો એ લોકો વિદ્વાન હોત તો મારી અંદરના જ્ઞાનસરોવરમાં ડોકિયું કરવાનો પ્રયાસ કરત.” રાજાએ અષ્ટાવક્રને પોતાની રાજસભામાં રાખ્યા અને બાકીના બધા વિદ્વાનોને ભગાડી દીધા.

❁ ❁ ❁

ચિત્રકારે ખૂબ જ મહેનત કરીને એક ચિત્ર બનાવયું. ચહેરો વાળથી ઢાંકેલો હતો અને પગમાં પાંખો લગાડેલી હતી. ચિત્ર જોનારાઓએ તેના અનેક અર્થ બતાવ્યા. પરંતુ ચિત્રનું સાચું અર્થઘટન કોઈ કરી શકયું નહીં. એક જિજ્ઞાસુએ ચિત્રકારને ચિત્રનો અર્થ પૂછયો. ચિત્રકારે કહ્યું, “આ પ્રસંગ ચિત્ર છે. કોઈએ પૂછયું, “તમે એનો ચહેરો કેમ ઢાંકી દીધો છે ?” ચિત્રકાર બોલ્યો, “મનુષ્ય પાસે જ્યારે પ્રસંગ આવે છે ત્યારે તે તેને ઓળખી શકતો નથી અને જ્યારે કોઈ તેને પકડી શકતું નથી ત્યારે તે પોતાના પગમાં પાંખો લગાડીને ઊડી જાય છે.” બધાએ ચિત્રકારની બુદ્ધિની પ્રશંસા કરી.

❑❑❑


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી

## (ગાયત્રી તપોભૂમિમાં ઓક્ટોબર ૧૯૬૮ની સાધના શિબિરમાં આપેલું પ્રવચન)

ગાયત્રી મહામંત્ર અમારી સાથોસાથ બોલો.
**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।**

દેવીઓ અને ભાઈઓ,

અહીં ગાયત્રી તપોભૂમિમાં ગાયત્રી માતાનું મંદિર છે, અહીં ગાયત્રી મંત્રની સાધના થાય છે. મંત્રો ઘણા સાર્થક અને સામર્થ્યવાન હોય છે. એના દ્વારા મોટાં કામ થઈ શકે છે. મદારી જે સાધારણ મંત્ર જાણે છે, તે સાપના ઝેરને મંત્ર બોલીને ઉતારી દે છે. ભૌતિક જગતમાં યંત્રોનું પણ ઘણું જ મહત્ત્વ છે. આજે યંત્રો દ્વારા ભારતમાં મોટા મોટા કારખાનાઓ ચાલે છે. યંત્રોનો પણ એક ઈતિહાસ છે. મંત્રોનો પણ એક ઈતિહાસ છે. એની શકિત પણ પૈટન ટેન્કના જેવી હોય છે. આપણા પૂર્વજો આ મહત્ત્વને જાણતા હતા. આને લીધે તેમણે મંત્રોનો ઉપયોગ કર્યો અને તેની જાણકારી લોકોને આપી. મંત્રોનું ભૌતિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ મહત્ત્વ છે.

આ બાબતમાં રાક્ષસો અને દેવતાઓ વચ્ચે વિવાદ હતો. રાક્ષસો યંત્રોને મહાન ગણાવતાં હતાં, અર્થાત્ તેમની દૃષ્ટિમાં ભૌતિકતાનું મહત્ત્વ વિશેષ હતું. મંત્ર મનુષ્યને વિચાર આપે છે. મંત્રવિદ્યાનું વૈજ્ઞાનિક મહત્ત્વ છે. જીભ વડે જે શબ્દોનું ઉચ્ચારણ થાય છે તેની અસર કંઠ, તાળવું, હોઠ, દાંત અર્થાત્ મોંના વિવિધ ભાગો પર થાય છે. આ ઉચ્ચારણ પ્રક્રિયામાં મોંના જે ભાગમાંથી અવાજ નીકળે છે, તે અંગોના જ્ઞાનતંતુઓ શરીરના વિવિધ ભાગો સુધી ફેલાયેલા હોય છે, વાસ્તવમાં મંત્રની બે દિશાઓ છે. (૧) યંત્ર અને (૨) મંત્ર. દુનિયામાં પદાર્થો દ્વારા જે વસ્તુઓ બનેલી છે તે નાશવંત છે. આપણે બધા યંત્રો છીએ. આપણી ખાવાપીવાની રીત એક યંત્રની પ્રક્રિયા છે. વાસ્તવમાં દુનિયા હલચલ પર ટકેલી છે. બીજા શબ્દોમાં આપણે એ કહી શકીએ છીએ કે હલચલથી દુનિયા બનેલી છે.

આ પૃથ્વીની દરેક વસ્તુ લગભગ નાશવંત છે. આપણે પૃથ્વી પર બાળકના રૂપમાં જન્મ લઈએ છીએ. તે બાળક ૧૫-૧૮ વર્ષ સુધી નવયુવકની સ્થિતિમાં હોય છે. ત્યારે સારો લાગે છે. પરંતુ તે જ બાળક ૫૫-૬૦ વર્ષનો થતા સુંદર લાગતો નથી. વાસ્તવમાં આ બધું ટકાઉ નથી. તમારી પત્ની જ્યાં સુધી યુવાન હોય છે ત્યાં સુધી તે દેવી અને અપ્સરા જેવી લાગે છે. પરંતુ જ્યારે તમે મોટા થઈ જાઓ છો અને વાસનાઓ શિથિલ પડી જાય છે ત્યારે તે જ પત્ની એક નોકરાણી માત્ર બાકી રહી જાય છે.

મનુષ્ય એવું વિચારે છે કે પોતાની પાસે પૈસા હશે તો સુખશાંતિ મળશે, પરંતુ એવું હોતું નથી. જ્યારે તેની પાસે પૈસા આવી જાય છે ત્યારે ચોરડાકુઓનો ભય રહે છે. મનુષ્ય જ્યારે બી.એ., એમ.એ. પાસ થઈ જાય છે ત્યારે તેને મોટી મોટી નોકરીઓની કલ્પનાઓ હોય છે. વ્યક્તિ શેખચલ્લીની જેમ વિચારે છે, પરંતુ કલ્પનાઓ પૂરી થતી નથી. વાસ્તવમાં જો જોવામાં આવે તો મનુષ્ય સમસ્યાઓ લઈને આવે છે અને તેમાં જ જિંદગી પર્યંત ડૂબેલો રહીને અંતમાં સમસ્યાઓ સાથે જ દુનિયાને છોડી જાય છે, મનુષ્ય કલ્પનાઓના સાગરમાં ડૂબેલો રહે છે. આ યંત્ર જે મનુષ્ય શરીર છે, તેને થોડા સમય સુધી શાંતિ મળે છે, પરંતુ છેવટે તે અશાંતિથી ઘેરાઈ જાય છે. મનુષ્યને જો શાંતિ મળે છે, તો તે છેવટે મંત્રથી મળશે અર્થાત્ અધ્યાત્મની દિશામાં વળવાથી મળશે.

મંત્ર જપ કરવાની પ્રવૃત્તિ નથી, બલ્કે વિચાર કરવાની પ્રવૃત્તિ છે. મનુષ્ય આ મંત્રોને જીવનમાં ઉતારીને દુઃખોને સુખમાં બદલી શકે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મોટાભાગના દુઃખ મનુષ્ય પોતાની દિશાધારાને બદલી શકે છે. મોટાભાગના દુઃખ મનુષ્યોને મંત્રોની કમજોરીને કારણ થાય છે અને તેમનું જીવન કષ્ટોથી ઘેરાઈ જાય છે. એનાથી ભૌતિક જરૂરિયાતો પણ પૂરી થાય છે, કોઈ વ્યક્તિને સાપ કરડે છે ત્યારે કોઈ એક તાંત્રિક મદારી મંત્ર ભણે છે અને સાપ આવીને ઝેર પાછું ખેંચી લે છે જેથી તે વ્યક્તિ સ્વસ્થ થઈ જાય છે. આ મંત્રનો ભૌતિક પ્રયોગ કહેવાય છે.

મંત્રોનો સાગર એથી વિશેષ અધ્યાત્મના લાભોની બાબતમાં ઈશારો કરે છે. અધ્યાત્મનું ક્ષેત્ર ઘણું વિશાળ છે. આ ક્ષેત્રમાં રહેલ ગાયત્રી મંત્રનું મહત્ત્વ સર્વોપરિ છે, જે મનુષ્યનો બુદ્ધિ સ્રોત ખોલી દે છે. મંત્રની આરાધના કરતો રહીને મનુષ્ય મહાનતા તરફ આગળ વધતો જઈને દેવતા બની જાય છે. ગાયત્રી મંત્રના પ્રત્યેક અક્ષરમાં અનેક પ્રકારના જ્ઞાન-વિજ્ઞાનના તત્ત્વો સમાયેલાં છે. એમાં રહસ્યમય તત્ત્વો છુપાયેલાં છે. આનું જ વેદ, ઉપનિષદ, દર્શન, સ્મૃતિઓ, રામાયણ, ગીતા વગેરે ગ્રંથોમાં વિવેચન છે.

ગાયત્રી વેદમાતા કહેવાય છે. ચારે વેદ ગાયત્રીના પુત્રો છે. શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે બ્રહ્માજીએ પોતાના એક-એક મુખથી ગાયત્રીના એક-એક ચરણની વ્યાખ્યા કરી છે. આ રીતે ચાર મુખથી ચાર વેદોનું વર્ણન કર્યું છે.

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ - ઋગ્વેદ**
**તત્સવિતુર્વરેણ્યં - યજુર્વેદ**
**ભર્ગોદેવસ્ય ધીમહિ - સામવેદ**
**ધિયો યો નઃ પ્રચોદયાત્ - અથર્વવેદ**

ત્યારબાદ આ વેદો દ્વારા દર્શન, આરણ્યક, ઉપનિષદ્, પુરાણ, સ્મૃતિ વગેરેનું નિર્માણ થયું. જે રીતે મનુષ્યના એક બૂંદ ભ્રૂણવીર્યમાં મનુષ્યનું પૂરેપૂરું સ્વરુપ હોય છે, તે રીતે ગાયત્રી મંત્રના ચોવીસ અક્ષરોમાં સમગ્ર દુનિયાનું જ્ઞાન-વિજ્ઞાન સમાયેલું છે. એમાં સોનું બનાવવાની રીત પણ બતાવવામાં આવી છે.

ગાયત્રી મંત્રની ઉપાસના સર્વશ્રેષ્ઠ છે. એમાં બુદ્ધિને સન્માર્ગે પ્રેરિત કરવાની પ્રાર્થના છે. મનુષ્યમાં સદ્‌બુદ્ધિ જાગી જાય તો તેને ભૌતિક અને આધ્યાત્મિક બંને લાભ મળી જાય છે. ઉપાસનાનો અર્થ છે પાસે બેસવું, અર્થાત્ ભગવાનની પાસે બેસવું. જો વાછરડું ગાયની પાસે ન બેસે તો તેને દૂધ ક્યાંથી મળશે ? લોખંડને પારસનો સ્પર્શ ન થાય તો તે સોનું કેવી રીતે બનશે ? એજ પ્રમાણે ઈશ્વરની પાસે બેઠા સિવાય આત્માની ભૂખ કેવી રીતે મટશે ? આ માટે ઉપાસનાની પદ્ધતિ છે, જે મનુષ્યને તૃપ્ત કરે છે. જે રીતે મનુષ્યના શરીરમાં પ્રાણનું મહત્ત્વ છે તે જ રીતે આત્મામાં ઈશ્વરનું મહત્ત્વ છે. પરમાત્મા સિવાયનો આત્મા શરીર હોવા છતાંય પશુ સમાન છે.

જ્યારે સાધક પરમાત્માની નજીક પહોંચી જાય છે ત્યારે પોતાની વેદનાઓને ભક્તિભાવથી તેની સામે રજૂ કરી દે છે. તે સમયે ભગવાન ભક્તની જરૂરી મનોકામનાઓ હોય છે તેને પૂરી કરી દે છે. તેની તૃષ્ણા, વાસના, અહંકારને સમાપ્ત કરી દે છે. સાધકને ભૌતિક લાભોની સાથે ચિરસ્થાયી સંતોષ, મનોવિકારોનું શમન, સંકટોનું નિવારણ, સુખી ગૃહસ્થ જીવન, હસતું-હસાવતું જીવન અને લોકસન્માન જેવા લાભ પ્રાપ્ત થાય છે. એની સાથોસાથ તેનો પરિશુદ્ધ સ્વભાવ, દૈવી કૃપા, સેવાની ભાવના જેવા આધ્યાત્મિક લાધ સાધકને મળે છે, જેથી તે નરમાંથી નારાયણ બની જાય છે.

જેમને સમસ્યાઓ હોય છે તેવા અનેક લોકો તપોભૂમિમાં અમારી પાસે આવતા રહે છે. અમે ગાયત્રી ઉપાસના દ્વારા તેમને રાહત મળે તેવું કામ કર્યું છે. એક મધ્યપ્રદેશની આચાર્યા આવતી હતી. તેને ઊંઘ આવતી ન હતી અને હંમેશાં રડ્યા કરતી હતી. અમે તેનો ઈલાજ કર્યો. હવે તેને ઊંઘ આવે છે. એક વખત એક શેઠજી અમારી પાસે આવ્યા. તેમનો ઈન્કમટેક્ષનો ગોટાળો હતો. તેથી તેઓ પરેશાન હતા. તેમની પાસે કુલ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મૂડી ૩૨ લાખ રૂપિયા હતા. ઈન્કમટેક્ષના ૧૦ લાખ રૂપિયા ભરવાના હતા. અમોએ કહ્યું કે ૧૦ લાખ રૂપિયા ભરશો તો પણ તમારી પાસે ૨૨ લાખ બચશે. તમે પરેશાન કેમ છો ? આમ તો ખોટી રીતે જવાના નથી, જો ચાલી પણ જશે તો તારી ખોટ પૂરી થઈ જશે. અમે તેને ગાયત્રી મંત્રના જપ કરવા કહ્યું અને તેની બુદ્ધિમાં પરિવર્તન થયું. આજે પરેશાન નથી.

બેટા, આ મંત્રની શકિત મહાન છે. પહેલાના જમાનાના સંતો અને મહાત્માઓ પાસે ગાયત્રી મંત્રનું બળ રહેતું હતું, એને કારણે તેઓ દરેક જગ્યાએ વિજયી થતા હતા. એક વખત સિકંદર હિમાલય તરફ ગયો અને એક મહાત્માને કંઈક માગવાનું કહ્યું. તેણે કહ્યું, તમે શકિતશાળી હોય તો પ્રકાશ કાઢી બતાવો. સિકંદર ચૂપ થઈ ગયો. સારું, તો તારામાં આટલી શકિત ન હોય તો દૂર ખસી જા અને મને પૂર્વ દિશામાંથી પ્રકાશ લેવા દે. બેટા, આ સાહસ અને આત્મબળ ગાયત્રી મંત્રનું હતું કે જેના બળ પર તે મહાત્માએ વિશ્વવિજયી સિકંદરને હરાવ્યો હતો.

ગાયત્રી મહામંત્ર એક મહાન અને મહત્ત્વપૂર્ણ મંત્ર છે. તે જ્યારે કોઈના હૃદયમાં પ્રવેશી જાય છે ત્યારે આંતરિક કબાટને ખોલી દે છે અને તેનો કાયાકલ્પ થઈ જાય છે. તે મંત્ર આમ્રપાલીની અંદર પ્રવેશી ગયો તો તે બુદ્ધની મહાન શિષ્યા બની ગઈ. તેણે પોતાનું તન, મન, ધન સર્વ કંઈ તેમના ચરણોમાં સમર્પિત કરી દીધું. એક વખત તેણે બુદ્ધના શરણોમાં જઈને કહ્યું કે પ્રભુ હું અશુદ્ધ છું, તમારા શરણમાં આવી છું. શું તમે મારો ઉદ્ધાર કરશો ? ભગવાન બુદ્ધે તેને કોઈ મંત્ર બતાવ્યો અને તેના જપ કરવા અને તેને જીવનમાં અપનાવવા કહ્યું. તે મહિલા વેશ્યાનું જીવન જીવતી હતી. બુદ્ધે કહ્યા મુજબ તેણે જીવન બદલવાનો સંકલ્પ કર્યો. તે મહાન બની ગઈ બુદ્ધની મહાન શિષ્યા બની ગઈ અને "બુદ્ધં શરણં ગચ્છામિ", "સંઘં શરણં ગચ્છામિ", "ધમ્મં શરણં ગચ્છામિ" ના નારા લગાવતી રહીને કરોડો લોકોને બુદ્ધનો સંદેશો પહોંચાડતી રહી. બેટા, આ તે ગાયત્રી મંત્રની શક્તિ છે, જેના દ્વારા વિચારોમાં પરિવર્તન આવે છે અને મંત્ર જપનારને સંતોષ મળે છે.

વાસ્તવમાં ગાયત્રી મંત્ર ભગવાનની એક શ્રેષ્ઠ પ્રાર્થના છે. જે મંત્રમાં આપણે પ્રાર્થના કરીએ છીએ, **"હે, તેજસ્વી પરમાત્મા ! અમે તમારા પ્રકાશને અમારી અંદર ધારણ કરીએ છીએ. તમો અમારી બુદ્ધિને સન્માર્ગ પર પ્રેરિત કરો."**

આ પૃથ્વી પર રહેતા જે લોકોએ બ્રહ્માજીએ આપેલા આ ગાયત્રી મહામંત્રને પોતાના જીવનમાં અપનાવ્યો તેઓને ચેન, સંતોષ, પ્રેમ, નીતિમત્તા અને સહયોગ મળવા લાગ્યો. આજે પણ આ મંત્રને અપનાવીને કમજોર વર્ગના લોકો પણ મહાનતાની તરફ આગળ વધી રહ્યા છે. એ વાત સાચી છે કે એનાથી લાભ થવામાં થોડો સમય લાગે છે. આ મંત્ર દ્વારા તાત્કાલિક ફાયદો થતો નથી. મનુષ્યના મનોવિકારો જ્યારે ધોવાઈ જાય છે અને તેની પાત્રતાનો વિકાસ થઈ જાય છે તો તેને લાભ મળે છે. આ અંગેની અનેક કથાઓ અને પ્રસંગો મોજૂદ છે.

ગાયત્રીની સાધનાનો ચમત્કાર અવર્ણનીય છે. એક વખતે અકબરે મહામંત્રી માનસિંહને બોલાવ્યા અને કહ્યું કે અમારો પ્રયાગનો કિલ્લો અઢાર વખત તૂટી પડયો, તેનો કોઈ ઉપાય કરો કે જેથી તે સુરક્ષિત રહી શકે. માનસિંહ અકબરનો આદેશ મળતાં ગંગાના કિનારા પર ભ્રમણ કરવા લાગ્યા. તેમણે એ વેરાન સ્થાન પર મહાત્માને તપ કરતાં જોયા. તેઓ તેમની પાસે ગયા. એ સમયે તેઓ ધ્યાન મુદ્રામાં હતા. તેમણે એક અજગરને ત્યાં આવતો જોયો અને તપસ્વીને ગળી જવા પ્રયત્ન કરવા લાગ્યો, પરંતુ તે ગળી શકયો નહીં. થોડીવારમાં તે તપસ્વીનું ધ્યાન તૂટયું અને તેમણે પોતાના તપોબળથી તે અજગરથી પોતાની જાતને મુકત કરી લીધી. આ તમાશો જોયા પછી માનસિંહ ત્યાં પહોંચ્યા.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

થોડીવાર બેઠા પછી દેવમુરારી બાબા (મહાત્મા)એ તેના કુશળ સમાચાર પૂછ્યા. તેમણે કહ્યું કે હું અમ્બરનો મહામંત્રી માનસિંહ છું અને એક વિકટ સમસ્યાનો ઉકેલ મેળવવા તમારી પાસે આવ્યો છું. તે મહાત્માએ કહ્યું કે આપ નિઃસંકોચ તમારી સમસ્યા કહો. હું તેનું સમાધાન શોધવા પ્રયાસ કરીશ. માનસિંહે કહ્યું કે મહાત્મન પ્રયાગનો કિલ્લો રચવા મહારાજે ૧૮ વખત પ્રયત્ન કર્યો, પરંતુ ખબર પડતી નથી કે કયા અગમ્ય કારણને લીધે કે કોઈ દેવીદેવતાના શ્રાપને કારણે તે બની શકતો નથી અને વારંવાર તૂટી જાય છે. મહાત્મા થોડી વાર મૌન રહ્યા અને પછી પોતાની ધ્યાન મુદ્રામાં બેસી ગયા. તે પછી માનસિંહના હાથ પર કંઈક મૂક્યું. તેમણે કહ્યું કે એને તમે પાયામાં નાખી દેશો અને પછી નિર્માણ કાર્ય કરશો તો કિલ્લાને કશું જ થશે નહીં. તેમણે કહ્યા મુજબ કરતાં કિલ્લો તૈયાર થઈ ગયો. મહાત્માજીએ જે વસ્તુ માનસિંહની હથેળી પર રાખી હતી તે તુલસીની મંજરી હતી. તે જમાનાના દેવમુરારી બાબા ગાયત્રીના મહાન ઉપાસક હતા. તથા તેમના ચમત્કાર સર્વ કોઈ જાણતા હતા. બધા તેમની પાસે આવતા હતા અને તેઓ સિદ્ધ કરેલ મંજરીના ઝૂમખાને સૌ કોઈને આપતા હતા.

મંત્રોનો સૂક્ષ્મ પ્રભાવ ઘણો જ મહત્ત્વપૂર્ણ છે. તેમાં ગાયત્રી મહામંત્રનું મહત્ત્વ વિશેષ વિલક્ષણ છે. એના જપથી ઉત્પન્ન થનારી શક્તિ સમગ્ર વાતાવરણને ધ્રુજાવી દેવા સમર્થ છે. આ મહાશક્તિનો લાભ જેઓએ મેળવ્યો તેઓ ધન્ય બની ગયા છે. આ મહાનમંત્રમાં સદ્‌બુદ્ધિનું જે તત્ત્વ છે તેના આધાર પર વ્યક્તિત્વ તેજસ્વી અને ઓજસ્વી બને છે. આની સાધના દ્વારા લોકો ઋષિ અને તપસ્વી બની જાય છે. તેમના જીવનનો કાયાકલ્પ થઈ જાય છે. આ કારણથી અમે તમોને ગાયત્રી તપોભૂમિમાં બોલાવીએ છીએ, જે ગાયત્રીની એક સિદ્ધપીઠ છે. જ્યાં અખંડ અગ્નિ અને ૪૦૦ તીર્થોના જળરજની સ્થાપના થયેલી છે. અહીં અમે તમોને ગાયત્રી અનુષ્ઠાન કરાવીએ છીએ કે જેથી તમારા પૂર્વજન્મના કુસંસ્કારો ઘટે તથા આ જન્મમાં તમે મહાનતાની તરફ આગળ વધી શકો. તમારી અંદર પૂર્વજન્મોના અનેક મનોવિકારો ભરેલા છે, જેને અમે સાફ કરીને તેમાં નવા સંસ્કારો રેડવા ઈચ્છીએ છીએ. અહીં તમોને યજ્ઞોપવીત સંસ્કાર કરાવીએ છીએ, જે ગાયત્રીની મૂર્ત સ્વરૂપની પ્રતિમા છે. એના નવ દોરા ગાયત્રી મંત્રના નવ શબ્દોના પ્રતીકો છે. યજ્ઞોપવીત ગાયત્રીની પ્રતિમા છે. એને ઋષિઓએ સંશોધન કરીને બનાવી છે. જો તે લોખંડ કે પથ્થરની હોત તો આપણે તેને ધારણ કરી શકત નહીં. આ દોરાનું વૈજ્ઞાનિક મહત્ત્વ છે. યજ્ઞોપવીતના આ દોરા આપણી આધ્યાત્મિક માતાના રૂપમાં હંમેશાં આપણી છાતી પર લપેટાયેલા રહે છે. એ આપણને માર્ગદર્શન આપે છે.

તમારે ગાયત્રી મંત્રના જપ હંમેશાં કરવા જોઈશે તથા તમારા તાલુકા, મહોલ્લા, શહેરના લોકોને પ્રેરણા આપીને તેનું મહત્વ સમજાવવાનું છે અને આ મંત્રના જપ કરવાની પ્રેરણા પૂરી પાડવાની છે. આ મંત્રથી આપણી ભૌતિક તથા આધ્યાત્મિક સમસ્યાઓ ઉકલી જાય છે તથા મોટી મોટી સમસ્યાઓનો પણ ઉકેલ આવી જાય છે આ મંત્રની બાબતમાં અનેક કથાઓ આપણા ઋષિઓએ લખી છે.

એક વખતે આ પૃથ્વી પર અનાવૃષ્ટિને કારણે ઘણો મોટો દુષ્કાળ પડયો. બધા સરોવરો સૂકાઈ ગયા અને પશુપક્ષીઓ મરવા લાગ્યા. લોકો કણકણ માટે તરસવા લાગ્યા. અનેક લોકો ભૂખે મરવા લાગ્યા. તે સ્થિતિથી લોકો ત્રાસી જવા લાગ્યા. તેઓ ગૌતમ ઋષિની પાસે સમાધાન શોધવા ગયા. તે સમયે ગૌતમ ઋષિ ગાયત્રીના સિદ્ધ સાધક હતા. લોકો તેમના આશ્રમમાં ગયા અને તેમના ચરણોમાં પ્રણામ કરીને પોતાની સમસ્યાઓ જણાવી. ગૌતમ ઋષિએ તેમને એક અક્ષય પાત્ર આપ્યું જે તેમને ગાયત્રી માતા પાસેથી મળ્યું હતું. તેમણે કહ્યું,



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તમે તેને લઈ જાઓ, તમારે સમસ્યાઓ ઉકેલાઈ જશે.

પરંતુ તમે એમ ન સમજશો કે ગાયત્રી તપોભૂમિમાં જઈને આચાર્યજી પાસે રહીને અનુષ્ઠાન, જપ, તપ, હવન કરી લેવાથી અમારી ગાયત્રી સિદ્ધ થઈ ગઈ અને અમે જે ઈચ્છીશું તે અમને મળી જશે. આમ વિચારવું વ્યર્થ છે. એના માટે આપણે પાત્રતા વિકસિત કરવી જરૂરી છે. એના સિવાય આધ્યાત્મિક જગતમાં આપણો વિકાસ થઈ શકતો નથી. જે કોઈ પ્રાચીન ઋષિઓ થઈ ગયા છે તેમણે ગાયત્રી સાધના દ્વારા આત્મશુદ્ધિ કરી છે. યોગ અને તપના માધ્યમથી પોતાની જાતને પીગાળી છે. બીજ જ્યારે પીગળે છે ત્યારે વૃક્ષનું રૂપ ધારણ કરે છે. જો બીજને ખાતરપાણી ન મળે તો બીજ કદી પણ વૃક્ષનું રૂપ ધારણ કરી શકે નહીં. તમારી અંદર કેટલી ત્રુટીઓ છે તે અમે બતાવવા ઈચ્છીએ છીએ એને દૂર કર્યા સિવાય અમે તમને કંઈ આપી શકતાં નથી. એના શુદ્ધિકરણ અને આત્મશોધન માટે અમે તમોને ગાયત્રી તપોભૂમિમાં વખતોવખત બોલાવતા રહીએ છીએ.

તમે જાણો છો કે ઉજ્જડ જમીનમાં કોઈ બીજ ન તો ઉગે છે કે ન તો કોઈ ઉપજ થાય છે. તે જ રીતે ભાવના સિવાયની ઉપાસના નિરર્થક જાય છે. તેનો કોઈ ફાયદો થતો નથી. મનુષ્યની અંદર રાગ, દ્વેષ, અહંકાર, કડવાશ વગેરે મનોવિકારો ભરેલા છે. એની હાજરીમાં ગાયત્રી મંત્રના લાભ મળી શકતા નથી. એને દૂર કરવાનું કાર્ય ગુરુ કરે છે. ગુરુ અર્થાત્ પ્રકાશ. પ્રકાશની સ્થાપના થતાં અંધકાર આપોઆપ દૂર થાય છે. તમે જાણો છો કે વિરજાનંદે દયાનંદનો, રામકૃષ્ણ પરમહંસે વિવેકાનંદનો, સમર્થ રામદાસે શિવાજીનો, અમારા દાદા ગુરુદેવે અમારો અંધકાર દૂર કર્યો અને અમને મળેલો ગાયત્રી મંત્રનો લાભ આજે તમારી નજર સમક્ષ છે.

અમે પણ સમર્થ છીએ. અમે પણ તમારો અંધકાર સમાપ્ત કરવા ઈચ્છીએ છીએ, પ્રકાશ ઉમેરવા ઈચ્છીએ છીએ, તમે પોતાને ખાલી કરી લો. તમે અહીં આવ્યા છો તો કંઈક લઈને જશો. આજે અમે તમને કંઈક આપીને વિદાય આપી રહ્યા છીએ. તમે અહીંથી ગયા પછી ભગવાન માટે પણ જીવવાનું શીખશો. માત્ર પોતાના પેટ માટે જીવશો નહીં. આ સાધારણ જીવનથી ઉપર જઈને ઊંચું જીવન જીવીને શ્રેષ્ઠ કાર્ય કરશો. અમે તમારા એ કાર્યોથી પ્રસન્ન થઈશું અને ભગવાન પણ પ્રસન્ન થશે. તમે અમારા પર વિશ્વાસ રાખજો કે તમોએ જે તમારી વ્યક્તિગત સમસ્યાઓ બતાવી છે તેનું અમે સંપૂર્ણ ધ્યાન રાખીશું. અમે તેને દૂર કરતાં રહીશું. તમે નિશ્ચિંત થઈને જશો. આજની વાત સમાપ્ત.

॥ ૐ શાંતિ ॥

મહાદેવ ગોવિંદ રાનડેએ રેલવેમાં કલકત્તાથી પૂના જતી વખતે બંગાળી અખબારપત્ર ખરીદ્યું. આ બાબત પર તેમની પત્નીએ આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું. તમે બંગાળી જાણતા નથી તો પછી આ અખબાર કેમ ખરીદ્યું ? રાનડેએ કહ્યું કે બે દિવસની મુસાફરીમાં તેને સરળતાથી શીખી લઈશ. તેમણે સંપૂર્ણ મનોયોગપૂર્વક બંગલા લિપિ અને તેની શબ્દ ગૂંથણી પર ધ્યાન આપ્યું અને પૂના પહોંચીને તેમણે પોતાની પરીક્ષા આપતી પત્નીને સંપૂર્ણ અખબાર વાંચી સંભળાવ્યું. ૬૦ વર્ષના યુવાનની આવી મનોયોગ સાધના હતી. ઉંમરથી શી લેવાદેવા ? ઉંમરની અંતિક ક્ષણ સુધી શીખવાની તમન્ના અને નવું જાણવાની જિજ્ઞાસા મુખ્ય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

अपनों से अपनी बात

# સંસ્કાર મહોત્સવો શા માટે ?

ભારતવર્ષની બાબતમાં એક કથન વારંવાર વાંચવામાં આવે છે કે આ ધરતી પર ક્યારેક તેત્રીસ કરોડ દેવતાઓ વસતા હતા. જો તેત્રીસ કરોડ દેવતાઓની ગણતરી કરવા બધા શાસ્ત્રો, શ્રુતિઓ કે સ્મૃતિઓના પાનાં ફેરવીએ તો પણ થોડાક એક હજાર સુધીના જ નામ મળી શકે છે. તેત્રીસ કરોડ દેવતાઓનો આશય સંભવતઃ આપણા સંસ્કૃતિ પુરુષોનો હતો, જે પુરુષો પરિશુદ્ધ અને સંસ્કૃત મનોભૂમિવાળા હતા. તે પુરુષો દેવત્વનું આચરણ કરનારા હતા અને તેમની સંખ્યા તેત્રીસ કરોડની હતી. નરપશુનો અર્થ પશુ જેવી માત્ર પેટ પ્રજનનની સંકુચિત પ્રવૃત્તિઓ કરનારા મનુષ્યોનો છે. નરમાનવ દેવમાનવ બને તે માટે તેની પ્રવૃત્તિઓ નરપશુ રતાં વિશેષ પ્રકારની હોય છે અને તે પ્રગતિની યાત્રામાં ચઢિયાતો હોય છે. તેની ચેતનાત્મક વિકાસની પ્રક્રિયામાં સુસંસ્કારિતાનો સમાવેશ કેટલી હદ સુધી થયો છે તે મહત્ત્વનું છે. આપણા ઋષિમુનીઓએ વિશ્વમાનવતા માટે દેવસંસ્કૃતિના શિક્ષણને મહત્ત્વ આપ્યું છે અને તેની ધરી પર માનવીય શ્રેષ્ઠતાનો સમગ્ર ઢાંચો ઊભો કર્યો છે. સંભવ છે કે આ જ એક વિલક્ષણ અનુદાનના રૂપમાં 'સંસ્કાર પ્રક્રિયા'ના નામથી સમગ્ર સૃષ્ટિમાં આપણા ભારતીયોની પાસે એક થાપણ સચવાઈ રહી છે.

આપણા તત્ત્વજ્ઞાનીઓ, દીર્ઘદૃષ્ટાઓ અને ઋષિગણોએ માનવીય પ્રવૃત્તિને સાચી દિશા આપવા માટે જીવનમાં સંસ્કારોના સમાવેશની પ્રક્રિયાને એક અનિવાર્ય જરૂરિયાત ગણીને તેને જીવન જીવવાની એક વિદ્યાના રૂપમાં વિકસિત કરીને ભારતીય જીવન પદ્ધતિનું એક અનિવાર્ય અંગ બનાવી દીધું. આને લીધે જ ભારતભૂમિની ગોદમાંથી દેવમાનવોનું ઉત્પાદન કદી બંધ થયું નથી. મહામાનવોની કલ્પવૃક્ષો સાથે તુલના કરવામાં આવે છે. તેઓ સ્વયં ધન્ય બને છે અને અસંખ્ય લોકોને કૃતકૃત્ય બનાવે છે. આવા જ દેવમાનવોને કારણે સંસ્કૃતિની મહત્તાના ગાણા ગવાતાં રહ્યાં છે.

મનુસ્મૃતિમાં મનુષ્યને જન્મથી શુદ્ર અર્થાત્ અણઘડ નરપશુ સ્તરનું જીવન જીવનારો કહેવામાં આવ્યો છે અને સંસ્કારોના માધ્યમથી તેનો બીજો જન્મ થયો (દ્વિજત્વ) અર્થાત્ બ્રાહ્મણત્વ પ્રાપ્ત થયું તેમ બતાવ્યું છે. આ 'સંસ્કાર' શું છે અને સંસ્કૃતિના આ મહત્ત્વપૂર્ણ પક્ષના રૂપમાં એને આટલી પ્રધાનતા કેમ અપાઈ છે ? મીમાંસા દર્શનમાં મહર્ષિ જૈમિની કહે છે, **'કર્મબીજં સંસ્કારઃ'** અર્થાત્ સંસ્કાર જ કર્મનું બીજ છે અને તે જ સૃષ્ટિનું આદિ કારણ છે. જીવ સર્વથા સંસ્કારનો દાસ છે. આ માન્યતા આપણા વૈદિક ઋષિઓની હતી. તેમના કહેવા મુજબ મનુષ્યનું ચિત્ત એક એવું ગોડાઉન છે, જેમાં સારાખરાબ સર્વ પ્રકારના સંસ્કારોનો સંગ્રહ રહે છે. જો કર્મો શ્રેષ્ઠ હશે, શ્રેષ્ઠ લોકોની સોબત હશે તો શ્રેષ્ઠ સ્તરના સંસ્કારોનો સંગ્રહ થતો રહેશે. આજના સમાજની સૌથી મોટી સમસ્યા એ છે કે સમાજમાં સંસ્કારો ઘટતાં ગયા છે. સમગ્ર માનવ સમુદાય એક પ્રકારે કુસંસ્કારી બની ગયો છે. વ્યક્તિગત સંસ્કાર સમગ્ર સમષ્ટિને, સમાજ અને સંસારને પ્રભાવિત કરે છે, જેવા વ્યક્તિના અને કુટુંબના સંસ્કાર હશે તેવો જ તે સમયનો સમાજ હશે. જેવા કુટુંબના સંસ્કાર હશે તેવો જ તે સમયનો સમાજ હશે. જો આપણે શ્રદ્ધા સંકટથી લડવું છે, સમાજનો ઢાંચો બદલવો છે, સમગ્ર યુગનું નવનિર્માણ કરવું છે, તો આપણે સંસ્કારયુકત માનવોના નિર્માણનાં તંત્રને ગતિશીલ બનાવવું પડશે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરમપૂજ્ય ગુરુદેવ પંડિત શ્રીરામ શર્મા આચાર્યજી અને શકિતસ્વરૂપા માતા ભગવતી દેવી શર્માએ જીવનપર્યંત સુસંસ્કૃત વ્યકિત, કુટુંબ અને સમાજના નિર્માણ માટે કટિબદ્ધ થઈને પુરુષાર્થ કર્યો. ગાયત્રી પરિવાર તે જ પુરુષાર્થની ભેટ છે. અણઘડને ઘડવા માટે રસાયણના રૂપમાં ગાયત્રી મહાશકિતને અને લુપ્ત થતી ગાયત્રી મહાવિદ્યાને કરોડો નરનારીઓ અને સામૂહિક મનને સુસંસ્કૃત બનાવવા માટેનું એક વિલક્ષણ રસાયણ છે. આપણી ગુરુસત્તાએ પોતાના સ્વયંના તપના પુરુષાર્થ અને વ્યાવહારિક પ્રયોગો દ્વારા એ પ્રમાણિત કરી બતાવ્યું કે ગાયત્રી મહાશકિતના તત્ત્વજ્ઞાન અને સાધનાની પ્રયોગ પદ્ધતિઓમાં અધ્યાત્મનો સાર સમાયેલો છે. શ્રેષ્ઠ ચિંતનની મનોભૂમિ બનાવનારી ગાયત્રી મહાવિદ્યા એક પ્રકારથી અમૃત, પારસ અને કલ્પવૃક્ષ પણ છે. તેની સાથોસાથ તેમણે યજ્ઞના તત્ત્વદર્શન અને વિજ્ઞાનના રૂપમાં ધર્મનું સમગ્ર શિક્ષણ જનસમુદાયની સામે રજૂ કર્યું. પરમાર્થના રૂપમાં થતાં યજ્ઞને સત્કર્મના રૂપમાં રજૂ કરીને યજ્ઞવિદ્યાને આપણી ગુરુસત્તાએ **'જાગ્રત, જીવંત પુરોહિતો'ના** રૂપમાં સક્રિય કાર્યકર્તાઓ દ્વારા જનજન સુધી સુલભ બનાવી દીધી. યજ્ઞ વિજ્ઞાન પર સંશોધન કરવા અને યજ્ઞોપેથીને એક નૂતન ચિકિત્સા પદ્ધતિ સ્થાપિત કરવા માટે તેમણે એક અનોખી અને વિલક્ષણ પ્રયોગશાળાનું બ્રહ્મવર્ચસ શોધ સંસ્થાનના નામે નિર્માણ કરી દીધું. આજે **"ગ્રામેગ્રામે યજ્ઞઃ ગૃહેગૃહે ગાયત્રી ઉપાસના"**ની શ્રૃંખલા જે ચાલી રહી છે. તે એ જ સાબિત કરે છે કે દેવસંસ્કૃતિના આ બે આધાર ગાયત્રી અને યજ્ઞ જ આજના શ્રદ્ધાસંકટના એક માત્ર ઉપચાર માની શકાય છે. આ જ માધ્યમથી સતયુગનું પુનરાવર્તન સંભવ થઈ શકશે.

ગાયત્રી મહાશકિત અને યજ્ઞવિદ્યાથી સાથે સંસ્કાર પરંપરાના પ્રસંગો આપણી સંસ્કૃતિના મહત્ત્વપૂર્ણ આધારસ્તંભો ગણાવાયા છે. આપણા કોઈપણ સંસ્કાર મંત્રશકિત અને યજ્ઞ ઊર્જાને સમન્વિત કર્યા વિના પૂર્ણ થતા નથી. દેવસંસ્કૃતિ દિગ્વિજય અભિયાન હેઠળ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન યોજાયેલા ૨૭ અશ્વમેધ મહાયજ્ઞો અને આંવલખેડાની યુગસંધિ મહાપુરશ્ચરણની અર્ધ પૂર્ણાહુતિમાં આ સંસ્કારો યોજાઈ ગયા છે. આપણી ઋષિ સંસ્કૃતિના એક આધ્યાત્મિક વારસા રૂપ સંસ્કાર પ્રક્રિયાને પૂજ્યવરે વિજ્ઞાનસંમત અને પ્રામાણિક બનાવીને જીવનના વ્યાવહારિક સૂત્રોની સાથે ગૂંથી દેવાનો એક અભિનવ પ્રયોગ હાથ ધર્યો છે તે આ યુગની પોતાની આગવી સિદ્ધિ છે. હવે તે સંસ્કાર પ્રક્રિયાને દેવસંસ્કૃતિ દિગ્વિજયના ક્રમમાં એકવર્ષીય અનુયાજ પુનર્ગઠન પ્રક્રિયા પછી 'સંસ્કાર મહોત્સવો'ના રૂપમાં સમગ્ર ભારત અને વિશ્વભરમાં હાથ ધરી રહ્યા છીએ. એનો એક જ ઉદ્દેશ છે. 'આપણી માતૃભૂમિના પ્રસુપ્ત સંસ્કારોને યજ્ઞ ઊર્જામાં તપાવીને પ્રાણવાન નાગરિકોના રૂપમાં નિર્માણ કરવું.' હવે આ જ સંસ્કાર મહોત્સવોના માધ્યમથી એકવીસમી સદીનું સ્વાગત કરવામાં આવશે.

જે લોકો વાસ્તવમાં સંસ્કાર વગરના થઈને માનવીય ગરિમાંને અનુરૂપ જીવન જીવવાનો અધિકાર ગુમાવી દે અને સ્વયંને ગબડાવી દે, તેમને આપણા ઋષિઓએ ઠપકાના રૂપમાં 'વ્રાત્ય' શબ્દથી સંબોધિત કર્યા છે. 'સંસ્કાર' જ નરપશુને નરમાનવનું ગૌરવદાયી પદ અર્પણ કરીને તેના વિકાસની પ્રક્રિયાને બળવત્તર બનાવે છે. પારિભાષિક શબ્દાવલી અનુસાર વ્યક્તિના શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક શુદ્ધિકરણ માટે જે આધ્યાત્મિક અનુષ્ઠાન કરવામાં આવે છે તેને સંસ્કાર કહેવામાં આવે છે. ગૌતમ ધર્મસૂત્રો અનુસાર જેનાથી દોષ દૂર થાય છે અને ગુણોની વૃદ્ધિ થાય છે તેને સંસ્કાર કહેવામાં આવે છે. માનવીય વ્યક્તિત્વના સર્વાંગિણ નવનિર્માણ અને પરિશુદ્ધિ માટે જન્મ પહેલાંથી અંત સુધી આપણી સંસ્કૃતિમાં સંસ્કારોની વ્યવસ્થા છે. આત્માની અમરતા અને પુનર્જન્મમાં વિશ્વાસ રાખનારા પૂર્વજ ઋષિઓ આત્માનો જન્મ થતાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પહેલાના અને શરીર છોડયા પછીના મનોવિકારોની મુકિત થતી રહે તે માટે સંસ્કારોના મહત્ત્વને જરૂરી ગણાવતાં આવ્યા છે.

ધાતુઓ માટી સાથે ભળેલી હોય છે. આ માટીને શુદ્ધિકરણની પ્રક્રિયા દ્વારા દૂર કરીને લોખંડ, તાંબુ, સોનું વગેરે કિંમતી ધાતુઓ મેળવવામાં આવે છે, આયુર્વેદિક રસાયણ બનાવનારા ઔષધિઓને કેટલાય પ્રકારના રસોમાં મિશ્રિત કરીને તેમને ગજપુટ, અગ્નિપુટ વિધિઓ દ્વારા કેટલીય વખત તપાવીને સંસ્કારિત કરે છે અને તેમાંથી મકરધ્વજ જેવી ચમત્કારિક અને અન્ય બીજી ઔષધિઓનું નિર્માણ કરે છે. ઠીક આ રીતે મનુષ્ય માટે પણ જુદા જુદા સમયે વિવિધ આધ્યાત્મિક ઉપચારોની પ્રક્રિયા દ્વારા તેમને સંસ્કૃત બનાવવાની અર્થાત્ અણઘડમાંથી સુઘડ બનાવવાની મહત્ત્વપૂર્ણ પદ્ધતિ તત્ત્વદર્શી ઋષિઓએ વિકસિત કરી હતી. એને ષોડશ સંસ્કાર નામ આપ્યું છે. ઋષિગણ જાણતા હતા કે વારંવાર તપાવવાથી અને સુસંસ્કારિત કરવાથી મનુષ્યોના સંચિત કુસંસ્કારો નષ્ટ થાય છે અને આ સૂક્ષ્મ ઉપચારો દ્વારા જીવનના માર્મિક વળાંકો અને મહત્ત્વપૂર્ણ અવસરો પર વિશિષ્ટતાઓનું અને દેવત્વનું અભિવર્ધન કરવું સંભવ છે.

ભારતીય સંસ્કૃતિમાં માનવ જીવનને આત્માની વિરાટ યાત્રાનો એક મહત્ત્વપૂર્ણ અધ્યાય માનવામાં આવ્યો છે. એટલા માટે ઋષિગણોએ એવી વ્યવસ્થા કરી છે કે મનુષ્ય ગર્ભમાં આવતાં જ આત્મા પર છવાયેલી મલીનતાના મનોવિકારોને દૂર કરવામાં આવે અને તેના પર નવા સંસ્કારોનું આરોપણ કરવામાં આવે. આથી સંસ્કાર પ્રક્રિયાને એક ઋષિ રચિત આધ્યાત્મિક ચિકિત્સા પદ્ધતિ કહેવામાં આવે તો કોઈ અતિશયોક્તિ ગણાશે નહીં.

યુગઋષિ પૂજ્ય ગુરુદેવે પરંપરાગત રીતે ચાલી આવતાં સોળ સંસ્કારોમાંથી માત્ર દસને આજની દૃષ્ટિએ અનિવાર્ય અને વ્યાવહારિક ગણાવ્યા છે અને તેમાં બે નવા સંસ્કાર જન્મદિવસ અને લગ્નદિવસ ઉમેરીને કુલ બાર સંસ્કારોને ધર્મતંત્ર દ્વારા લોકશિક્ષણ પ્રક્રિયાની અંદર પ્રચલિત કર્યા છે એ છે - (૧) પુંસવન સંસ્કાર, (૨) નામકરણ, (૩) અન્નપાશન, (૪) મુંડન (ચૂડાકર્મ), (૫) વિદ્યારંભ, (૬) યજ્ઞોપવીત ધારણ, (૭) લગ્ન, (૮) વાનપ્રસ્થ, (૯) અંત્યેષ્ટિ, (૧૦) મરણોત્તર શ્રાદ્ધ તર્પણ, (૧૧) જન્મદિવસ અને (૧૨) લગ્નદિવસ. શિખાસ્થાપન તથા ગુરુદીક્ષા સંસ્કાર પણ એના જ ઉપવિભાગો છે, જેને આની સાથે વ્યાપક સ્તર પર પ્રચલિત કરવામાં આવ્યા છે.

સર્વ સંસ્કારોમાં યજ્ઞ અનિવાર્ય છે અને તેની સાથે લોકશિક્ષણ પણ જરૂરી છે કે જેથી તેમના મહાત્મ્યને સમજીને પ્રેરણાઓને જીવનમાં ઉતારી શકાય. પ્રત્યેક સંસ્કારના મૂળમાં વૈજ્ઞાનિક કારણો સમાયેલાં છે. જ્યારે બાળકના ભૌતિક શરીરનું નિર્માણ શરૂ થાય છે ત્યારે ગર્ભસ્થ શિશુના યોગ્ય વિકાસ માટે પુંસવન સંસ્કાર કરવામાં આવે છે. ત્રીજા મહિને જ્યારે ગર્ભમાં શરીરનો આકાર થવા લાગે છે ત્યારે સંસ્કાર કરવામાં આવે છે. આજે માતા અને શિશુનું સ્વાસ્થ્ય ઘણું વિષમ સ્થિતિમાં જોવા મળે છે. મોટેભાગે એક લાખમાંથી એક હજાર નારીઓનું મૃત્યુ પ્રસવ દરમિયાન થઈ જાય છે અને એક હજારમાંથી નેવું કરતાં વધુ બાળકો એક વર્ષની ઉંમર થતાં સુધીમાં મરી જાય છે. એનું કારણ માતા અને શીશુકલ્યાણની પૂરતી વ્યવસ્થાનો અભાવ છે. વધુમાં જે સંસ્કારો વિજ્ઞાન સંમત ઢંગથી થતાં નથી તેને લીધે સંસ્કારોનો પણ ઘટાડો થતો ગયો છે. સુરક્ષિત અને સુસંસ્કૃત માતૃત્વ માટે પુંસવન સંસ્કાર અનિવાર્ય છે. આ સંસ્કારમાં વડનું વૃષ, ગળો અને પીપળ જેવી વનસ્પતિઓ સુંઘાડવા પાછળ ઋષિઓનો આયુર્વેદિક અનુભવ મૂળમાં છે. ગર્ભપાત ન થાય અને શ્રેષ્ઠ તેમજ સ્વસ્થ બાળક જન્મે એટલા માટે ઔષધિઓ ઉપરાંત ગર્ભપૂજન અને વનૌષધિજન્ય માધ્યમથી પરિવારના બધા સભ્યો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દ્વારા ગર્ભસ્થ શિશુ અને માતાના દેખરેખની વ્યવસ્થા અંગે આશ્વાસન આપવામાં આવે છે. યજ્ઞમાં સંસ્કારિત એક વિશેષ ચરૂપદાર્થ ખીરના રૂપમાં ગર્ભિણીને ખવડાવવામાં આવે છે. ગર્ભાવસ્થામાં ચિંતન કેવું હોવું જોઈએ ? કયો સ્વાધ્યાય કરવામાં આવે અને સાધનાત્મક મનોભૂમિ વિકસિત કરીને આહારવિહારનું નિયમન કરીને કેવી રીતે સ્વસ્થ અને સુસંસ્કૃત સંતતિને જન્મ આપવામાં આવે ? આ પ્રશ્નોની સંપૂર્ણ વ્યવસ્થા આ સંસ્કારમાં છે. ગાયત્રી પરિવાર દ્વારા સુવ્યવસ્થિત પુરોહિતો દ્વારા આ કર્મકાંડ આજે મોટા વ્યાપક રૂપમાં યોજવામાં આવે છે. ૨૧મી સદીમાં જો આપણે માતૃત્વને સ્વસ્થ જોવા ઇચ્છતા હોઈએ, તેમની ઉણપો દૂર કરવા ઇચ્છતા હોઈએ અને ગર્ભાવસ્થામાં થતાં વારસાગત અનેક રોગોથી બાળકોને બચાવવા ઇચ્છતા હોઈએ, તો આ સંસ્કાર યોજવા અનિવાર્ય માનવા જોઈએ. ભાવિ સદી રોગમુક્ત અને સંસ્કારવાન શ્રેષ્ઠ મહામાનવોની બને એ માટે આ સંસ્કાર જરૂરી છે.

છેલ્લા થોડા દિવસોમાં થયેલાં સંશોધનોને આધારે આજે જોવા મળતાં કેન્સર અને લોહીના દબાણના રોગો તેમજ માનસિક મનોવિકારોના મૂળમાં ગુણસૂત્રોમાં આવેલા દોષો કારણરૂપ છે. કેન્સરમાં એક જીન 'પી-૫૩'ની ભૂમિકા મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. જેમનામાં આ જીન બાલ્યકાળથી જ સ્વસ્થ સ્થિતિમાં હોય છે તેમના જીવનમાં કેન્સર રોગ કદી થતો નથી. જો પુંસવન સાથે અન્ય સંસ્કાર યજ્ઞ પ્રક્રિયાની સાથે વિધિસર યોજાતાં રહે તો બધા ગુણસૂત્રો શક્તિશાળી બની રહે છે અને કેન્સરની સાથોસાથ અન્ય રોગોથી બચાવીને તેનું શરીર અને મન સ્વસ્થ વિકસિત થવાની પ્રક્રિયા ગતિશીલ થતી રહે છે. આ સંશોધન આપણા ઋષિગણે આજથી હજારો વર્ષ પહેલાં કરેલું હતું, આજે ફરીથી આ જ સત્ય સ્થાપિત કરવામાં આવી રહ્યું છે.

વાસ્તવમાં જોઈએ તો પ્રત્યેક સંસ્કારના મૂળમાં એવા વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક સૂત્રો છે. જેને ધ્યાનમાં રાખીને એમની ઉપયોગિતા વિશે કોઈ પ્રકારની શંકા રાખવી જોઈએ નહીં. આ લક્ષ્યને દૃષ્ટિમાં રાખીને ૧૦૮ કુંડી યજ્ઞોની સાથોસાથ સંસ્કાર મહોત્સવો વિવિધ સ્થાનો પર યોજવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. ભારતવર્ષમાં કુલ ચારસો જિલ્લા છે. એ પૈકી લગભગ અઢીસો જિલ્લા સુધી ગાયત્રી પરિવારો પહોંચી ગયા છે. ગાયત્રી અને યજ્ઞના પર્યાયના રૂપમાં ગાયત્રી પરિવારે ત્યાં જવાનું છે. આ ક્ષેત્રોની ભૂમિ, વાતાવરણ તથા નરમાનવોમાં સુસંસ્કારોને જગાડવા માટે આ સંસ્કારો સઘન સ્તર પર યોજવાનું આપણા બધાનું મહત્વપૂર્ણ કર્તવ્ય છે. બાકીના દોઢસો જિલ્લા જે પૂર્વોત્તર ભારતના સાત પ્રાંતો, દક્ષિણના ચાર પ્રાંતો, મહારાષ્ટ્રનો દક્ષિણ ભાગ, પશ્ચિમ બંગાળ તથા ઘણે દૂરની ઉત્તર પશ્ચિમ ભારતની સરહદોના વિસ્તારોમાં આવેલાં છે. બાકીના આ જિલ્લાઓમાં સંસ્કાર કાર્ય હાથ ધરવાનું છે. આ વર્ષે આ કાર્યનું બીડું ઝડપવામાં આવ્યું છે. એ બધા વણસ્પર્શ્યા ક્ષેત્રોને ગાયત્રી મહાવિદ્યાની શબ્દ ઊર્જાથી, યજ્ઞવિજ્ઞાનની તાપ ઊર્જાથી અને સંસ્કાર પ્રક્રિયાની ચૈતન્ય ઊર્જાથી પ્રાણવાન કરીને સંસ્કૃતિની ભાગીરથમાં સર્વને સ્નાન કરાવવામાં આવશે. આશ્વમેધિક દિગ્વિજયના કાર્યક્રમરુપે યુગ સંધિ મહાપુરશ્ચારણની બીજી પૂર્ણાહુતિ સન્ ૨૦૦૧ ના વસંત પર્વ સુધી આ સંસ્કાર કાર્યક્રમો સતત ચાલતા રહેશે. જે વૈભવ ક્યારેક જગદ્ગુરુના રૂપમાં પ્રાપ્ત થતો હતો તે જ વૈભવ આ દેવભૂમિને પ્રાપ્ત થતો રહેશે. યજુર્વેદનું કથન છે. **"સા પ્રથમા સંસ્કૃતિ વિશ્વધારા"** પુનઃ પોતાની પુનરાવૃત્તિ કરનાર છે. સંધિકાળની આ વિષમ વેળામાં શ્રદ્ધા સંકટના વિનાશ માટે સંસ્કારોનું જાગરણ જ અનિવાર્ય માર્ગદર્શન પૂરું પાડશે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આજે જ્યારે સૂક્ષ્મ જગત ઝડપથી પ્રદુષિત થઈ રહ્યું છે અને સાંસ્કૃતિક સ્તર પર જનજનમાં વિકૃતિ જ વિકૃતિ દેખાઈ રહી છે ત્યારે તેનું સમાધાન દેવસંસ્કૃતિના આ ઉપચારોથી મળી શકે તેમ છે. આપણી બંને આરાધ્ય સત્તાઓના સૂક્ષ્મ સંરક્ષણ નીચે ગાયત્રી પરિવારના પ્રયાસો આ દિશામાં ગતિશીલ છે. સર્વ ભવિષ્યવેત્તાઓ દૃઢ નિર્ધાર સાથે કહી રહ્યા છે કે ૨૧મી સદીમાં આવનારા દસ વર્ષોમાં સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ચેતના જ સમગ્ર વિશ્વનું નેતૃત્વ કરશે અને આ પ્રક્રિયા ભારતમાંથી હાથ ધરાશે. આપણે બધાએ આ પ્રક્રિયાને બળવત્તર બનાવવા માટે આપણા પ્રયાસોને હવે તીવ્ર ગતિ આપવી જોઈએ અને '૨૧મી સદી ઉજ્જવળ ભવિષ્ય'ની યુગઋષિની ઘોષણાને સાકાર કરી બતાવવી જોઈએ.

## સંસ્કારોનું સિંચન

ખેતરમાં બીજ રોપતી વખતે આપણે જોયું હશે કે નાનું સરખું બીજ ખેતરમાં લગાવી દઈએ છીએ, નાનો સરખો છોડ ખેતરમાં લગાવી દઈએ છીએ તો તેની શરૂઆત ખૂબ જ નાની લાગે છે, પરંતુ જ્યારે વિકસિત થઈ તેનો પાક ઉતરે છે ત્યારે ઢગલાબંધ અનાજ પેદા થતું જોઈ શકાય છે. આપે મકાઈનો અને ડાંગર વગેરેનો છોડ ઊગતો જોયો હશે તે કેટલો નાનો સરખો હોય છે. પરંતુ તેનું પરિણામ આપણને ઘણું મોટું મળે છે. બગીચો બનાવતી વખતે નાની સરખી ડાળીઓ વાવવામાં આવે છે, પરંતુ જ્યારે તે બગીચો લીલોછમ બની વિકસિત થાય છે ત્યારે જે તે કોઈ સમયે કરેલું નાનું સરખું કામ કેવું મોટું ફળ આપતું જોઈ શકાય છે ?

અમે અમારા જીવનમાં હંમેશાં એવાં જ કાર્યો કર્યાં છે. ઊંચા ઉદ્દેશ માટે કરેલી નાની સરખી શરૂઆતનું વિશાળ અને વિરાટ પરિણામ આપણી સામે આવતું જોઈ શકાય છે. નાની ઉંમરના બાળકો જ તે આધાર છે કે જેના પર સંસ્કારોનું આરોપણ કરી શકાય છે. કાચી લાકડી કે સોટીને વાળી શકાય છે, પાકી લાકડીને વાળવી મુશ્કેલ છે, તોડી નાખવી આસાન છે. નાની ઉંમરમાં જો ધ્યાન રાખવામાં આવે તો બાળકોને મહાપુરુષ બનાવી શકાય છે. રામચંદ્રજી અને લક્ષ્મણજીને વિશ્વામિત્રજી નાની ઉંમરમાં જ લઈ ગયા હતા અને તેમને બલા-અતિબલા વિદ્યા શીખવીને મહામાનવ બનાવી દીધા હતા. સાંદીપની ઋષિના આશ્રમમાં ભગવાન શ્રીકૃષ્ણ પણ નાની ઉંમરમાં જ ગયા હતા, પરંતુ ત્યાંથી મહામાનવ બનીને આવ્યા હતા. લવ અને કુશનું શિક્ષણ પણ ત્યારે જ થઈ શક્યું હતું કે જ્યારે તેઓ બાલ્યાવસ્થામાં હતા. નાની ઉંમરનું ઘણું બધું મહત્ત્વ છે. મોટી ઉંમરે જો આ બધાને શિક્ષણ આપવામાં આવ્યું હોત તો કદાચ આટલું મોટું પરિણામ ન મળી શકત. જેટલું ઊંચા સ્તરનું શિક્ષણ નાની ઉંમરમાં શીખવવામાં આવે છે તેટલું ઉચ્ચશિક્ષણ મોટા થયા પછી તેટલા પ્રમાણમાં શક્ય નથી.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# .....અને હવે સંઘર્ષની રાહ પર

**સૃજન સૈનિકોની પરીક્ષાનો સમય :**

યુગ પરિવર્તનની, જનમાનસના ભાવનાત્મક નવનિર્માણની ઘડી નજીક આવી પહોંચી. અરુણોદયનો ઊષાનો પ્રકાશ પ્રાચીની સમીપ જ દેખાવા લાગ્યો છે. આપણે આ બ્રહ્મ મુહૂર્તમાં આળસ, પ્રમાદના ખાડામાં પડયા નહીં રહીએ, કમર બાંધી આગળ વધીશું અને કર્તવ્યોના પોકારને શિરોધાર્ય કરતા કરતા શૂરવીરો જેવું ખૂબ સાહસ ભેગું કરીશું. એમાં ત્યાગ બલિદાનનો પરિચય આપવો પડશે. તેના વિના આટલો મોટો સર્વજિત યજ્ઞ સફળ નહીં થઈ શકે. પરિજનોએ પ્રાથમિક પરીક્ષાઓ કેટલીય પાસ કરી છે. પ્રચારાત્મક, રચનાત્મક અને સંઘર્ષાત્મક શતસૂત્રી યોજનાના આમંત્રણનો લગભગ બધાએ સ્વીકાર કર્યો છે અને થોડું ઘણું યોગદાન બધાનું રહ્યું છે. જો એવું ન હોય તો ઉજ્જવળ ભવિષ્યની આશા કિરણો દરેકને વિશ્વાસ આપી રહી છે તેનો પ્રકાશ કોઈ પણ રીતે દૃષ્ટિગોચર થતો. પણ હવે શોધવા માટે પંચવટીથી લઈ રામેશ્વરમ્‌ની યાત્રા પૂરી થઈ ગઈ. રસ્તો માપવાનું, રોકાવાનું અને ભોજનનો પ્રબંધ કરવાનું નાનું કામ પૂરું થઈ ગયું. રીંછ, વાનર હવે એ તટ પર આવી પહોંચ્યા જ્યાં સેતુબંધ બાંધવાનો છે. જ્યાંથી સોનાની બનેલી ભયંકર અસુરોની શસ્ત્ર સરંજામથી સજેલી લંકા પર આક્રમણ કરવાનું છે. સંસ્કૃતિની સીતાને પાછી લાવવા માટે બીજો કોઈ ઉપાય નથી. 'હતો વા પ્રાપ્યસિ સ્વર્ગ જીત્વાવા ભોક્ષ્યસે મહીમ્' ની નીતિ અપનાવવી પડશે. તેના સિવાય બીજો કોઈ વિકલ્પ હવે રહ્યો નથી.

રાવણ અને કંસના સમયમાં અનેક સાધન સંપન્ન રાજા, યોદ્ધા, ધની, વિદ્વાન અને કુશળ. સમર્થ વ્યક્તિઓનો અભાવ ન હતો તે ઈચ્છતા તો હળીમળીને અસુરોના વિરુધ મોરચો ઉભો કરી શકતા હતા. મોગલકાળમાં અનેક શસ્ત્ર સજ્જિત સામંત હાજર હતા. તે ઈચ્છતા તો આક્રમણકારોને હળીમળીને હટાવી શક્તા હતા. ગાંધીજીના જમાનામાં ૬૦૦થી વધુ રજવાડા હતા, તેમની પાસે સૈનિક અને શસ્ત્ર પણ હતા, પણ તે બધા સાહસ ગુમાવી બેઠા હતા. ત્યાગ બલિદાનની માંગ પૂરી કરવાની તેજસ્વિતા તેમનામાં રહી ન હતી. ફળસ્વરૂપે મોગલોથી સડવા માટે ગાંધીના હથિયાર વગરના સત્યાગ્રહીઓના ઉપહાસાસ્પદ અને નગણ્ય સમજાનારા સમૂહને આગળ આવવું પડયું હતું. આજે પણ તેવી સ્થિતિ છે. સુયોગ્ય અને સમર્થ વ્યક્તિઓની કોઈ ખામી નથી. તે ઈચ્છે તો અજ્ઞાનના અસુરથી ઝૂઝવા માટે પોતાના તે સાધનોને આપી શકે છે, જે તેમના તુચ્છ સ્વાર્થોમાં લાગેલા છે. પણ એવું સંભવ નથી. સાધન સંપન્ન હોવાથી શું ? સામર્થ્યવાન હોવાથી શું બને ? તેમના હૃદય બહુ જ સાંકડા અને કંજૂસ છે. સંગ્રહ અને ઉપભોગ સિવાયની વાત વિચારવી તેમની કંજૂસ ચેતના માટે સંભવ નથી. આદર્શ પ્રસ્તુત કરવા માટે જે ભારે સાહસની જરૂર પડે છે, તેને ભેગું કરવું કદા જ સંભવી શકે. મનુષ્ય જીવનનાં લક્ષ્ય અને સફળતાનાં રહસ્ય જેમણે માળા ફેરવવા અને કર્મકાંડોના દેખાવ સુધી સીમાબધ્ધ કરી લીધા હોય, તે સસ્તામાં બધું જ મેળવવાની વાત વિચારે છે. માનવી ગરિમાને સહી સલામત રાખવા માટે જે મોંઘી કિંમત ચૂકાવવી પડે છે, તેને તે કેવી રીતે એકઠી કરી શકશે, સમર્થ અને સાધન સંપન્ન હોવાથી શું થયું તેમની આંતરિક ઉદાસી એટલી ઉંડી છે કે તે સાહસની અપેક્ષા તેમનાથી ન કરી શકાય જે મહામાનવોની હરોળમાં બેસનાર, માનવી ગૌરવને પ્રતિષ્ઠા આપનાર આદર્શવાદી લોકોએ આપવી પડે છે.

આ સેતુબંધ આપણે રીંછ, વાનર જ મળીને બાંધીશું. આ ગોવર્ધન ઉઠાવવામાં આપણે ગ્વાલ બાળ જ પોતાની લાઠી લગાવીશું. સમુદ્ર પાર કરવા માટે ખિસકોલી પોતાના વાળમાં રેતી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભરી લઈ જતી હતી અને પાણીમાં નાંખતી હતી, ટિટોડીએ ઇંડા પાછા મેળવવા માટે ચાંચમાં માટી ભરી સમુદ્રમાં નાંખવાનો ક્રમ કર્યો હતો. નિસંદેહ આ પ્રયાસ બુધ્ધિમાન ગણાતા લોકો માટે મૂર્ખતાપૂર્ણ હતો. પણ જ્યારે બુધ્ધિમાની પોતાના સ્થાન પર જીવિત છે તો બીચારી આદર્શવાદી મૂર્ખતાએ પણ જીવિત રહેવું જોઈએ. આપણે ગર્વ અને ગૌરવ સાથે આ દુસ્સાહસ ભરી 'મૂર્ખતા'નો પરિચય આપવો જોઈએ. જેમાં આપણે પોતાની પાસે જે કંઈ છે તેને યુગ દેવતાના ચરણોમાં સમર્પિત કરવાનું છે. અજ્ઞાનના અસુર એના વગર મરે નહીં. વૃત્તાસુર વધનો એક જ ઉપાય હતો-દધીચિના અસ્થિઓનું વજ. તે મહામુનિએ એ સંદર્ભમાં સંકોચ ન રાખ્યો. આમ તો સોચ વાગવાથી પણ કષ્ટ થાય છે. અસ્થિદાનમાં એમને પણ પીડા તો થઈ હશે પણ આદર્શોની સ્થાપના માટે એનાથી ઓછામાં કામ ચાલ્યું પણ નથી. રીંછ, વાનર પોતાના જાન બચાવતા તો લંકા વિજય સંભવ ન હતો. ધર્મ યુદ્ધમાં પાપ મરે તો છે પણ ત્યારે મરે છે જ્યારે ધર્મવીરોના ત્યાગ બલિદાનની સાચી પરખ કરી લે છે. આજે પણ ઈતિહાસની તે પુનરાવૃત્તિના સિવાય બીજો કોઈ માર્ગ નથી.

યુગ સૈનિકોની ભૂમિકા તો તે જ નિભાવી શકે છે જેના શરીરમાં જુસ્સો હાજર છે. જે શરીર અને મનથી સમર્થ છે. આ રીતની ભાવનાશીલ તથા પ્રબુદ્ધ જનશક્તિની વધુને વધુ જરૂર છે. સડેલા, ગળેલા, અડધા પાગલ, હરામખોર અને દુર્વ્યસની તો સાધુ બાબાઓના અખાડાઓમાં એવા તો ખૂબ પડ્યા છે. યુગ દેવતાને તો તે પ્રખર જનશક્તિ જોઈએ જે પોતાનો બોજ કોઈના પર ન નાખે પરંતુ બીજાને પોતાના બળવાન હાથોથી ઊંચા ઉઠાવવામાં સમર્થ હોય. ગાયત્રી પરિવારમાંથી એવી જ જનશક્તિનું આહ્વાન કરવામાં આવી રહ્યું છે.

કાપ, કૂપ, સુધાર અને પરિવર્તનની આ પ્રક્રિયા આધ્યાત્મિક ભાષામાં રુદ્ર કહેવાય છે. ઉત્પાદન અને અભિવર્ધનની સાથે-બ્રહ્મા અને વિષ્ણુની સાથે આ કાપકૂપ અને વિનાશની રુદ્ર પ્રક્રિયા પણ અતૂટ રૂપે જોડાયેલી છે. નિર્માણ માટે કંઈક વિનાશ પણ કરવો પડે છે. યોગ્યતાની વૃદ્ધિ, અયોગ્યતાના વિનાશની સાથે સંબદ્ધ છે. આપણી વિચાર પધ્ધતિ અને આચરણ પ્રક્રિયા અસામાજિક અને જીર્ણ શીર્ણ થઈ ગઈ છે. વિદેશી દાસતા અને દુઃખ ભરેલ અંધારી આલમોએ આપણને વધુ પતનમાર્ગી બનાવી દીધા. ફળસ્વરૂપે વ્યક્તિ અને સમાજની જે વિકૃતિઓ ભરી દશા આજના દિવસોમાં છે તે પરિવર્તિત કર્યા વગર કામ નહીં ચાલી શકે. આપણે તે ગતિની કંગાળિયત પર આવી ઊભા છીએ જ્યાંથી પાછા પગે વળવા સિવાય બીજો કોઈ ઉપાય નથી.

પતનમાર્ગી પ્રવાહને સીધા રાહ પર લાવવું મુશ્કેલ છે. જેને હરામ ચસ્કો લાગે છે તે સહેજે પોતાની આદતોથી છૂટી શકતા નથી. અસુરતા સમજાવા-પટાવાથી નથી માનતી, તેને પછાડવા માટે કંઈક ભારે પગલાં ઉઠાવવા પડે છે. ચોર, ડાકૂ હત્યારા, તસ્કર અને અસુર પણ વગર દંડે પોતાની દુષ્ટતા રોકતા નથી. આ સંસારમાં અસુરતાની પ્રવૃત્તિઓ પણ છે જ. તેનાથી લડી શૌર્ય, સાહસ, પુરુષાર્થ અને પરાક્રમનો અભ્યાસ બનાવી રખાય એ દૃષ્ટિએ ઈશ્વર કંદાચ કંઈક ઉપયોગિતા પણ તેમની સમજ્યા હશે.

નવ નિર્માણના પુણ્ય પ્રયોજનમાં પણ અવાંછનીયતાની સાથે સંઘર્ષ કરવો જ પડશે. વ્યક્તિગત જીવનની વિલાસિતા દુર્બુદ્ધિ, સ્વાર્થવૃત્તિ અને સંકુચિતતાથી લઈ સમાજમાં દરેક ક્ષેત્રમાં જે અનાચાર, ભ્રષ્ટાચાર જમાવી બેઠા છે, તેને લડ્યા વગર નહીં હટાવી શકાય. જ્યાં સજ્જનતાના બીજ હાજર છે ત્યાં સમજાવા-પટાવાથી, પ્રાર્થના વિનયથી કામ ચાલી શકે છે પણ જ્યાં પશુતા અને અસુરતાએ બહુ ઊંડી જડ જમાવી છે ત્યાં પ્રતિરોધ સંઘર્ષ સિવાય કોઈ માર્ગ નથી. દ્રોણાચાર્ય ખભા પર ધનુષ બાણ અને હાથમાં ધર્મગ્રંથ લઈ ચાલતા હતા. આ સાધનો ધારણ કરવાનું કારણ પૂછ્યું તો તેમણે કહ્યું કે સજ્જનો માટે શાસ્ત્રો અને દુર્જનો માટે શસ્ત્રોની જરૂર પડે છે.

એક બહુ મોટો દુષ્ટ વર્ગ છે જે આ સતોગુણી માધ્યમથી પ્રભાવિત નથી થતો તેને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નિયંત્રિત કરવા માટે પ્રતિરોધ અનિવાર્ય થઈ જાય છે. ભગવાનના ૧૦ કે ૨૪ અવતારોની કથાઓથી એ પ્રગટ થાય છે કે સંઘર્ષ પણ એ સચ્ચાઈ છે જેની ઉપયોગિતા નકારી શકાતી નથી. ઋષિઓનાધર્મોપદેશ જે ક્ષેત્રમાં પોતાનું પ્રયોજન પૂરું નથી કરી શકતા ત્યાં દંડની કઠોર પ્રક્રિયાએ સામે આવવું પડે છે. બધા અવતારોએ તે અસુરતાથી સંઘર્ષ અને હટાવવાનો ક્રમ અપનાવ્યો જે ઋષિઓ અને સંતોની પહોંચથી બહુ આગળ વધી ગયા હતા. આ સ્થિતિમાં ઝૂઝવા અને હરાવવા સિવાય કોઈ ઉપાય ન હતો. સંઘર્ષથી ડરવાની જરૂર નથી. તે પણ જીવનની અનિવાર્ય જરૂરત છે. સીધી આંગળીએ ઘી ક્યાં નીકળે છે. સમુદ્રએ ત્યાં સુધી રસ્તો ન આપ્યો જ્યાં સુધી રામચંદ્રજીએ ગુસ્સામાં ધનુષ ન તાણ્યું. અનાચાર તથા અવાંછનીયતા વિરુદ્ધ છાતી કાઢી ઉભા રહેવું અને સમતુલિત મન રાખી ન્યાયપૂર્ણ સંઘર્ષ માટે આપણે કટિબધ્ધ થવું જોઈએ. નવ નિર્માણ જેવા પ્રખર પ્રયોજન માટે તો આ પ્રકારનું સાહસ અનિવાર્ય છે.

**સંઘર્ષ હેતુ પાંચજન્ય ઘોષ :**

ઠંડીના દિવસ ૨૦ ડિસેમ્બર ૧૯૮૯ના બપોરે પરમ પૂજ્ય ગુરુદેવનો જે વિસ્તારમાં આવાસ હતો, તેના ત્રીજા માળના ધાબામાં તડકામાં બેસાડી શિષ્યગણોને ભવિષ્ય સંબંધે નિર્દેશ આપી રહ્યા હતા. અચાનક પૂજ્યવર બોલ્યા-''હવે શાંતિકુંજનું નામ ક્રાંતિકુંજ હોવું જોઈએ કેમ કે એ આખીધરતીના પરિવર્તનની ધરી બની રહેલ છે. ભલે તમે નામ ન બદલો પરંતુ એ માની ચાલજો કે એ મહાકાળનો માળો છે. ભગવાનની પ્રેરણા છે કે તે આપણી મદદથી હજારો વર્ષોનું કલંક ધોઈ સાફ કરી દે. ભગવાનની આ ઈચ્છાને સુસંસ્કારિતા સંપન્ન પ્રજ્ઞા પૂત્ર પૂરી કરશે તથા સહાયતા માટે મહાકાળ તૈયાર રહેશે.

હરિદ્વારથી પ્રખર પ્રજ્ઞા તથા સજલ શ્રધ્ધાના આગમન સાથે જ પાછલા વર્ષની ગાયત્રી જયંતીએ પૂજ્ય ગુરુદેવે અમારા મન મસ્તિષ્ક તથા અંતઃકરણમાં જે ક્રાંતિની ચિનગારી ઉત્પન્ન કરી છે તે અમને હમેશા બેચેન કરે છે. પૂજ્યવરથી પ્રાપ્ત સૂક્ષ્મ સંકેતો તથા પ્રેરણાઓના આધાર પર અમે હવે યુગ નિર્માણનું ત્રીજું ચરણ મહાસંગ્રામ છેડવાની યોજના બનાવી છે. આ યોજના પૂજ્યવરે નવેમ્બર ૭૧માં આપી હતી. એને કાર્ય રૂપમાં ફેરવવાનો હવે બરોબર સમય આવી ગયો છે.

મૂઢ માન્યતાઓના વિરુદ્ધ એક ગૃહયુદ્ધ જેવા સામાજિક મોરચા ઉભા કરવા પડશે. એક તરફ મૂઢ માન્યતાઓના પોષક પરંપરાવાદી હશે બીજી તરફ પ્રગતિશીલ ન્યાયનિષ્ઠ. આ કુરીતિઓ વિરુદ્ધ ભાષણો લેખોથી કામ નહીં ચાલે પરંતુ રૂઢિઓ સામે ખુલ્લેઆમ ટક્કર લેવી પડશે. આ સંદર્ભમાં વિરોધ, બહિષ્કાર, અસહયોગ, સત્યાગ્રહ, જેવા પ્રતિરોધાત્મક અસ્ત્ર ઉપયોગમાં લાવવા પડશે. જૂના જમાનામાં રાક્ષસ શરીરધારી હતા અને તેનાથી લડવું પડતું હતું પણ હવે તો અસુરતાના પિશાચ સર્વગ્રાહી, સર્વવ્યાપી, સર્વભક્ષી બની સર્વત્ર સમાયેલા છે. અનાચારના આ નિરાકાર મહાદૈત્ય સામે ઝૂઝવું મુશ્કેલ છે, પણ લડ્યા વિના કોઈ માર્ગ પણ નથી. નવ યુગ લાવવા માટે આ સર્વવ્યાપી દાનવતા સામે ડગલે પગલે લડવું પડશે અને એનાથી ઈંચ ઈંચ ભૂમિ પાછી લેવી પડશે.

પોતે પોતાનામાં, પરિવારમાં, પડોશમાં, નગર સમાજ, દેશ અને વિશ્વમાં અનીતિની જે ભરતી આવેલી છે તે પર બંધ બનાવવા માટે ગોવર્ધન ઉઠાવવામાં સહાયક ગ્વાલબાળોની માફક આપણે પણ લાઠીનો સહારો આપવો પડશે. સંસ્કૃતિની સીતાને ભૌતિકતાના મહાદૈત્યથી છોડાવવા માટે આપણે રીંછ, વાનરોની ભૂમિકા પ્રસ્તુત કરવી પડશે. જ્યાં વ્યક્તિગત રૂપે કામ ચાલે ત્યાં એકલા લડવું સમૂહમાં ઉગરવા માટે સંગઠન શક્તિ જોઈએ તો તેના માટે યુગ સેનાનું સંગઠન કરવું જોઈએ. અપરાધ અને અનાચારના, અન્યાય અને અવિવેકના, મૂઢતા અને દુષ્ટતાના દરેક મોરચા પર લડવા માટે દરેક જગ્યાએ એવા શૂર સાહસી જોઈએ જે અસુર સાથે ટકરાવામાં જે વાગે છે તે ખુશીથી સહેવા માટે તૈયાર થઈ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આગળ આવે.

પ્રદર્શન, પ્રતિરોધ, બહિષ્કાર, અસહયોગ, ધિક્કાર, સત્યાગ્રહ, ઘેરાવ, અનશન જેવા અનેક અસ્ત્ર ડગલે પગલે સમસ્ત વિશ્વમાં લડવા માટે ભાવી મહાભારતમાં મુખ્ય રૂપે પ્રયુક્ત હશે. ક્યાં, કયા મોરચા પર કયા શસ્ત્રનો કેટલી માત્રામાં કેટલો ઉપયોગ કરવામાં આવે એ સંઘર્ષ નાયકની સૂઝબૂઝ તથા સ્થિતિના અનુરૂપ રણકૌશલ પર નિર્ભર રહેશે. પોતાનું સામાન્ય કામકાજ કરતાં કરતાં સ્થાનીય અનાચારથી લડવા માટે થોડો સમય આપનારા તથા છાવણીઓમાં રહી પૂરો સમય લગાવવા અને પૂરો માર ખાવા પ્રસ્તુત પૂરો સમય આપનાર સત્યાગ્રહી બંનેની જરૂર પડશે. જેની ભરતી તથા વ્યવસ્થા હવે આરંભ કરી રહ્યા છીએ.

આ આપત્તિકાળ છે. તેમાં આપત્તિ ધર્મનું જ પાલન કરવું જોઈએ. આપત્તિ ધર્મનું તાત્પર્ય છે સામાન્ય સુખ સુવિધાઓની વાત એક બાજુ રાખી તે કરવામાં લાગી જવું જેના માટે મનુષ્યની ગરિમા ભરેલી અંતરાત્મા પોકારે છે. આજે કોઈ જાગૃત આત્માએ એ વિચારવું ન જોઈએ કે તેનો વૈભવ કેવી રીતે વધે, કુટુંબ કેવી રીતે ફેલે ? આજે ન પદવીધારી બનવાની જરૂર છે અને ન તો મોટા માણસ ગણાવા માટે ચિત્રવિચિત્ર ઉછળકૂદ કરવાની. શાંતિનો સમય હોત તો એ બાળક્રીડાઓ કોઈને કોઈ રીતે માફ કરાતી, આછકલા, અધૂરા લોકો જો આવી બાબતોમાં રચ્યા પચ્યા રહેતા તો કોઈ વાત નહીં, પણ વરિષ્ઠો પર ઊંચા સ્તરનું દુઃખ ભાગદોડ કરે તો તેમની વિશિષ્ટતા પર લાગેલ કલંક ગ્રહણ જ કહેવાય. તેમણે કેવળ એક જ વાત વિચારવી જોઈએ કે સમયની જે માંગે જાગૃત આત્માઓના કાન પકડી ઢંઢોળ્યા છે, જવાબમાં તેમણે યોગ્ય કામ કરવાનું છે.

**શપથ શ્રધ્ધાંજલિ સમારોહ :**

આ ગાયત્રી જયંતી ( ૧૫ જૂન ૧૯૯૭ )ના પૂજ્યવરના મહાનિર્વાણ દિવસ પર શાંતિકુંજ, હરિદ્વારથી આવેલ પ્રખર પ્રજ્ઞા-સજલ શ્રધ્ધાનું નિર્માણ પૂર્ણ થતા ઋષિ યુગ્મના ચરણોમાં હજારો પ્રાણવાન હીરાઓ શપથ શ્રધ્ધાંજલિ સમારોહમાં પોતાની શ્રધ્ધાંજલિ સમર્પિત કરશે. આ સમારોહમાં કેવળ કામના માણસો-પ્રાણવાન હીરાઓને આમંત્રિત કરવામાં આવી રહ્યા છે. આ પાવન અવસર પર આંદોલનાત્મક સંઘર્ષની રૂપરેખા સૃજન સૈનિકો સન્મુખ રાખવામાં આવશે. અમારો બધા આત્મીય પરિજનોને અનુરોધ છે કે પોતાના ક્ષેત્રના બધા જુસ્સાવાળા સંઘર્ષશીલ પરિજનોને અમારો સંદેશ પહોંચાડે તથા આ આંદોલનોમાં સક્રિય તથા પ્રભાવી ભૂમિકા નિભાવવા તત્પર સૃજન સૈનિકોના નામ તથા સરનામા તરત મોકલે જેથી અમે તેમને આમંત્રિત કરી શકીએ. જે પરિજન કોઈ પરિસ્થિતિવશ અહીં આવી ન શકે પરંતુ યુગ સેનામાં સૈનિકની ભૂમિકા નિભાવવા માટે શપથ લેવા માંગે તે અહીં પત્ર મોકલી શપથ પત્ર મંગાવી લે. દરેક ક્ષેત્રમાં યુગ સેનાની છાવણીઓ નિર્મિત કરવાની છે. યુગ પરિવર્તન માટે આ આંદોલન પ્રારંભ કરવાની યોજના છે.

**રચનાત્મક કાર્યક્રમ :**

૧. આસ્તિકતા સંવર્ધન
૨. નારી જાગરણ આંદોલન
૩. સ્વાસ્થ્ય સંવર્ધન આંદોલન

**સંઘર્ષાત્મક આંદોલન :**

૧. વિવાહમાં અપવ્યય પ્રતિરોધ આંદોલન
૨. કુરીતિ દૂર કરવા માટે આંદોલન
૩. વ્યસન મુક્તિ આંદોલન
૪. સત્પ્રવૃત્તિ સંવર્ધન-દુષ્પ્રવૃત્તિ હટાવવાનું આંદોલન

કોણ સૈનિક કયા કયા આંદોલનોમાં સક્રિય ભૂમિકા નિભાવવા માટે સ્વયંને સમર્પિત કરશે, એ વિચાર કરી લે. કોઈ પણ આંદોલનમાં ભાગ લેનાર સૈનિક પોતાની સેનાને સંગઠિત, સશક્ત તથા વિશાળ બનાવવાનો પ્રયાસ કરે. બતાવેલ આંદોલનોની રૂપરેખાનું પત્રક તૈયાર કરવામાં આવી રહેલ છે. ઉપર મુજબના આંદોલનો પર પોકેટ સાઈજ પુસ્તકો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. તમારા સૌના ઉજ્જવળ ભવિષ્યની કામના ગાયત્રી માતાને કરીએ છીએ.

**-પં૦ લીલાપત શર્મા**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## આત્મીય અનુરોધ

# પ્રખર પ્રજ્ઞા-સજલ શ્રધ્ધા સ્મારકના ઉદ્ઘાટન પ્રસંગે નિષ્ઠાવાન પરિજનોને ભાવભર્યું આમંત્રણ

**અમારા આત્મીય ભાઈઓ-બહેનો.**

પરમ પૂજ્ય ગુરૂદેવે સમયે સમયે જે પણ મહત્વપૂર્ણ જવાબદારી અમને સોંપી તેમાં સફળતા અમારી યોગ્યતા તથા ક્ષમતાના લીધે સંભવીત ન હતી. અમારી સ્થિતિ શંખ જેવી રહી છે. શંખમાં વાગવાનુ પોતાનું આગવું સામર્થ્ય નથી હોતું તેને તો કોઈ બીજું જ વગાડે છે. અમારી વિશેષતા બસ એ રહી કે અમે પોતાની જાતને ખાલી કરી શકીએ. જો અમે વ્યક્તિગત કામનાઓ,તૃષ્ણાઓ તથા મહત્વકાંક્ષાઓથી ભરેલા હોત તો સંભવ છે તે પ્રેરક સત્તા માટે આ કઠિન હોત કે અમારા શરીરથી કંઈક મહત્વપૂર્ણ કાર્ય કરાવી શકે. સાચો શિષ્ય પોતાને ખાલી રાખે છે. ત્યારે જ તેનું સમર્પણ સાર્થક થાય છે. જે રીતિ નીતિ પૂજ્ય ગુરુદેવના સાનિધ્યમાં રહી શીખ્યા તેને ભવિષ્યમાં બદલવી અમારા માટે સંભવ નથી. વંદનીયા માતાજીએ અમારી બીમાર અવસ્થાને સ્વાસ્થ્યમાં બદલી જે જીવન આપ્યું છે તેને તેમની પ્રેરણાથી પ્રાણવાન હીરાનો એક હાર બનવામાં વ્યતીત કરવા માંગીએ છીએ. સ્નેહ સલિલા માતાજીએ અમને જે વાત્સલ્ય અને મમતાથી ભર્યા તેવી રીતે અમે પોતાના પરિજનોને સ્નેહ અને આત્મીયતાથી પોષિત કર્યા છે. અમે પોતાના તે ભાઈઓ અને બહેનો ને કદી ભૂલી નહીં શકીએ જેમણે અમને કુટુંબીઓથી પણ વધુ સ્નેહ તથા સન્માન આપ્યું છે. અમારૂં હૃદય એ ભાવનાથી ગદ્ગદ્ થઈ જાય છે કે કેવી રીતે અમારા સંકેતો પર પરિજનોએ મોટામાં મોટા ત્યાગ અને પુરુષાર્થ કરવામાં પણ સંકોચ નથી કર્યો. જ્યાં વાળ્યા ત્યાં વળતા રહયા, જે કહયું તે માનતા રહયા, જ્યાં ચલાવ્યા ત્યાં ચાલતા રહયા. પરિજનોના આ ઋણથી મુક્ત થવું આ જીવનમાં સંભવ નથી. અમારી હાર્દિક અભિલાષા છે કે અમે પોતાના પરિવારોમાં પોતાના ભાઈ બહેનો અને બાળકો માટે એક સંપત્તિ વારસાના રૂપમાં મૂકી જઈએ. લોકો પોતાના વારસદાર માટે મકાન, મિલ્કત, સોના, ચાંદી ધન આદિ મૂકતા જાય છે. પણ અમે તે યુગ પુરુષના શિષ્ય , તેમની ગરિમાને અનુરુપ તેમના વિચારોને તમારા પરિવારમાં જ્ઞાન મંદિરનાં રૂપમાં સ્થાયી રૂપથી સ્થાપિત કરવા માંગીએ છીએ જેથી પૂજ્યવરનુ ચિંતન તમારા તથા તમારા બાળકોના જીવનને પ્રકાશવાન કરતું રહે તથા પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં માર્ગદર્શન કરતું રહે . પરિવારના મુખિયાની જવાબદારી ફકત એ નથી કે તે પરિવારજનોના ભોજનં, રહેઠાણ, શિક્ષા,ચિકિત્સા આદિની જ વ્યવસ્થા કરે, તેમણે પરિજનોની માનસિક તથા ભાવનાત્મક વિકાસની જવાબદારી પણ ઉઠાવવાની હોય છે. ઘરમાં એક દેવ મંદિર જેટલુ જરુરી છે તેનાથી કંઈક વધારે જ્ઞાનમંદિર. બંને એકબીજાના પૂરક છે. આ બંનેનો સમન્વય પરજિનોના ચિંતન તથા ભાવનાનો સુધાર કરતો રહે છે.

પરમ પૂજ્ય ગુરૂદેવની આકાંક્ષાને અનુરૂપ અમારા સમસ્ત ક્રિયાકર્મોનું કેન્દ્ર પૂજ્યવરના ચિંતનને સમાજમાં ફેલાવવાનું છે. સંસારની સમસ્ત સમસ્યાઓની જડ દુષ્ચિંતન અને દુર્ભાવના છે. જેનું સમાધાન છે વિચારક્રાંતિ. મનુષ્યના ખરાબ વિચારોને સારામાં ફેરવવાથી વધીને બીજી કોઈ સમાજ સેવા નથી. બધી સામાજિક ક્રાંતિઓના મૂળમાં વિચાર પરિવર્તન રહયું છે. આગળના દિવસોમાં મહત્વપૂર્ણ ક્રાંતિઓ યુદ્ધસ્તરે પ્રારંભ થશે. તેમાં આસ્તિકતા સંવર્ધન , આદર્શ વિવાહ આંદોલન, મહિલા જાગરણ, વ્યસન મુક્તિ, કુરીતિ નાબૂદી દુષ્પ્રવૃતિ નાબૂદી, સત્પ્રવૃતિ સંવર્ધન તથા સ્વાસ્થય સંવર્ધન મુખ્ય છે. આ ક્રાંતિઓ માટે વૈચારિક વાતાવરણ બનાવવાના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હેતુએ ઓછી કિંમતની પોકેટ બુકસ પ્રકાશિત કરવામાં આવી રહી છે. જે **ન નફો ન નુકશાન** ના સિદ્ધાંત પર તૈયાર કરવામાં આવે છે. મોટી પુસ્તકો વાંચવામાં સમયનો અભાવ તથા અરૂચિને જોતાં આ લઘુ પુસ્તકમાળા પ્રકાશિત કરી છે.

**હવે અમારે કામના માણસો જોઈએ.**

સભા, સંમેલન, સરઘસ, પ્રદર્શનો માટે ભીડ કરવી પડે છે. કેટલાક વ્યક્તિઓ તેને સફળતાનું ચિન્હ માને છે પરંતુ અમારો દૃષ્ટિકોણ અલગ છે તેથી વિચાર્યું છે કે આવી જ ભીડ વધારવાથી પ્રદર્શન તો વધશે પણ મિશનની પરિપક્વતામાં સહાયતા નહીં મળે. તેથી કામના માણસો વધારવામાં આવે.

વિચારોની શક્તિ અને ઉપયોગીતા સમજનારા લોકો આ વિશાળ ભીડમાંથી શોધવામાં આવે. જે સ્વયં પ્રકાશ પૂર્ણ બૌદ્ધિક પ્રખરતાને સાંભળવા, સમજવા માટે તૈયાર નથી તે ભલા બીજાને શું કહી કે સાંભળી શકશે અને શું પોતાના જીવનમાં પ્રખરતા લાવી શકશે?

યુગ સાહિત્ય અમારી ભાવનાઓ અને વિચારણાઓનું દર્પણ છે, એને વાંચવાથી જેનામાં રૂચિ, આકાંક્ષા ન જાગી શકે તો તે શરીરથી અમારી નજીક ભલે હોય પણ ભાવનાત્મક દૃષ્ટિથી હજારો કોસ દૂર છે.

આ મહાન અભિયાનની સફળતા માટે યુગ પરિવર્તન માટે, સૂક્ષ્મ વાતાવરણ અનુકૂલનની જરૂર છે. તે કઠોર તપશ્ચર્યા દ્વારા જ સંભવી શકે. એ નિશ્ચિત છે કે યુગ નિર્માણ આંદોલન બહુ જ પ્રખર પ્રચંડ રૂપથી ઉઠશે અને પૂર્ણ સફળ થશે. સફળતાનું શ્રેય કઈ વ્યક્તિઓને અને કઈ સંસ્થાઓને મળશે એનાથી કશું બનતુ બગડતું નથી પણ થશે નિશ્ચિત રૂપથી.

હવે ફોગટ વાતોનો જમાનો નથી રહયો. વધારે બોલવાથી અને લખવાથી જનતાનું મનોરંજન માત્ર જ થઈ શકે છે. પ્રભાવ તેનો પડે છે જે કંઈક સ્વયં કરે છે. જનમાનસને ત્યાગ બલિદાનની પ્રેરણા આપી શકવાની આવશ્યક્તા કેવળ તે જ પૂરી કરી શકે જે પહેલેથી પોતાના જીવનમાં એવું કંઈક કરી શકવાની પોતાની પ્રમાણિકતા સિદ્ધ કરી ચૂકયા હોય.

પૂજ્ય ગુરૂદેવની ભાવનાઓને અનુરૂપ કાર્ય કરવા માટે તૈયાર પ્રાણવાન પરિજનોના ખભા પર આ જવાબદારી અમે સોંપવા માંગીએ છીએ. તેના માટે અમને પ્રાણવાન, ત્યાગી અને બલિદાની વીરોની જરૂર પડશે. જે પરિજન પૂજ્યવરની ઈચ્છાઓને આદેશ માની દરેક ત્યાગ અને બલિદાન માટે તૈયાર હશે તે જ પ્રજ્ઞાપુત્ર,.યુગ શિલ્પી, સૃજન સૈનિક કહેવડાવવાનું ગૌરવ પ્રાપ્ત કરી શકશે. અમારી અભિલાષા છે કે કરોડોની ભીડ કરતા કંઈક કામના સાથી સહચર પસંદ કરી અને તેમની સાથે ઘનષ્ઠિ સંપર્ક બનાવી પૂજ્યવરના સ્વપ્નોને સાકાર કરવા માટે અસુરત્વ પર અંતિમ અને પ્રબળ આક્રમણ કરી દઈએ. પોતાના આત્મીય પરિજનોને મોટા ભાઈના સંબંધે આ અનુરોધ છે કે પોતાના અંતરાત્માની સહમતિથી સ્વેચ્છાથી જે ભાઈ અમારા સહયોગીના રૂપમાં કાર્ય કરવા તૈયાર હોય તે ગાયત્રી જયંતી પર આયોજિત થનાર શપથ શ્રદ્ધાંજલિ સમારોહમાં સામેલ થવા માટે નામ સરનામા તરત મોકલે અમારી અભિલાષા આવા ૧૦ હજાર પ્રાણવાન હીરાનો હાર આ પાવન અવસર પર ઋષિ યુગ્મના પ્રતિક સજલ શ્રદ્ધા-પ્રખર પ્રજ્ઞાના ચરણ કમળોમાં સમર્પિત કરવાની છે. આ પ્રાણવાન હીરાનું એક સંમેલન ગાયત્રી જયંતી પર પ્રખર પ્રજ્ઞા-સજલ શ્રદ્ધાના પૂજન સાથે પ્રારંભ થશે.

તેમાં અમારા પ્રાણવાન ભાઈ બહેન પૂજ્યવરના વિચારોને સાહિત્યના માધ્યમથી ઘેર-ઘેર પહોંચાડવા તથા દુનિયાની ઈંચે-ઈંચ ભૂમિ ને ઋષિ યુગ્મની ભાવનાઓથી અભિસિંચિત કરવા માટે શપથ ગ્રહણ કરશે.

અમારો આ અનુરોધ વધુમાં વધુ ભાઈ-બહેનોને વંચાવી વિચાર ગોષ્ઠી કરી નજીકની શાખાઓમાંથી પ્રાણવાન જાગ્રત આત્માઓને શોધી ગાયત્રી જયંતી પર અહીંયા આવવા પ્રેરણા આપશો. આશા છે હંમેશાની માફક તમારો સહયોગ મળશે.

**-પં૦ લીલાપત શર્મા**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.